
# બાબી રાજવંશના ગીતો



- ડૉ.પ્રદ્યુમ્ન ભ. ખાચર

# ડો.પદ્યુમ્ન ભ.ખાચર
# (સંપાદિત)
# 'જૂનાગઢના  બાબી રાજવંશના ગીતો'

આવા ગુજરાતી,હિંદી,અંગ્રેજી ,ઉર્દુ  ૪૦૦ જેટલા ગીતો સંગ્રહિત કર્યા છે.


ડો.પદ્યુમ્ન ભ.ખાચર
"રવિકુંજ"
દીપાલી પાર્ક. ૧, ઝાંઝરડા રોડ ,
જૂનાગઢ ૩૬૨૦૦૧ મો.૯૮૭૯૪ ૨૧૦૨૫
pkhachar@gmail-com

ડો.પ્રદ્યુમ્ન ભ.ખાચર
અધ્યક્ષ,
ઈતિહાસ વિભાગ,
ડો. સુભાષ મહિલા કોલેજ,
જૂનાગઢ ૩૬૨૦૦૧.


## પ્રગટ પુસ્તકઃ   બાબી રાજવંશના ગીતો

### ૨—નવાબ મહાબતખાનજી ત્રીજાના રાજયાભિષેક વખતે રચાયેલ ગીતો,

### (૧) કવિ રણછોડભાઈ પુરૂષોતમભાઈ——જૂનાગઢ.

મહાબત નરેશ કી તેરી કોન હે સમાન આજ,
દતા નૃપ રાજ કવ્ય દેન માનદાતા તું
ખંડખંડ ખ્યાતા ઓ વિખ્યાતા સમરથ વીર,
મહાગુન જ્ઞાતા જગ જાહીર જનતા તું,
જાતા કવ્ય ગાવે કો અસંખ્ય ગુન આતા અરૂ,
સિંધુ પાર પુગ્યો જશ દ્વીપ ઘર શાતા તું,
કહે રણછોડ કબુ અનાદર હોતા તોયે,
અસંતોષ નોત મોકુ હોત જો અદાતા તું,
દેતે સતકાર ખાન મહાબત નરેશ આજે,
પસયો જહાન જશ કુલીન કહાતા તું,
કલિ વર્તમાન વામે કર્ણભોજ વિક્રમ જવું,
છત્રી બટ બીર તાકો ઘુમંડ જનાતા તું,
ધર્મ ઉર ધીરજ ભંડાર જ્ઞાન હુકો આપ,
રસુલખાન લાલા બાબી કુલ કો ઉજાલાતું
કહે રણછોડ કવિ આશરો તું હારો મેરે,
ઓરકુન યાચુ મેરો પ્રાણ સુખ દાતા તું.

### (૨)મંગળપ્રસાદ નર્મદાશંકર વસાવડા—ભેસાણ.

સદભાગ્યે સર્વે પ્રજનતણા ,ધન્ય દિવસ આ શુભ આજનો,
ધન્ય  ધન્ય તિથી શુભવારને ,ધન્ય  ધન્ય સકળ સભાજનો,
ધન્ય  જીર્ણદુર્ગ ભુમિ વિશે ,આનંદ વરસાવીયા,
બહાદૂર મહાબતખાન નીજ તખ્ત પર બિરાજીયા,
છમક છમક છમકે છોલડા જય નાદ વંબાળુ તણા,
હણહણાટ રૂપ બહુ હણહણે સુહુ નૃત્ય થનનન થેરિયા,
મળી મેદની આનંદથી ,સુખકંદ સુયશ બોલીયો,
બહાદૂર મહાબતખાનજી ,નિજ તખ્ત પર બિરાજીયા,
બળવંત બાબી કૂળદિપક,સૂર નૂર નરેશને,

કાબેલ કદરદાનને દીનતા દયામાં શ્રેષ્ઠ છેં,
એવા અનુપમ આપ નૃપતિ હર્ષમય વધાવિયા,
સૌરાષ્ટ્રના શિરતાજ થઈ અવિચળ રહો અમ ભૂપતિ,
ગુણવાન શ્રેષ્ઠ શિરોમણી,પાળો પ્રજાને પ્રેમથી,
કિરતારની કરૂણા થકી ,મંગળ અતિ વર્તાવિયા,
આશિષ અંતરના આપતા ઉમંગ ઉર ઉભરાય છેં,
સુખ સંપતિ આરોગ્યતા ચડતી કળા ઈચ્છાય છે,
આનંદ ઓત્સવને મહોત્સવ સહુ સ્થળે વ્યાપી રહયા,
ખુદ ખાવિંદને મુશ્કીલ તણી મનહોશી જૂનાગઢ ઘણી,
જનકોડ પૂરા પાડિયા આશા વધારી અતિ ઘણી,
બલીષ્ટ બાબીકૂળનો વિજય કરો પ્રભુ સર્વદા,
દીનદીન અધિક તપો તમારું રાજય આ અવની વિશે,
વ્રષ્ટિી કરો પ્રભુપ્રેમથી સુખસંપતિ આવી વસે,
ઉર્મિ અમો અંતરની અંતરવરણી આનંદમય ઉભરાવવા,
આ કાવ્ય માંની ભૂલ માટે ક્ષમા યાચી કરગરૂ,
પીગળ અને નહીં પ્રાસ જાણું માનજો એતો ખરૂ,
સુત નર્મદાશંકર તણો મંગળ કહે મંગળ થયા,
પંદરથી પરવશ કર્યો નહોતું મુજને ભાન,
પિસ્તાલીસે પહોંચિયો જીવો મહાબતખાન.

## ૩—નવાબ મહાબતખાનજી ત્રીજાના લગ્ન વખતે રચાયેલ ગીતો,ઈ.સ.૧૯૨૧

### (૩) બ્રહ્મભટ્ટ કવિ ગોંવિદજી રણછોડજી—?

શેરખાન બાબી સોરઠમાં ગાદી સ્થાપી અમર થનાર,
બહાદૂરીના સૌ કામથી નામ બહાદરખા ધરનાર,
જોરતલબી જગોજગ થાપી કર સોરઠ માંહી કરનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
શેરખાન સુત મહાબતખાન રાજયની આબાદી કરનાર,
જેણે સુયશ સારો જમાવ્યો વળી ઈન્સાફ અદલ કરનાર,
રાજયકાજ સારું ચલાવ્યું વળી ઈનામ ઘણું દેનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
મહાબતખાન સુત હામદખાન સોરઠનું રાજય કરનાર,
જેની શે થી દુશ્મનો ડરી કદમમાં કુરનીસ કરનાર,
દયા કરી દુશ્મનો પરવળી આબરૂ આબાદી કરનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
હામદ સુત બહાદૂરખાન ખસિયા સાદુળને લાવનાર
બારોટ દેવીસંગની મેહનતમાં ગેલાણું [૧] ગામ દેનાર,
સૌ જનોને દુકાળમાં દુખ ટાળવામાં મદદ કરનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
બહાદૂર સુત હામદખાન સમશેર હાથમાં ધરનાર,
છોગાળો નામ જાહેર છે હામદપરને [૨] વસાવનાર,
રૂપાળીબાથી શાદી કરી ગામ માલણકું દેનાર, [૩]
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
હામદબંધુ મહાબતખાન જેની માનતા જાહેરાત,
લોઈડ [૪] મારફતે ગામોની ચોખવટ રાણાથી કરનાર,

કાઠીઓ અને મૈયા ભાયાતો પર સુધારો કર નાંખનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
મહાબત સુત બહાદૂરખાન જેની ખ્યાતિ જાહેરાત,
હંટર[૫] હથ્થુ માંગરોલ શેખ સાથે ગામ જુદા કરનાર,
મૈયા,મકરાણી તોફાનીને બરાબર બેસાડી દેનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
બહાદૂરબંધુ રસુલખાન દીલાવરી ભોજ સમાન,
ઈનામ ખેરાત જમીનદાર સાથે સેટલમેન્ટ કરનાર,
અરજી અરજદારોની સુણી ઈન્સાફી હાથથી[૬] કરનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
રસલ સુત મહાબતખાન મુસાફરી યુરોપે જનાર,
અભ્યાસ ઘણો અંગ્રેજી [૭]કરી ખ્યાતિ વિલાયતમાં થનાર,
સારું જ્ઞાન સગીરપણા માંથી અનુભવ ખૂબ લેનાર,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
ગાદી જીરણગઢની ઉપર થયા છે નવ બાબી નરેશ,
બહાદૂરખા બાબી ત્રણ થયા ત્રણ થયા છે મહાબતખાન,
થયા હામદખાન બેઈ વળી થયા છે રસુલખાન સુજાણ,
ગોંવિદનો આર્શીવાદ છે ઘણું જીવો મહાબતખાન,
માતુ આયશાબીબીના ઉદરથી જૂનાગઢ જન્મ ધર્યો નિર્ધાર,
બહુ બાબી કુટુંબ દીપાવ્યુ સોરઠમાં થયો જે જે કાર.

**(૧)ગેલાણા ગામ**

ગેલાણા ગામ જૂનાગઢ રાજયના માળિયા મહાલમાં આવેલ ગામ હતું.

**(૨)હામદપર વસાવનાર**

આખા કાઠિયાવાડમાં ઘણા બધા ગામો છેલ્લા ૧૫૦ વર્ષમાં કેટલાક રાજવીઓએ પોતાના નામે અને રાજકુટુંબના નામે વસાવ્યા હતા,તે મુજબ જૂનાગઢ રાજયમાં હામદપર,મહોબતપુરા,રસુલપરા,દિલાવરગઢ (હવે નવાગઢ) સૈયદાનગર (હવે અરણિયાળા જે નામ નવાબના બેગમ સૈયદા સુલતાના ઉપરથી રખાયું હતુ.) વગેર ગામો હતા. નવાબી કાળમાં ઈ.સ.૧૯૧૩થી ઇ.સ.૧૯૨૭ સુધીમાં નીચે મુજબના ગામો વસાવ્યા હતા.ઈ.સ.૧૯૧૩માં કુતિયાણા પાસે સુદા છેલ્લાના ટીબા ઉપર વિલાસપુર,ઈ.સ.૧૯૧૪માં ઉનાના ગિરગઢડા પાસે ઉમેદપુર,પાટણ પાસે આણંદપુર,ગિરમાં જાંબુડીના વોંકળા પાસે જયપુર એમ ત્રણ ગામો વસાવ્યા હતા,ઈ.સ.૧૯૧૫માં ગિર મહાલમાં ગિર લુશાળા અને દેવપરા,ઈ.સ.૧૯૧૭માં ગિર મહાલમાં હિરણવેલ,ઈ.સ.૧૯૧૮માં બાબરિયાવાડમાં રામગઢ,માળિયા પાસે ધરમપુર ઈ.સ.૧૯૧૯માં ઉના પાસે સનવાવ તથા વેલાકોટની જમીનમાં ધ્રાબાવડ,ઈ.સ.૧૯૨૩માં વિસાવદર પાસે મહાબતપુર અને દિલાવરપુર,ઈ.સ.૧૯૨૫માં ઉના મહાલમાં આંબાવડ,ઈ.સ.૧૯૨૭માં પાટણ પાસે ગુણવંતપરા ગામ આવા કુલ ૧૫ નવા ગામ ૧૪ વર્ષમાં વસાવવામાં આવ્યા હતા.

**(૩)માલણકા**

માલણકા ગામ ત્યારે જૂનાગઢ રાજયના કુતિયાણા મહાલમાં આવેલું હતું.

**(૪)લોઈડ**

બ્રિટીશ સરકારે પોતાના અધિકારીના નામે લોઈડ કમિશન નીમી જૂનાગઢ રાજય અને પોરબંદર રાજય વચ્ચેનો ગામનો ઝઘડો ઈ.સ.૧૮૬૫માં ઉકેલ્યો અને પોરબંદરને ૪ સુવાંગ ગામ આપવામાં આવ્યા હતા.જૂનાગઢ રાજય અને પોરબંદર રાજયને પાણીની નહેર અને થોડા ગામડાઓ બાબતે ઝઘડો ચાલતો હતો તેને આ બ્રિટીશ અધિકારીએ સમાવ્યો હતો તેને પણ કવિ અહીં એટલે યાદ કરે છે.

**(૫)હંટર**

માંગરોળ રાજય જૂનાગઢનું ખંડિયુ શેખનું રાજય હતુ પણ તેઓએ એવી તકરાર ઉઠાવી હતી કે અમે જૂનાગઢથી સ્વતંત્ર છીએ,એ સમયે માંગરોળના શેખના ગામો જુદા પાડવા બ્રિટીશ સરકારે ઈ..સ.૧૮૮૪માં જે.એમ.હંટરના પ્રમુખપદે હંટર કમિશનની નિમણૂંક કરી હતી તે કમિશને ઈ.સ.૧૮૮૬માં ૨૧ ગામો જુદા પાડી આપ્યા હતા,આ

થી જૂનાગઢ રાજયએ હંટરની કદર કરવા અને તેના નામની યાદી ચિરંજીવ રાખવા માટે ઘેડ વિસ્તામાં ઈ.સ.૧૮ ૮૭માં હંટરપુર નામનું એક ગામ વસાવ્યુ હતું.

**(૬)ઈન્સાફી હાથથી**

નવાબો અમુક પ્રસંગો કે ઘટનાઓ વખતે પોતાના હાથે ન્યાય તોળતા હતા તેનો અહી કવિ ઉલ્લેખ કરે છે.

**(૭)અંગ્રેજી અભ્યાસ**

નવાબ મહાબતખાનજીએ ઈંગ્લેંડમાં અને અજમેરની મેયો કોલેજમાં અંગ્રેજી કેળવણી લીધી હતી તે કવિ અહી બ તાવે છે.

## (૪) રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રતનૂ– જામનગર.

શ્રી શ્રીજી મહારાજ કે ચરણકમલ શિરનાય,
કર જોડી વિનંતી કરું સમર થહો હું સહાય,
બહાદૂર મહાબતખાનજી સોરઠ સરકાર,
દીવાનજા સાહેબ હે તામ્બે દીલ ઉદાર,
મહમદભાઈ મહાન હે વજીરસાહેબ સોય,
સદા અવિચળ સાહેબી દિનદિન બઢતી હોય,
ફકીહસાહેબ સદગુણી રાણા ત્રિભુવનરાય,
સો સોરઠ સરકાર કે પરસિધ સારુ પાયા,
મિલી ચાર મંત્રી મહા તત્પર હુવે તૈયાર,
શ્રી સોરઠ સરકાર કી શાદી કરન વિચાર,
શુભ મુહૂર્તમેં શોભતો મંડપ રચ્યો મહાન,
મીનાકારી નકશી કરી ફર્નિચર મનમાન,, ૧
મહામંડપ ખંડ પ્રચંડ કિયો અદભૂત અનુપમ આપ દિયો,
કુલ તાક કમાન પચાસ કિયે ઉત લાઈટ ઈલેકટ્રીકલ ગાય દિયો,
દર તાક સુ સાત ચિરાગ જરે લખરૂપ દ્રોણા ચળકો નજરે,
કુલ તાક સે ઝુમ્મર ગ્લાસ રખે લગી છાંસઠ નંગ કિનાર લખો,
બિચ ઝુમ્મર નંગ ઈકાદશ હૈ તેહી મધ્ય ગલાસ અનેક બસો,
ફરકત જરી કે નિશાન બડે કહું નંગ સિતેર કિનાર જડે,
અતિઓપત કાચ બિલોલીત હાજરી ચંદ નિઝૂલ બિછાત જહાં,
ચહુ દીશ હૈ ચાંદી કી ખુરશી દિલબહાર સિંહાસનસેં દરસી,
તેહી મધ્ય વજીર બિરાજત હૈ દિલદાર દીવાનજી રાજત હૈ,
સરદાર અમીર સુધીર મહા અતિઓપત અમલદાર તિહા,
સબ રૈયત શેઠ શ્રીમંત મિલે અગણિત ઉછાહ ધર્યો સઘળો,
છડીદાર ઉચ્ચાર અનેક કરે ચહુ દીશ જમાદાર સેન ફીરે,
તહા નૃત્ય કલા કરીકે ગુનિકા ગુન ગાવત હૈ શ્રો સોરઠ કા,
તહા નાટક રોજ રમંત અતિ અરૂ હોત સિનેમા ફિલ્મ છતી,
ઈનભાતિ અનુપમ મંડપ સે ઉછરંગ ઉતંગ અભંગ દીશે,
ભુવપાલ ભુપાલ કી બેગમકી બરકી હું કિલાવન તાહેનીકી,
તિન સાથ સરકાર હી શાદી કિયે તબ દામ ઈનામ અનેક દિયે,
જુગ બીચ જોડી અખંડ રહો સુખસાહેબી રાજ અપાર રહો,
ગઢ જીરણ તાજ અખંડ તપો માવદાન યુહી નીત જાપ જપે,
રહો અખંડ તવરાજ સાહેબી સુખ જહાં લગ,
રહો અખંડ તવરાજ રવિ શશી રહત હાં લગ,
રહો અખંડ તવરાજ અવની ધ્રુવ ગંગ જહાં લગ,
રહો અખંડ તવરાજ રહે ગિરનાર મહા નગ,
યેહી જુગલ જોડી અવિચલ રહો રાજપાટ સુખ સંપતિ,

કવિ માવદાન આશિષ કે દિનદિન ચઢતી દંપતિ,
સોરઠ સરકાર બાબી બહાદૂર મહાબતખાન,
તખતપે બિરાજી બોત રૈયત સુખ દીનો હૈ,
શહેર કુ સુધારી નળ ટાંકી જળાશય કી,
બાંધી કે જીરણગઢ અમોલ જશ તીનો હૈ,
ખેતી કી આબાદી કરી આપખુદ મહાલ ફીટી,
કેળવણી ઉતેજન આપખુદ કીનો હૈ,
ભણે માવદાન કરાવું તે ધરમાદે કે,
અસલ સેલીનો વહ માફ કરદી નો હૈ.

**(૧)ફર્નિચર મનમાન**

જૂનાગઢમાં બે લગ્ન મહોત્સવો ખૂબ જ મોટા ઝાકમજોળ સાથે ઉજવાયા હતા.નવાબ મહાબતખાનજી ત્રીજાના અને દિલાવરખાનજીના. આ સમયે જૂનાગઢને રોશની અને ધજાપતાકાથી શણગારવામાં આવ્યુ હતું અને સરદારબાગમાં ફર્નિચર ગોઠવાયુ હતુ તેની કવિઓએ મૂકતકંઠે પ્રશંસા કરી હતી જેમાં જામનગરના રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુએ રચેલા ગીતમાં મંડપના સ્તંભોની સંખ્યા અને ફર્નિચર અરીસા સહિત આંખે દેખ્યો અહેવાલ વર્ણવ્યો છે.

## (૫) મૂળજીભાઈ ગિરધરભાઈ કારિયા– કાળવા દરવાજા, જૂનાગઢ.

શ્રી નવાબ સાહેબ તણા વિવા આજ છે પ્રેમ તણા ઉમળકા,
શ્રી સોરઠ શિરતાજ તણા નિકાહ જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
શ્રી સોરઠ સુબા તણા લગન કરે છે લોકો થઈ બહુ મજા,
ઉભા છે દેવલોક ચડી ગગન જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
સણી નવાબ તણા વિવા દેવલોક સ્વર્ગના સઘળા,
પુષ્પ તણી વૃષ્ટિ કરતા જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
લોકો બહુ પ્રફુલ્લીત થાયે ચારણ ભાટ હસતા દેખાયે,
ગરીબ લોકો બહુ હરખાયા જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
દૂર દેશથી લોકો બહુ આવે મંડપનો દેખાવ શોભાવે,
ઈંદ્રસભા તણું ભાન કરાવે જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
હોંશે નાતો નાતને જમાડી[૧] મોઢે માંગ્યા અન્ન ખવરાવી,
દેશોદેશ કીર્તિ બહુ પંકાવી જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
મુલકો મુલકના કવિઓ આવ્યા પ્રેમથી કવિતો બનાવ્યા,
પરિપૂર્ણ ઈનામો સહુ પામ્યા જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
ગામેગામથી મેમાનો પધાર્યા પ્રેમથી તેઓને વધાવ્યા,
બહુ નાટક સમાજને સિનમા ઈલેકટ્રીક લાઈટની શોભા,
સાઈકલો,મોટરોને ટાંગા જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
કીટસન રોશની તણો ઠાઠ સવારી તણો સડસડાટ,
ધ્વની કરે ચારણને ભાટ જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
આતશબાજી દેખાય ફૂટતી ઝફરમેદાન [૨]રહયુ ઝળકતું
રાત્રી દિવસ નવ સમજાય જીગરમાં પ્રેમ તણા ઉમળકા,
નવાબ મહાબતખા તણી શાદી રાજય તણી છે આબાદી,
કહે છે આ પ્રમાણે મૂળજી જીગરમાં પ્રેમ તણા ઉમળકા.

**(૧)નાતોને જમાડી**

નવાબ મહાબતખાનજી ત્રીજાના પ્રથમ લગ્ન ભોપાલ મુકામે ઈ.સ.૧૯૨૧માં થયા ત્યારે જૂનાગઢ શહેરમાં રહેતી બધી જ્ઞાતિઓના ચારચાર આગેવાનોને બોલાવી તેની કમિટી બનાવવામાં આવી હતી અને પછીથી તેમણે જે સંખ્યા બતાવી તે મુજબ તેમના જ્ઞાતિજનોને દરેકને અલગઅલગ જમાડવામાં આવ્યા હતા.તા.૨૧–૩–૧૯૨૧ના રોજ મુસ્લિમો ૨૨–૩ના રોજ લોહાણા ૨૨–૩ના રોજ વાણિયાને જમાડવામાં આવ્યા હતા. આ જ્ઞાતિઓ નીચે મુજબની હતી.(૧)નાગર (૨)બ્રાહ્મણ(૩)સોની (૪)લોહાણા (૫)વાણિયા (૬)સુતાર (૭)કંસારા(૮)તંબોળી (૮) ભાટિયા (૯)ભણશાળી (૧૦)કણબી (૧૧)સા

ધુ (૧૨)કોળી (૧૩)આહિર (૧૪) ભોય (૧૫)કડિયા (૧૬) દરજી (૧૭)લુહાર (૧૮)કુંભાર (૧૯) મોચી (૨૦) ખાંટ (૨૧) ગોલારાણા (૨૨) ખારવા (૨૩)સંઘાડિયા (૨૪)ખત્રી (૨૫)વાણંદ (૨૬)રાજપૂત કાઠી દરબારો (૨૭)ભરવાડ (૨૮) ધોબી (૨૯)હરિજન (૩૦)માળી (૩૧)ભાવસાર (૩૨)દેવીપૂજક (૩૩)ચારણ (૩૪)જેલના કેદીઓ આમા સૌથી વધુ સાધુ બ્રાહ્મણો ૧૨૦૦૦ જમ્યા હતા અને સૌથી ઓછામાં ૪૦ ગોલારાણા અને સોની અને ખવાસ અને દેવીપૂજક ૭૫ હતા.

**(૨)ઝફરમેદાન**

જૂનાગઢ રાજયમાં જયારે જયારે કોઈપણ પ્રસંગો ઉજવે ત્યારે તેની ખુશાલીમાં આતશબાજી ઝફરમેદાનમાં જ કરવામાં આવતી હતી.

## (૬) મહંત કવિ ઓધવદાસજી ગુરૂશ્રી મોતીરામજી મહારાજ મૂળદાસજી જગ્યા– અમરેલી.

ન્યાયમેં નિપુન હે નિપુન રાજ કાજન મેં,
રૈયત કે મન મહાબત કોહિનૂર લેખાણો હૈ,
જીતી સુજશરાવ તો ભયો મહોબતખાનજી બંકો,
જૂનાગઢ ગાદી પે બાબી કીર્તિ કમાને કુ આયો હે,
પ્રેમ પ્રતિતી યુત અબ રૈયત સબ અભીત રહે,
કંપતિ રહે અરીકી દેહ વિદ્યાવિનોદ મેં સવાયો હૈ,
પ્રજાહિત નીતિ ન્યાયમેં પ્રમાની રાજા ધર્મ જૈસે,
જીર્ણગઢ ગાદી પે મહાબતખાન જસવંતો કહાયો હે,
દિવ્ય ગુન વરી નેક નીધી હે તિહારી પાસ,
બીધી હે બિબેક દાન વૈભવ મે વિહારી હે,
રીતિ હે તીહારી સત્ય નીતિ હે ન્યાય યુકત,
પ્રિતી સહ પ્રજાપે મીઠી નજર સે નીહારી હે,
કહે ઓધવદાસ સુનો શ્રી મહાબતખાનજી આપ,
ઉપકાર કરને કુ તેને દિવ્ય નર દેહ ધારી હે,
મહા ગુન સુખાકારી તપધારી શ્રી મહાબતખાનજી,
પુરન પ્યારી મોકો સદા મરુતી તીહારી હે,
સાગર મતી કો અમોલ કવિતા કો કદરદાન,
દિલાવર શાંત ચતુરતા કી મહાબતમેં અધિકાઈ હે,
રાજકાજ આદી મેં પ્રૌઢ નિપુન સત્ય વકતા,
જીર્ણગઢ મેં મહાબતખાનજી કી અધિક સરસાઈ હે,
ગુનીજન કે હૈયા હાર દયાજન સૌ પ્રજા હુપે,
બીધીકે બીલાસી મહાબત જામે ભલમનસાઈ હે,
ઓધવદાસ કહે સુણો ટી.ડી.રાણાસાહેબ તમે,
રાજ રજવાડેમેં તમેરી બહોત કીર્તિ ફુલાઈ હે,
દેખ્યો દુખ ભજંનમેં વિક્રમ સમાન બાબી ભૂપ,
ભોજ સમ શ્રી મહાબતખાનજી વિદ્યાકો વિલાસી હે,
રાજવી કરણ જૈસો દુનિયા મેં દાની મહા,
ટેકે હરિશ્ચંદ્ર સમ સત્યકો પ્રકાશી હે,
ધ્રુવ સમાન ધ્યાની જ્ઞાની આત્મસ્વરૂપ હુકો,
માની નહી મનમે તન હરદમ હુલાસી હે,
કહે ઓધવદાસ એક જીભ મેં કહા કહુ હું,
મહા મૂલ્યવાન મણી જૂનાગઢકો વાસી હે,
મહંત મનની મીઠડી અમૃત સમ આશિષ,
અવિચળ ગાદી ભોગવો સહાયક શ્રી જગદીશ.

## (૭) કવિ રણછોડ પુરૂષોતમ——જૂનાગઢ

રૂડા નગ્ન નૃપાળા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
શહેરના વાસી સરવે જમાડયા ભાવતા ભોજન વીર
અઢારે આલમ્ આનંદ લેતી રૂડા છે આપ વજીર,
મામદભાઈ જ્ઞાનવાળા વયમાં બાબા નગ્ન નૃપાળા સોરઠના સરકાર,
માંડવો શોભીત કીધો શણગાર્યો છે બેશ,
વીજળીની લાઈટ ગોઠવી દેતા શોભા આવી વિશેષ,
વારાંગના ગાન ગાતા નામે શોભતા મનો લોભાતા,
આવી બિરાજે અમીર મોટા મોતીયુંવાળા મોતીયુવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
સિનેમેટોગ્રાફ નાટકો રૂડા રાખ્યા જે માંડવા પાસ,
ફી માફી આપે તેની કરતા જોવે લોકો થઈ હુલાસ,
છુટતો સહુને આપી પ્રેમને થાપી પ્રિત લ્યો માપી,
વ્યાપી આનંદની લહેર મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
બંદીજનો બહુ દેશના આવ્યા કરતા ગુણના ગાન,
ભાંડ ભવાયા ચારણ લોકો રહીને રૂડા ગુલતાન,
કચેરી ખુશ કરે છે સ્નેહ ધરે છે રંગે ફરે છે,
માંડવામાં મહારાજ મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
પ્રભુ મારો છો પ્રાણના પોશાક સાચુ લખુ સરકાર,
અઢારે આલમ મોટરે માણે ન્યનતા નહીં લગાર,
પ્રજાને પુત્ર જ જાણો પ્રિત પ્રમાણે હરખે ભરાણો રાજી થયો મહારાજ,
મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
કોઈ વધુ નહીં ઓછું રે કોઈ નહીં સહુ પર સરખું હેત,
આનંદ અતિશે આપો બધાને વધતો કરી વિવેક,
નવું નવું નીત્યરે કીધુ સુખડું દીધું અઢળક લીધુ આર્શીવાદ વચન,
બાબીના કૂળને દીપાવ્યું ડંકો દીધો મારા નાથ,
મીઠી નજર જેની ઉપર કરતા હોંશે ઝાલે જેનો હાથ,
દાળદર કાઢી નાંખો આપો છો લાખો બાકી ન રાખો,
શણગારી આપો શરીર મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
આયશાબીબી માતો આપન મુખને જોતા હર્ષે ઉભરાય,
બીમા માને મુખ આપનું જોતા આનંદ ઉર ન માય,
વધાવી મોતીયે લેતા આશીષ દેતા સુખમાં રહેતા,
જીવો કે વરસો હજાર મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
વ્યાસ ગુરૂના ચરણનો સેવક પીગડા કીધુ પાઠ,
આનંદ ઉરમાં માયન મારે નિત્ય નવા કરું ઠાઠ,
નોકરી આપની કીધી મોજ બહુ લીધી આશીષ દીધી,
જીવો ઘણું જગરાય મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
જગાત માફી ડુંગર માફી કીધો જાત્રાળુનો કર,
છોકરાની ફી માફી કરીને પ્રિતી કરો ખેડૂ પર,
લાખેણા લાવ લઈ આવો અમી વરસાવો લોક રીઝાવો,
ભરશે આપ ભંડાર મોટા મોતીયુંવાળા છો જી રૂપાળા સોરઠના સરકાર,
જલેબી જમે કઈંક લાડુ જમે છે,કોઈ નાતને ભાત મીઠો ગમે છે,
કોઈ લાડવા ખાવ હર્ષે અપારી,સોરઠ બાદશાહ કીરતી જગમાં વધારી
કઈ નાત તો વેડમી ખાયે વહાલે,જમે દૂધ પાકો પીવે દૂધ પ્યાલે,
બનાવી કળી સેવો શાકો સુધારી, સોરઠ બાદશાહ જગમાં કીરતી વધારી,
કીધા રાયતાને બટેટાની પતરી,જમ્યા વાણિયા ખંતથી ખાય ખતરી,

લુવાણા જમ્યા નાત જાજી વધારી,સોરઠ બાદશાહ જગમાં કીરતી વધારી,
ચોરાશી તણા બ્રાહ્મણો ૪અહીં જમ્યા છે, નવાબ માનવંતા ઉરે એ ગમ્યા છે,
જમે રજપૂતો કોમ કોળી હજારી,સોરઠ બાદશાહ જગમાં કીરતી વધારી,
અઢારે વરણ ઉર આનંદ લેતા,તમો ને રૂડી એહ આશીષ દેતા,
મેમાનો ઘણા તો જમ્યા પ્રેમધારી,સોરઠ બાદશાહ જગમાં કીરતી વધારી,
અતીતો જમ્યા બ્રહ્મચારી જમ્યા છે,સાધુ સર્વેપંથી જમ્યા તે ગમ્યા છે,
ફકીરો મુસલમાન જમતા હજારી,સોરઠ બાદશાહ જગમાં કીરતી વધારી.

**(૧)ભાવતા ભોજન**

નવાબના લગ્નમાં બધા જ લોકોને પોતાની જ્ઞાતિ મુજબ અલગઅલગ જમાડયા એટલું જ નહી પણ તેઓને પોતાનું અલગ મેનુ પણ પૂછવામાં આવ્યુ હતુ કે તમારે શું જમવાનું બનાવવાનું છે એ યાદી રજૂ કર્યે તેને જમણવારની તારીખ અપાતી હતી , આ જમણવાર યોજવા જ્ઞાતિના આગેવાને રાજયના કોઠારેથી ચીજવસ્તુ અને રોકડ રકમ લેવાની રહેતી હતી અને બકાલુ ખોજા હસન ધનજીને ત્યાંથી અને દૂધ દહી ત્રિકમજી મયારામની દુકાનેથી લેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
આ લગ્ન પ્રસંગે મીઠાભાત,શીખંડપુરી,રવાનું ઓરવું, પુરી ,ફૂલવડી, બાસુંદી,બુંદીના લાડુ,અને કળી અને સુરતી મીઠાઈ અને મેસુબ, મગજ બનાવવામાં આવ્યો હતો.
આ પ્રસંગે જે મહેમાનો રાજયના મહેમાનો બની આવ્યા તેમને વજીર બહાઉદીનભાઈની હવેલીમાં સરસ ઉતારા આપવામાં આવ્યા હતા, અને ત્યાં તેને સવારના બુંદીના લાડુ કળી,ચેવડો,સુરતી મીઠાઈ,ચા,બિસ્કિટ હતા અને બપોરે લીલો મેવો અને ઠંડાપીણા અને મુખવાસમાં સોડાલેમન,જીજરં,આઈસ પાન અને સિગરેટ અપાયા હતા.

**(૨)અઢારે આલમ**

કદાચ આખા કાઠિયાવાડમાં જૂનાગઢના નવાબનો આ લગ્ન મહોત્સવ અનેરો અને વિશિષ્ટ ભાત પાડતો અનેરો રહયો હતો , જેમા નવીનતા એ હતી કે તેમાં અઢારે જ્ઞાતિને અલગ અલગ સ્થળે પોતાના જ્ઞાતિજનો ભેગા જ જમાડવામાં આવ્યા હતા.

**(૩)લાડુ જમે**

નવાબના આ લગ્ન મહોત્સવમાં દરેક જ્ઞાતિજનો ને અલગઅલગ જમણવાર પોતાના મોઢે માંગ્યા ભોજન કરાવવાના હોવાથી દરેકની ઇચ્છા પૂછવામાં આવી હતી ત્યારે મોટા ભાગનાએ લાડુનું ભોજન કર્યુ હતુ.

**(૪)બ્રાહ્મણો જમે**

કદાચ જૂનાગઢના નવાબના આ લગ્ન મહોત્સવ સમયે સૌથી વધુ કોઈને જમાડયા હોય તો તે છે નાગરો,બ્રાહ્મણો અને સાધુ બાવાજીઓ હતા,બધા જ નાગરોના પેટા પ્રકાર અને બ્રાહ્મણોની ૮૪ જાતના જેટલા બ્રાહ્મણો જૂનાગઢમાં વસતા હતા તેને અલગઅલગ જમાડયા હતા ત્યારે તો એમ લાગતુ હતું કે મોસાળે પ્રસંગ અને મા પિરસનાર એવુ દરેક જ્ઞાતિઓને લાગતુ હતું, એ રીતે બધાએ નવાબના રાજયમાં મનપસંદ લાડુઓનું ભોજન પ્રેમથી આરોગ્યા હતા.

## (૮) કવિ રણછોડ પુરૂષોતમ—જૂનાગઢ

ભૂપાળ મારો માનવંત નવાબ સોરઠનો ધણી,
ભોપાળ લઈને જાન જાતા અધિક શોભા અહીં ઘણી,
શણગારી સોરઠ રાજધાની શહેર સ્વર્ગ સમુ કર્યુ,
નવાબ મહાબતખાન મંડપ જોઈ મારું મન ઠર્યુ,
તખ્તા હેલંબી કાચના ઝુમ્મર પરે ચિત પ્રોઈને,
મંડપ કર્યો છે મહાન તેમાં કામ ઉતમ જોઈને,
તારા ગણે રૂસનાઈની જોઈ લાઈટ મન પ્રફુલ્લિત કર્યુ,
નવાબ મહાબતખાન મંડપ જોઈ મારું મન ઠર્યુ,
વિજય પતાકા પવન કીર્તિને જગે ફરકાવતી,
ગુણજ્ઞાન કરતી ઉરવશી સહુના મન લોભાવતી,
મંગલકારી મહાન મંડપ ઈંદ્રભુવન ઉતર્યુ,
નવાબ મહાબતખાન મંડપ જોઈ મારું મન ઠર્યુ,
દૂરદેશના રાજા અને દરબાર દીવાનો અહીં,
પોશાક પ્રેમથી આનંદ સીમા નવ રહી,
બંદીજનો જશ ગાન બોલે વહાલથી વર્ણન કર્યુ,
નવાબ મહાબતખાન મંડપ જોઈ મારુ મન ઠર્યુ,

કરૂણાતણા ભંડાર પ્રજા પુત્ર પ્રેમે ગણી,
આપ્યા જમણ ઉતમ અતિ આશિષ લીધીએ તણી,
નવ નવીન ભોજન ભાવતું જેને હૃદય જે ઉતર્યુ,
નવાબ મહાબતખાન વહાલા વીત તે બહુ વાપર્યુ,
આખા રૂપાળા શહેરમાં છંટકાવ ચૂનાના કરી,
સ્થળસ્થળ વિશે નવરંગી ચિત્રો રંગના સારા ભરી,
રૂશનાઈ રસ્તાઓ વિશે જોતા જનો હર્ષે ભરી,
નવાબ મહાબતખાન વહાલા વીત તે બહુ વાપર્યુ,
સદગુણના ભંડાર સાચા સ્નેહથી સાથે રહે,
એવાશ્રી મહમદભાઈને આનંદનો ઉદ્યધી વહે,
ઉમરાવ અમીરો બધાનું માન વધતું બહુ કર્યુ,
નવાબ મહાબતખાન વહાલા દ્રવ્ય અઢળક વાપર્યુ,
રાણા જગતમાં એક સાચા સત્ય ટેકી જણાય છે,
તે માનવંતા આજ રૂડા કાર્યમાં શોભાય છે,
સગવડ બધાની એ કર સન્માન દે સ્નેહે ભર્યુ,
નવાબ મહાબતખાન વહાલા વીત તે બહુ વાપર્યુ,
અનંત સદાશિવ આપના દીવાન દાના છે બહુ,
ફકીહસાહેબ ફાંકડાના ગુણ રૂડા શા કહું,
બ્લેડન બહાદૂરસાહેબ તેણે કામ શિર પર જે ધર્યુ,
નવાબ મહાબતખાન વહાલા જ્ઞાન ઉતમ બહુ ભર્યુ,
કુબેરનો ભંડાર ભરપૂર આપના દરબારમાં,
તે સાચવે મણિલાલભાઈ આપના અતિ પ્યારમાં,
જેને ઘરે જેવું રૂડું રૂ કામ સુપ્રત અહીં કર્યુ,
નવાબ મહાબતખાન વહાલા જ્ઞાન ઉરમાં બહુ ભર્યુ,
રૂબેન સાહેબના રાજમાં કવિઓ તણી કવિતા લઈ,
નિવેદન કરીને નીમશે કિંમત જેમાં જે રહી,
અધિકારી કેળવણી તણા પીગળ બધું પાઠે કર્યુ,
નવાબ મહાબતખાન વહાલા જ્ઞાન ઉરમાં બહુ ભર્યુ,
રણછોડનું હૃદય અતિ આનંદ ઓઘે નાહય છે,
છે આપનો ને ગુણ સદાયે આપના મુખ ગાય છે,
પરતાપ ગુરૂજી વ્યાસનો પીંગળ નથી પાઠે કર્યુ,
નવાબ મહાબતખાન વહાલા વીત તે બહુ વાપર્યુ,
ભૂજંગી છંદ
રૂડી નોબતો અશ્વની પીઠ છાજે,
પડે ડાંડી ડંકે ગડેડાટ ગાજે,
હયોનો હણેણાટ છે હર્ષકારી,
ફૂલેકે ચડે આ નવાબી સવારી,
બનાવી અતિ કિંમતી બેશ વાડી,
રખાવી ફૂલેકા વિશે અશ્વ આડી,
શોભેશાહ સુવર્ણ પોશાક ભારી,
ફૂલેકે ચડે આ નવાબી સવારી,
રૂડા હસ્તીઓ ચાલતા મસ્તી કરતા,
સજેલા સુવર્ણે ખુશીમાંહી, ફરતા,
રંગીલા સુરંગી દીસે દિવ્ય ભારી,
ફૂલેકે ચડે આ નવાબો સવારી,

મહા કિંમતી મોટરું ખૂબ આવી,
તેને રાજવંશી દીધી અહીં દીપાવી,
કરે નાયકા નાચને ગાન ભારી,
ફૂલેકે ચડે આ નવાબી સવારી,
ઘણા આરબો ગાન આશિષ કેરૂ,
ખુલ્લા શસ્ત્રથી માત દેતા ઘણેરું,
પોલીસ પાહી થાય છે ધીરધારી,
ફૂલેકે ચડે આ નવાબી સવારી,
ધીરૂભાઈ તો છે અતિ ધીરવાળા,
રૂડી સવારીમાં શોભતા એ રૂપાળા,
પોલીસના વડાવારને જાઉ વારી,
ફૂલેકે ફરે આ નવાબી સવારી,
રહયા વાગી વાજા વિદેશી સ્વદેશી,
સુણો નાદ સાહેબજી પાસ બેસી,
કરે નાયકા નાચને ગામ ભારી,
ફૂલેકે ફરે આ નવાબી સવારી,
ઘણી સુંદરીઓ મોતીએથી વધાવે,
રૂડા પુષ્પથી સવારીને શોભાવે,
કંઈક તો અગાશી ઉભા કંઈક બારી,
ફૂલેકે ફરે આ નવાબી સવારી,
અઢારે વરણની અહીં ઠઠ જામી,
નિરખશે તમોને અતિ હર્ષ પામી,
વયોવૃધ્ધને બાયુ નારી અપારી,
ફૂલેકે ફરે આ નવાબી સવારી,
આયશાબીબી રૂડા માત હર્ષે વધાવી,
બીમા મા લે વારણાં પ્રેમ લાવી,
ઘણા વર્ષ જીવો આશિષ અમારી,
ફૂલેકે ફરે આ નવાબી સવારી.

## (૯) કવિ શામજીભાઈ જેઠાભાઈ કનોજિયા—મેઘપુર

ખુદાવંદ ખેરાતથી ખસુસ ખુદા ખુશ થાય,
દાળદરીના દુઃખ સહુ આપોઆપ કપાય,
વંશ વિરાજીત છો સદા બાબી ભાણ સમાન,
દલન કરો દાળદર તણું દઈ યાચકને દાન,
નવાબસાહેબ આપની કીર્તિ ઝાકઝમાળ,
બાળ વિદ્યા શૌર્યો દિનો મુખ શ્રી માં ચળકાટ,
સારાસાર વિવેચિકા શકિત વૃન્તિ શો ઘાટ,
હેત થકી કવિવર તણી કદર કરો જુણજાણ,
બક્ષિસ દો ભભકે ભરી રેલે શી? સુખલાણ,
શ્રી ભરપૂર નિજ કોશમાં શુભકૃત પૂણ્ય પ્રતાપ,
સાનંદે કરી આપતા ન્યાય આપ અમાપ,
તલશે કવિ યાચક અને અન્ય પ્રજા ભરી ભાવ,
મહાબતખાનજી ખુશ્બો ગુણ પ્રસરે નિજભાવ,
હાટક હીરાને વળી કડા કુંડળ નહીં પાર ,
બતીશી ઝરીથી ભરી આપો ભેટ અપાર,
તન તેજે વિલશી રહે મુખ ઈંદુ મુદકાર,

ખાસી કરશી કૌમુદા પ્રસરી વારંવાર,
નરપતિ પદ ભૂષિત સદા જયે પ્રજા તમ જાપ,
જીવન સાર્થકતા ખરે  દરશે પૂન્ય પ્રતાપ,
ચિંરજીવ ચારૂપ છે યહ વધુ શાંય વખાણ,
રંજનકર ચારિત્ર હો આપનું ઉદિત ભાણ,
જીવન જયોતિ જળહળે પ્રસરે પૂર્ણ પ્રકાશ,
વરમાળા આરોપતી વિજય શ્રી સુખ આશા,
રત્ન પરિક્ષક પૂર્ણ છો કવિ કોવિદ આધાર,
હો રાજયે આબાદીને ફળોફૂલો વિસ્તાર,
આદિ ચરણથી ષડવિશે ચરણ લહો અભિરાય,
અધિક્ષરથી ઉપજતો અર્થ સરો સુખધામ,
અલ્પમતિ અનુસારમ્યા વર્દુ ન ગણેશો દોષ,
શ્યામ કવિ ચિન્તચાહના મળવાને પરિતોષ.

## (૧૦) શેખ અબ્દુલભાઈ રહીમભાઈ–રાજકોટ

નવાબ મહાબતખાન મારે હો સોરઠ સરકાર કી ભારી,
ભૂપાલ સે શાદી કર કે લાયે દુલ્હન દુલારી,
આઈ ઈ સ્પેશ્યલ જૂનાગઢ સ્ટેશન હરેક દિલ મે સમાયો,
અમીર ઉમરાવ રાણાસાહેબ બહાદૂર આપકો લેને આયા,
સ્ટેશન સે મંડપ તક રોશની ખૂબ લગાઈ,
દોનો બાજુ પર રંગબેરંગી વાવટો કા ઠઠ જમાયો,
સોને ચાંદી કી ગાડીમેં બેઠકર સુંદર મુખ દિખ લાયો,
ખૂબ ઠાઠસે આપ બિરાજે દિલ હમારો ચોર લિયો,
સ્ટેશનસે સબગસ ચડીયો મહાબત મંડપ આયો,
લાન્સર મોટીગ પોલીસ આરબો કી સવારી કા ઠાઠ દિખાયો,
દેશી પરદેશી રૈયત આપકી સવાંગસે દેખન આઈ,
સબગસ દેખ કે દીલ મે સબકે આનંદ ન સમાયો,
શાદી મુબારક આપ કો હોવે એહે દુવા હમારી,
કહત અબ્દુલ રહીમ સુનો મહાબતખાએ રંગ જમાયો.

## (૧૧) કવિ ભવાનીશંકર ભૂપતસંગ બ્રહ્મભટ–કરાંચી

જૂનાણાની જાન પધારી છે પરણવા,
નામ મહાબતખાન વરરાજા પોતે ખરા,
ગજ તણી છે સાહેબી ડંકા વાગે ઘણા,
ઢમઢમ ઢોલ ત્રાંબાળુ વાજા નાદ આકરા,
નવા પોશાક કરાવ્યા નોકર ચાકર તણા,
વાપરવાની છે છૂટ પૈસા સાથે ઘણા,
બહુ શિરબંધી સાથે જ ચોપદાર પણ છે ખરા,
સાથે ગાનરી વળી તબલચી છે ઘણા,
હૈ તેસો ચાલીયા મંગળ શુકન છે ખરા,
બહાદૂરી હિંદમાં થઈ વાજીત્ર વાગે ઘણા,
મન માનતા મન મળે સરભરામાં નૈ મણા,
હાકેમને હરખ છે તણો જાનૈયા હરખે ખરા,
બહુ હરખ છે મા તણો બેનનો અપરંપાર,
તમ જોડુ અમર રહો આરોપો વરમાળ,
ખાવાનું સૌને ઘણું પીવા શરબત સાર,

ન ખામી કંઈ જાતની સૌને સગવડ અપાર,
જીરણગઢનો રાજીયો પરણે છે ભોપાળ,
ભવાનીશંકરની ભલે માફ કરશો સરદાર,
કવિનો આર્શીવાદ છે આયુશ વધો અપાર,
બ્રહ્મભટ એમ વદે રાજ કરો અપરંપાર.

## (૧૨) પાઠક જયેન્દ્રરાય મણિશંકર– ?

આજ ખુશી હદ પાર છે જીર્ણદુર્ગની માય,
આનંદ ઉત્સવ થાય છે તખ્ત બિરાજે રાય,
મહાબત નવાબ કી શાદી કા પ્રસંગ હે,
જૂનાગઢ કે અંદર બહોત ખુશી હુઈ હે,
સુદર રચના શહેરની જાહેર કરી રઘુનાથ,
આવ્યો અનુપમ દીન તે શ્રી જૂનાગઢના નાથ,
દેશદેશ એ રાજ રાજ કો રાજન આયો હે,
નવાબ કુ નજરાણે કા શિરપાવ લાયો હે,
જૂનાગઢ સરકલ માંહી રોશની થાય અપાર,
લોક સૌ ભેળા થયા જોવા મહાબતખાન,
વો આનંદ કે લીયે મહામંડપ રચાયો હે,
વીજલી કે બહોત દીવે ઓર લેટ કીટસન લગાયો હે,
આવ્યા ઘોડા દસબારના સુપ્રિન્ટેડેન્ટ માંય,
સુવર્ણ ગાડી મહી ચતુર અશ્વ જોડાય,
ઉસમે સોને કી ચેર ઓર ગાલિચા લગાયા હે,
ઓર રસ્તો કે ઉપર લેટ કીટસન લગાયા હે,
મિત્ર તણી જોડી બની શોભે અપરંપાર,
લેખની મુજ અશકત છે વર્ણન કરવા કાજ,
ખેલ તમાશે દે બનેકુ લોકન કી મેદની હુઈ હે,
ગામગામ કે મનુષ્ય દેખન કુ આયો હે,
ગાડી મોટર અસંખ્ય છે ગણતા પાર ન થાય,
એક અશ્વની ગાડીઓ જલદી ઝપટે જાય,
સરકસ કે દીન સે બહોત રોશની બનાઈ હે,
ઓર ઝફર મેદાન મે આતશબાજી લગાઈ હે,
આવ્યું સરકસ મહેલમાં આતશબાજી થાય,
ઓગણત્રીસ ભોમવાર રે ભોપાલ દેશ જવાય,
નવાબ કે બંગલે મે સરકસ આયો હે,
ઓર ભોમવાર રે ભોપાલ જાતા હે,
જયેન્દ્ર વદે છે સોરઠો દીર્ઘાયુષી થાય,
વરવધુ સુખી રહો એવી આશ અપાવ,
દીનકર ભનની એસે જીદગી બહોત લંબી હુવે,
ઓર દોનું જોડી સુખી રહો એસી મેરી આશ હુયે.

## (૧૩) કાનજીભાઈ રામજીભાઈ– જૂનાગઢ

મહાબતખાનને માંડવે વીજળીના ચમકે દીવા,
કોઈ બીજાનું કામ નહી આ તો રાજ દરબારના વિવા,
આખુ જગત જોવાને જાય જોઈજોઈને  બહુ રાજી થાય,
સિધા આપ્યા શહેરમાં લચપચતા ચુરમા ખાય,
દુલો રાજા જૂનાણાનો આવે શરબત પીવા,

મહાબતખાનને માંડવે વીજળીના ચમકે દીવા,
શૂરો રાજા સોરઠનો ધણી હાથી ઝૂલે છે દરબાર,
ઉંચા મંદિર માળીઓ ગોખ તણો નહીં પાર,
ગોખ તણે નહીં પારતે કહીએ નિન ઉઠીને બાપુને દુઆઈએ,
દુવા દઈએ સૂરજની સાખે અમર સાહેબી એની અલા રસુલ રાખે,
જુગ જુગ જીવો સોરઠના ધણી મહાબતખાનજી પારસમણિ,
કાનો કેય વિસરૂ નહીં વિવા જેમાં ચમકયા વીજળીના દીવા.

## (૧૪) બ્રહ્મભટ ભવાનીદાસ લક્ષ્મીદાસ—જૂનાગઢ

રચના મંડપ તણી લખું સણો તમે સહુ લોક
ચીની ઝુમ્મર ટાંગીયા જયાં પૂર્યા છે ચોક,
લગોલગ દીવા જડયા ઈલેકટ્રીક હારોહાર,
ખરેખરા કયાંથી ગણું અટકળ વીસ હજાર,
નાના મોટા સર્વને આવી જોવા છૂટ,
રખેવાળ પોલીસની ન મળે માથાકૂટ,
ભારી નાટયરંગ ત્યાં સાંજ સવારે થાય,
ટગર ટગર જોયા કરું આંખો થાકી જાય,
ભરી સભા બહુ ઠાઠથી મહમદભાઈ અધ્યક્ષ,
વાત કરી સલાહ કરે રાણા સાહેબ સમક્ષ,
નિયમ પ્રમાણે થાય ત્યાં ચાહ પાણીને પાન,
દાનો સુજ્ઞ વિવેકી જન લે સુખ સ્વર્ગ સમાન,
સરકારી સિંહાસન સુવર્ણ રત્ન જડિત,
લલકારે ખમા ખમા ચોપદાર ત્યાં ગીત,
ખમા ખમા નવાબ જોવા થોકે થોક,
દાડી સિનેમા રાત રે નાટક પણ ભજવાય,
સહુને જોવા છૂટ છે ધન્ય ધન્ય જગરાય.
ઈંદ્રવિજય છંદ
ઈસવી ઓગણી એકવીસ માંય તારીખ ચોવીસ ગેઝેટ,
આવ્યું સોરઠ શાહની શાદી મુબારક શું કરવું નિશદીન,
પચ્ચીસ તારીખ આઠથી દસ સાંજ સવારે કચેરી ભરાશે,
પાંચથી સાત જ ટેનિશ રમત લાઈટ ડ્રીંકસ ત્યાં જ પીવાશે,
પચ્ચીસ તારીખ રોજ લગોલગ દસથી બાર જ નાટક થાશે,
છવ્વીસ તરીખએ ઈલેવન ગેસ્ટની ગીફટ જ ત્યાં સ્વીકારાશે,
ગાર્ડન પાર્ટી બાગની અંદર જયાં સરદાર મહમદ રે છે,
ઈલ્યુમિનેશન સઘળુ સુંદર આતશબાજીની ગમત થાશે,
ગાર્ડન પાર્ટી મોતીની અંદર સાંજની સુંદર ત્યાં જ ભરાશે,
સોમ અઠયાવીસ અંકની અંદર ચારણ ભંગડ વાજન દેશે,
સોરઠ ભૂપતિ મહાબતખાનજી આશિષ ભાટનો ખૂબ લેશે,
મંગળ ઓગણીનીશ સવાર જ આઠ બજેથી જાન  જાશે,
દાસ ભવાની કરેવિંનતી તુજ બંદિજનો ગુણ સેજ ગાશે.

## (૧૫)મનસુખલાલ રૂગનાથ— જૂનાગઢ

જૂનું જૂનાગઢ અતિ વિશાળ રે,
ગણતરી કરતા છે પેલું રાજય રે,
જૂનાગઢમાં રાજય કરે છે નવાબ સાહેબ રે,
ગણે છે સરખા રૈયતને અતિ દયાળુ રે,

જીવો જુગો જુગ એવું માંગુ છું હું રે,
વો રચું ને કર્યુ શોભામણું જૂનાગઢ રે,
નકામુ ન ગણી લઈ સાંભાળજો રંકની વિનંતી રે,
વાક મનમાં ન આણી લાવજો દયા રે,
બનો દંપતિ માંગુ એવુ પરમેશ્વર પાસ રે,
સારુ કરવામાં આપ લાભ લ્યો છો રે,
હેત આણી ગણજો તમારુ બાળ રે,
બનાવનાર મનસુખ ચૌદ સરસનો છોકરો,
ભૂલચૂક માફ કરજો.
આ ગીતની કડીઓના પ્રથમ અક્ષર વાંચતા જુગજુગ જીવો નવાબસાહેબ એમ વંચાય છે.

## (૧૬)રામભાઈ મોનજીભાઈ ત્રવાડી–?

અ હા હા આનંદ છે આજે ભલે શાદી ભલે આવી,
તમો શાદી તણા કાજે ભલે ભલે શાદી આવી,
સૂરજ સોના તણો ઉગ્યો દીવસ દેખુ દિવાળીનો,
મધુર વાજા અહા વાગે ભલે શાદી ભલે આવી,
ફૂટે તોપોની વધાઈની સમય શાદી તણો લાવી,
ધડાકાથી ગગન ગાજે ભલે શાદી ભલે આવી,
ભલે પધારે મહારથી રહેમ રૈયત પર લાવી,
કદમ તમ ગઢમાં છાજે ભલે શાદી ભલે આવી,
આ હા રૈયત ઉમંગી છે તમારુ સુખ જોવાને,
અમારા દેશના ભાગ્યે ભલે શાદી ભલે આવી,
અમારું કાર્ય તો એ છે તમારી વૃધ્ધિ રહાયાને,
અમે આનંદમાં આજે ભલે શાદી ભલે આવી,
હિતેચ્છુ ગઢના પ્યારા પ્રજાને લાભ દેવા ના જી,
અચળ રહો શાદી આ શાદી ભલે શાદી ભલે આવી,
સફળ હો જો કાર્યતો સર્વે દુવા તો રામની એ છે,
યુગલ જોડી ઘણું જીવો ભલે શાદી ભલે આવી,
આ શાદીને કારણે લોકો બહુજ ભરાય,
સર્વ સ્થળે હું સાંભળુ જય જય બહુ ઉચરાય.

## (૧૭)મીર જમાલભાઈ ગુલમહમદભાઈ–બીલખા

કયા કામ શાદી કા નોબત પર દીયા ડંકા,
બંદા રાજા જૂના કા નવાબ દુલા ભારી હે,
કાબુલ કાશ્મીર હિંદ લાહોર મુલતાન દિલ્લી,
દેશો દેશો મે બડી આબરૂ વધારી ર,
કીર્તિ કો કિયા પાલા અનાજ કા બાંધી કારે,
દિયા દાન ધન લાખુ આદમી કુ ખીલવાયા રે,
ના મેરી નવાબ દુલા મહોબતખાન કી સવારી ચડી,
દુશ્મન કો ચડી ચોટ મીટી મે મીલાયા હે,
ઓલીયા હજાર એસી એક લાખ ભી રે તેરી,
બડા પીર વાર કરે સદા બલીહારી હે,
કહે તરે જમાલ મીર નવાબ કા બોલવાણ,
રસુલ કા નંદા કુ ખમા વારમ વારી હે.

## (૧૮) બ્રહ્મભટ ભવાનીદાસ લક્ષ્મીદાસ–જૂનાગઢ

આ હા હા પ્રભુ આજ આ અવનીમાં આનંદ વ્યાપ્યો અતિ,

જે છે ભૂમિ રસાળ સોરઠ તણી તેને કરી શોભતી,
જૂનાગઢ શહેરના અધિપતિ બાબી મહાબતખાન,
આયશાબીબી જનની કુખે જનમિયા વિદ્યા તણા ખૂબ ખા,
આપ્યો તે શુભ તેમને સમય આ માંગલ્ય શાદી તણો,
છે છે હે પ્રભુ ધન્ય ધન્ય તુજને આભાર કીધો ઘણો,
રાખે છે બહુ પ્રિત રૈયત પ્રતિ નિશ્ચેજ એવા નરો,
તેથી તું પ્રભુ સ્થાય તખ્ત ઉપરે યાવત દીવાકરો,
સત્યોતેરની સાલ છે શુભકારી,ખુદાવિંદ નવાબની શાદી ભારી,
જૂનાગઢના લોક થ્યા રાજી રાજી,જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,
મહા માસથી યૈ વિવાની વધાઈ,રચ્યો આગંણે માંડવો બાદશાહી,
ન્યુ પેલેસમાં રોશની કીધી જાજી,જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,
મહીનો અગાઉ કચેરી ભરાણી,દીધી બહુ છૂટ જોવા રજા આણી,
હમેંશા ઘણી મેદની ત્યાંજ ગાજી,જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,
વધાવા અમીરો તણા ખૂબ આવ્યા,બધા બેન્ડ પોલિસનો પાર્ટી લાવ્યા,
આરબોની બંદૂક ખૂબ ત્યાં વાજી,જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,વણિકો,લુવાણા, સુથારો લુવારો,
જમાડયા બધા લોક લાખો હજારો,ગણાવુ બધી કેટલી શહેરાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,બહારેથી મહેમાન જાજા પધાર્યા,
મહાબત નવાબને મન ભાવ્યા,મુલાકાત લીધી દીધી ભેટ જાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,બજારો દુકાનો અચ્છી રંગી દીધી
દીવાની ઘણી રોશની ત્યાં જ કીધી,મિયા, માજનો બાળકો રાજીરાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,બહુ ચારણો ભાટને રાજી કીધા,
મીઠાઈ તણા તો સિધા ખૂબ દીધા,થયા રાજી રાજી નગાજી ભગાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,ખુદા પાસ હું યાચના એજ માંગું,
કબીલે ખુદાવિંદનો જીવ જાજુ,હમેંશા ખુશી રાખ આયશા બીમાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,જૂનાગઢના ભાટ ભોવા નિવાસે,
કરી બંદગી આજ ખુદાની પાસે,સ્વીકારી સુધારો બધા કાજબાજી,
જીવો ખૂબ નવાબ મહાબતખાનજી,જીવો ખૂબ નવાબ મહાબતખાનજી.

## (૧૯) ભાટ પ્રભાશંકર માધવજીભાઈ–સરાડિયા

શોભા કે સાગર ગુન સાગર કે કલાનાથ,
સુખમાં કલાનાથ કી સમ અબી ધારીએ,
તેજ કો દિનેશ બલ દિનેશ કો જેઠ માસ,
પ્રતાપ જેઠ માસ કી દુપેરી બિચારીએ,
ભાટન કો દેત દાન પટેલો કો બોત માન
એસો મહાબતખાન દુજો કરણ જાણીએ,
કવિ કહે પ્રભુદાસ કરત સબ દુઃખ કો નાશ,
એસા દિલાવર નવાબ હમેંશા પીછાનીયે,
નવાબ મહાબતખાન જા કો સબ ગાવે ગાન,
બાબી બહાદૂર કી આજ શાદી જાનયે,
ઉદારતા કરણ સમી શુરતા અર્જુન સમી,
ધીરતા તો ધર્મ સમી ઉનકી પીછાનીયે,
અન્નદાતા હય હમારો ગરીબ કો પાલનહારો,
વાકી પાસ જાકર આજ હમે નીમીયે,
માંગુ તો નવાબ પાસ દુજો ન માંગુ કોઈ,
પ્રભુદાસ ભાટન કી યે હી ટેક માની યે.

## (૨૦) કવિ રામકૃષ્ણ –સુપેડી

જામે મોતી છીપમાં જામે કહા સલે અન્ન,
તેમ જામો જશ દ્રવ્યથી ગઢ ગિરિના રાજન,
નવાબ મહાબતખાનજી ઘણું જીવો રે,
જુડા દુઃખભંજન દાતાર રે ઘણું જીવો રે,
ગઢ જૂનો ગવરાવીઓ ઘણું જીવો રે,
ખેરાતુની ખોલીને આહારે ઘણું જીવો રે,
શાહજાદા રસુલખાનના ઘણું જીવો રે,
રહો અવિચળ જયાં સુધી ભાણ રે ઘણું જીવો રે,
તસવીર દેખતા તાદશ દેખતા થાય ખરે અનુમાન,
નુર ખુદાના આવીયા કરવાને અહેસાન,
શૂરવીર અંગ બહુ શોભતું ઘણું જીવો રે,
કરું અલ્પમતિ શું વખાણ રે ઘણું જીવો રે,
જૂના કર જાત્રાળુના ઘણું જીવો રે,
કર્યા સ્થળે સ્થળેથી માફ રે ઘણું જીવો રે,
જાચક કવિ ભેટયા ઘણું જીવો રે,
કૃપા થકી થયા છે ન્યાલ રે ઘણું જીવો રે,
આજ ઉમંગ્યો શાદી મુબારિક કાજ,
ખચિત ખલકે માનીયું આજ ઈંદ્રનું રાજ,
ગૃહે ગૃહો શોભાવિયા ઘણું જીવો રે,
વળી શોભાવી છે વાહ રે ઘણું જીવો રે,
ધ્વની પતાકા તોરણે ઘણું જીવો રે,
સોહો અવનવો સૌરાષ્ટ્ર રે ઘણું જીવો રે,
ઝરૂખે કોઈ અટારીએ ઘણું જીવો રે,
હસ્તે લઈ મોતીનો થાળ રે ઘણું જીવો રે,
વિગતે કરીને વધાવતી ઘણું જીવો રે,
રહો સુખથી જોડુ સદાયને ઘણું જીવો રે,
આશિષ છે રામકૃષ્ણનો ઘણું જીવો રે,
અચળ રહેજો નવાબનો તાજ રે ઘણું જીવો રે,

## (૨૧) કવિ બ્રહ્મભટ શામજીભાઈ જેઠાભાઈ –મેઘપુર

સોરઠના સરકાર શ્રી સાત મહાબતખાન કી લગન વધાઈ,
સાંભળી સોરઠ દેશ વિશે રહી આનંદની રેલ અતિ પથરાઈ,
દેશવિદેશ મહી ભુવના ઝરણા જરિયા અતિ મંગલકારી,
તેમ રસિક કવિ તણી સુંદર કાવ્ય સુશ્રાવ્ય થતી ખુશકારી,
વસંત થકી વનશ્રી વિલસે વળી પદ્ય પ્રભાકરથી મલકાતું,
વિવાહ તણા શુભ ઉત્સવથી ત્યમ આનંદ મધ્ય સહુ છાવરતું,
પઢાવી વળી કુમકુમ ભરી શુભપત્રિકા માનદ ને મુદકારી,
વિદેશમહી પણ આજ ગવાય શી શર્મદ ઉત્સવની બલિહારી,
ગાકે રહે શ્રૃતિ દ્વંદ્વ મહી સુર મજુંલ મોહકને મુદકારી,
ગાય ગીતો અતિ માન ભર્યો યુવતીયુથ આનંદ શું લાલકારી,
રાજ સવારી શી ઠાઠ ભરી ચડી નગ્ન મહી વરણી નવજાઈ,
નર્તકીઓ અતિ નૃત્ય કરે સહ હાવને ભાવ રહી યશગાઈ,
સુંદરીઓ પણ આતક વેવતી રાજ સવારી ઉરે હરખાઈ,
ફૂલતણે વરસાદ વધાવતી શી સુખ રેલ રહી છવરાઈ,

આતશબાજી અનેક ફૂટે ત્યંમ થાય અવાજ વિવિધ અનેરા,
શ્યામ કવિ શુભ ઉત્સવથી ઉછળી રહે હર્ષ તરંગ ઘણેરા.

## (૨૨) ગુલાબશંકર કલ્યાણજી વોરા –વાંસવાડા (રાજસ્થાન)

જેના દિવ્ય પ્રભાવમાં અખિલ આ સૃષ્ટિ પ્રકાશી રહી,
જેના લક્ષ્ય અલક્ષ્યરૂપ અહીં છે શાંતિ નિવાસી રહી,
જે જ્ઞાતા પરમાત્માથી પ્રગટીયુ બ્રહ્માંડ આ નિર્મલ,
તે વિશ્વેશ કૃપાળથી વરવધુ પામો સદા મંગલ,
સ્નેહાળા પતિ સૂર્યના હૃદયમાં ઉલ્લાસ સંચારતી,
સ્નેહી દિવ્ય પ્રકાશમાં સુલલિતા બાળા ઉષા ધારતી,
એવા રમ્ય અવહર્ણ પ્રેમલહરે હિંદોલતા મજુંલા,
એકાકાર જીવીત દંપતિ તણા નિત્યે બની મંગલ,
છોડી હેત સ્વભાવ ઐકય મનથી આનંદ ઝુલાવતા,
જામો આત્મ વિકાસ સખા હૃદયે પિયુષ રેલાવતા,
ચાલો ચાલો સહેલી વહેલી વહેલી પૂરહાધારી પ્યાર,
અક્ષત કંકુ શ્રીફળ લઈને સાથ,
ચાલો પ્રિતેથી વહેલી વહેલી પૂરહાધારી પ્યાર,
ગૌરીઓ ચાલો મંગલ ગાતી ગીતો,
રસની નદી રેલી વહેલી વહેલી પૂરહાધારી પ્યાર,
જૂનાગઢ પતિનો વિવાહ આજ છે,
સરકાર જ મેલી વહેલી વહેલી પૂરહાધારી પ્યાર,
મહાબતખાન આશિષ આપે છે ગુલાબ,
ભવ્યતા ભરલી વહેલી વહેલી પૂરહાધારી પ્યાર,
સખી આનંદનો દીન આજ,
શ્રેય કાજે વાજવાજે ગાઢ ગાજે,
આખામાં ગીતો ગવાયેં
જીર્ણપુરીમાં વિનોદ છવાયે,
નેહ સાગરમાં સહુ નહાયે,
મનોહારી મહા મહિમાયે,
રાજરાજે શિરતાજે સુખ સાજે,
લગ્ન મહાબતખાનના લીધા,
પ્રેમરૂપી અમીરસ પીધા,
કિરતીના ગુલાબના કામ કોધા,
કવિ લોકને દાન પણ દીધા,
ધર્મ પાજે સુ અવાજે છેલ છાજે ભવ્ય ભાજે સખીયા.

## (૨૩) વૈકુંઠરાય રેવાશંકર–જૂનાગઢ

આજ  અતિ આનંદ થયો છે દેશ અને દેશાવર માય,
નવાબસાહેબ મહાબતખાનની શાદી મુબારક થાય છે,
ખડો કર્યો ગંજાવર મંડપ રાજમહેલની પાસોપાસ,
શણગાર્યો પુરા ભપકાથી વીજળીના દીવાની રોશનીથી બહુ આજ,
મંડપની શોભા જોવાને તે આવ્યા લોકો અપરંપાર,
શોભા જોઈ વખાણ કરે છે દેશાવર માય,
છતી સેવાજી મો વાગે ગાનારીઓ કરે છે ગાન,
અમર ફૂલને રંગ ઉડે છે આપે છે સોપારી પાન,
મહેર કરી સર્વે પ્રજા પર નાતો જમાડી અપરંપાર,

મોઢે માંગ્યા ભોજન આપી ખુશી કર્યા છે અપરંપાર,
તૃપ્ત થઈ સર્વે મનુષ્યો આર્શીવાદ દે છે વારંમવાર,
નવાબસાહેબ મહાબતખાનની શાદી મુબારક થઈ છે આજ.

## (૨૪) મુકુંદરાય પૂંજારામ જીકાર—જૂનાગઢ

નિત્ય નેહી ન્યાયી સોરઠના સરકાર,
એજ રાજ તાજ લાગા શાદી શણગાર,
દિવ્ય રત્ન ઝળકે હાથ પહોંચી પૂર્ણ પૂણ્યની,
મફત જ્ઞાન માફ સાવ ફી સર્વે સ્કુલોની,
વિદ્યા વિશેષ લે છે દુવાઓ દે શિશુ તે,
હેમંત હાર પહેરે અમ શાણા સરદાર,
ઓપે કર્ણ કુંડલો કરો કમી કરાય તે,
તીર્થધામ વગર દામ સુગમથી ફરાય છે,
અલભ્ય લાભ આવો નરનારી લેજ લહાવો,
સુધારો શહેર પાણી જળ નળની શી ધાર,
મોર મુગુટ તાજ તે દયાપણું ઘણું ઘણું,
સદૈવ સુખના જ સાધનો કયા ગણું ગણું,
પશુએ પ્રિત પ્રેખે ગૌચર વિશાળ દેખે,
અબોલા ઢોર ધીંગા ઢગ તૃણનો નવપાર,
યુવરાજની આજ અલંકાર થકી ઓપતા
મુકુંદશી સુવાસ ભભકી બહાર બહુ થયા છતાં,
બહાદૂર બાબી બંકા બજે છે દેશ ડંકા,
શાદીએ વરવધુની શુભ થાઓ સુખકાર.

## (૨૫) સમરથબેન મોતીચંદ—જૂનાગઢ

ભલે  ભલે પધાર્યા નવાબ સાહેબ સુખકારી,
છો રૈયતના શિરતાજ કર્યા ઉપકારી,
આ દિવસ આજનો અતિ અલૌકિક લાગે,
જોઈ આપ કૃપાળુ મુખ ભીડ સૌ ભાગે,
સાથે રાણાસાહેબે ઉત્કંઠા બહુ કીધી,
બહુ સ્નેહધરી સંભાળ નગરની લીધી,
આ પુષ્પ થકી અમે વધાવીએ છીએ આજે,
ખુદાવિંદ નવાબસાહેબ અખંડ બિરાજે,
નગરોને આનંદ આજે નવાબ સાહેબ સુખદાતા,
અમ પાવન કીધા આજ દીધા સુખ સાચા,
પુનિત પગલે સ્વારી પધારી કીધા બહુ ઉપકારો રે,
વજીરસાહેબને રાણાસાહેબે કરી રૈયત હિતકારી,
દીવાનચોકની શાળા બાળા બોલે ઉમંગ આણી રે,
બાબીકૂળની જય જય થાઓ આશિષ એ જ અમારી.

## (૨૬)કસુંબાબાઈ ઉપરકોટ કન્યાશાળા— (હેડ મિસ્ટ્રેસ) જૂનાગઢ

ઘણું જીવો  મહારાજ ધિરાજ,
નવાબસાહેબ સોરઠ તણા,
નવાબસાહેબને વજીરસાહેબ,
કીધા બહુ ઉપકાર રે,
શાદી પ્રસંગે રૈયત જમાડી,
લીધા આર્શીવાદ નવાબસાહેબ,

દયા રૈયતની હૈયે લાવી,
સુધારા કર્યા અતિ ભારી રે,
પ્રભુ મહાબતખાનની ચડતી કળા રાખે,
આશિષ એજ અમારી નવાબસાહેબ,
ઉપરકોટની સર્વે બાળા,
બોલે ઉમંગ વધારી રે,
બાબી કૂળની જય જય થાઓ,
ચડતી રાખે પ્રભુ સારી નવાબ સાહેબ.

## (૨૭) જયાશંકર જટાશકંર–જૂનાગઢ

કૃપા કીર્તિની થાતા સદા સોરઠ મુબારક હો,
મહાબતખાન મહિપતિથી સુરક્ષિતને મુબારક હો,
ઈસવીસન ઓગણીશે વીસ દીન માર્ચ એકત્રીસ,
નવાબે તાજ ધર્યો શિશ મહાબતને મુબારક હો,
થઈ ઓગષ્ટ પંદરમી પ્રજાને હર્ષ અંતરથી,
મળ્યા મહાદાન નૃપહરથી સુ રૈયતને મુબારક હો,
કર્યા કર માફ યાચના દિલે દરિયાવ દેખાણા,
તરેહ તહસીલના લ્હાણા એ ખેડૂતને મુબારક હો,
કરી છે ગ્રામ પંચાયત્ સીધો સંબંધ શું મહાબત,
કૃષિકારોની હિફાજત એ દોલતને મબારક હો જો,
નોકરિયાતોની તનખા જે એકેકી બક્ષી છે રાજે,
ખુશાલી તાજને કાજે સખાવતને મુબારક હો,
મુસારો જે અલ્પ જાણ્યો વધારો સર્વને આલ્યા,
બગીચો દાસનો ફાલ્યો ગરીબોને મુબારક હો,
જૂનાગઢ શહેરને સુધરાઈ્ પ્રજાને સોંપી છે ચાહી,
બતાવી ઓર આગાહી પ્રજામતને મુબારક હો,
તોફાની વાય વરસાદે પડયા ઘર છાપરા ખાડે,
ગરીબ લાચારની મદદે એ ભૂપતને મુબારક હો,
જૂનાગઢ શહેર છે જંગી પડતા પાણીની તંગી,
કરી છે યોજના અંગી ઈનાયતને મુબારક હો,
પ્રજાના ઢોરની સુની રાડ દઈ ચરિયાણુ ભાંગી ભીડ,
મુંગા પ્રાણીની જાણી પીડ દયાવંતને મુબારક હો,
કહું છુ કેટલું આવુ ગુણો શી રીતથી ગાઉ,
મતિ થોડી નીધિ તાગુ નિહાયતને મુબારક હો,
ડિસેમ્બર દીન પંદરમે સાલગ્રેહ ઉજવી ધર્મે,
ઉંમર એકવીસને શેરે મહાબતને મુબારક હો,
વીતી આ સાલ સત્કાર્યા સદા એવી અધિક ચાહે યે,
જયકર જીગરથી ગાયે મહાબતને મુબારક હો,
સોરઠ સરકારની શાદી મહામંગળ મુબારક હો,
સોરઠ ભૂપાલ સંયોગે ફકીહ અંગત મુબારક હો,
ઈસવીસન ઓગણીસોને મુબારક સાલ એકવીસે,
મળ્યુ સન્માન શરૂ દિવસે બ્રિટીશ તાજે મુબારક હો,
આગાહી અમ તણી ફળતી અમર અમ રાજ શું ભકિત,
વધાવે છે પંદર તોપો ગગન ગાજે મુબારક હો,
જયવંત જાન્યુઆરીની છઠી તારીખ ગુરૂવાર,

મંડપ શુભ લગ્નનો ધારી મંગળ મુહૂર્તે મુબારક હો,
કરે છે કામ કારીગર દિવસ રાત્રિ ખરે જીગર,
દ્વિ માસે માંડવો સધ્ધર રચ્યો મહેલે મુબારક હો,
અગણિત આરકાવાળી ભભકતી ભવ્યતા ભાળી,
દિસે હયા રોજ દિવાળી વિજય ધ્વજને મુબારક હો,
ખરિતા પત્રિકા કુમકુમ આમંત્રણ મિત્રને રાજન,
કૃષિકારો પટેલોને મહાજનને મુબારક હો,
મણિમય તખ્ત છે ઉંચે સુવર્ણાસન છે નીચે,
બધી બાજુ કેસર સિંચે મંડપ જનને મુબારક હો,
અમીરોને સગા સ્નેહી પ્રજાજન રાજય અન્યેથી,
વધાવા થયા શરૂ તેથી જૂએ જનને મુબારક હો,
સરકસ સરબત દીએ આશિષ અંતરગન,
બાપુ નરનારીને બાળક તણા હર્ષે મુબારક હો,
ગવૈયા ગાય વાજીયે કવિ કવિતો કહેવાયે,
વળી વારાંગના નાચે સભાજનને મુબારક હો,
દીધા પોશાક ઇનામો સિધાવ્યા સર્વ મિજબાનો,
કર્યા સન્માન જશ પામ્યો મહાબતને મુબારક હો,
જમાડયા હિંદુ મુસલમાન બધી નાતોને બંધી જ,
સંતોષ્યા બહુ માંગણ સખાવતને મુબારક હો,
ઓગણીસ માર્ચ મંગળવાર કઈ સૌરાષ્ટ્રના સરકાર,
સિધાવી જાન જયાં ભોપાલ સુકન્યાને મુબારક હો,
દિવસ ત્રીજી એપ્રિલે મુબારક શાદી,
વધુવર રહો રૂડી રીતે ઘણું જીવો મુબારક હો,
ફળી આશા મા આયશાની માસાહેબને મુબારક હો,
ગુરૂ શુભ સાતમી એપ્રિલ પધાર્યા વરવધુ,
કર્યુ સરકસ પ્રજાજનમાં વધાવે તે મુબારક હો,
અહીં રાજા પ્રજાના ભાવ નીજે રૈયતની ઐકયતા છે,
દીસે સત્યુગ સૌરાષ્ટ્રે સુમવીને મુબારક હો,
ઘણું જીવો યુગલ જોડું પરિવારો ને પ્રસારો રે,
કરો કલ્યાણ જય કર કે પ્રજા વ્યકિત મુબારક હો,
સોરઠના સરકાર તમારો થયા ઉપકારમાં ઓર વધારો,
ધન્ય મહાબતખાન માયાળુ રાજ પ્રતિનિધી નિજજન ધાર્યો,
રૈયતના રાજયનું રત્ન પારખી ત્રિભુવન રક્ષક મૂકયો અમારો,
અખિલ પ્રજા તણી આજ આબરૂ વધારી વ્હાલા વધારી એ રાણો અમારો,
સુખ શાંતિમય તાજ અવિચળ જયકર રૈયતના ઉદગારો.

નવાબ મહાબતખાનજી ત્રીજાએ ગ્રામપંચાયતો સ્થાપવાની જાહેરાત પોતે ગાદીએ બેઠા ત્યારે જ કરી હતી,જે ગ્રામપંચાયતો ને મહેસૂલી અને દીવાની અમુક સતાઓ આપવામાં આવી હતી,પછી ગ્રામપંચાયતો સ્થપાણી અને ગ્રામ્યપટેલો અને ગ્રામપંચોની ચૂંટણીઓની જાહેરાત રાજયના ગેઝેટમાં આપી કરવામાં આવી હતી, આ ચૂંટણી દર પાંચ વર્ષે કરવાની હતી. આ ગ્રામપંચાયતો જેવી જ સલાહકાર સમિતીઓ પણ જૂનાગઢ રાજયએ ઈ.સ.૧૯૪૩ માં નીમવાનું શરૂ કર્યુ હતું જેમાં રાજયના પ્રબુદ્ધ અને અગ્રગણ્ય નાગરિકોને પસંદ કરવામાં આવતા હતા.

**(૨) શહેર સુધરાઈ**

કાઠિયાવાડમાં ધીરેધીરે રાજાઓ પ્રજાને પોતાના હાથમાં સતા આપતા બનતા ગયા હતા તેમાં ભાવનગર રાજયનું નામ મોખરે રહયું હતું જૂનાગઢના નવાબે પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ આપી હતી,તેથી જૂનાગઢ અને વેરા

વળમાં મ્યુનિસિપાલીટી સ્થપાઈ હતી.જૂનાગઢમાં સીટી મ્યુનિસિપાલીટી અને શહેર સુધરાઈ મ્યુનિસિપલ બોર્ડ હત જેના પ્રમુખ ટી.ડી. રાણા હતા.

જૂનાગઢ અને વેરાવળ સિવાય ૧૮ ગામોમાં મ્યુનિસિપાલીટીઓ હતી.(૧)ઉના (૨)સુત્રાપાડા (૩)પાટણ (૪)દેલવાડા (૫)માળિયા (૬)કેશોદ (૭)બાલાગામ (૮)શીલ (૯) બામણાશા (૧૦) કુતિયાણા (૧૧) વડાલ (૧૨)વિસાવદર(૧૩)બગડુ (૧૪) વંથલી (૧૫)ભેંસાણ (૧૬)શાપુર (૧૭)અજાબ (૧૮)ચોરવાડ

**(૩) ચરિયાણ**

નવાબ મહાબતખાનજી ત્રીજાને પશુપક્ષી પાળવાનો અનેરો શોખ હતો,સરદારબાગમાં ફેન્સીબાગ નામે એક બાગ બનાવ્યો હતો તેમાં દરેક તૃણાહારી પ્રાણીઓ રાખવામાં આવ્યા હતા અને ગાયો પાળવાના અને પૂજવામાં તો તેઓ આખા કાઠિયાવાડમાં શિરમોર ગૌ પ્રેમી તરીકે બહાર આવ્યા હતા, તેવા આ ગૌ પ્રેમી શાસકે ગાદીએ બેસતાની સાથે જ કેટલાક ફેરફારો રાજતંત્રમાં કરાવ્યા અને પશુઓ માટે ચરિયાણ ખુલ્લા કર્યા કે જયાં અગાઉ મસવાડી નામનો ઢોર ચરિયાણનો વેરો લેવાતો હતો,જો કે જયારે આ મસવાડી વેરો લેવાતો હતો ત્યારે ધાર્મિક તિર્થસ્થળો અને જગ્યાઓના ઢોરનો મસવાડી વેરો લેતા ન હતા,દા.ત.સતાધારની જગ્યાના ઢોર,ગિરનાર ઉપરના જગ્યાઓના ઢોર.

નવાબ મહાબતખાનજી ત્રીજાએ ગ્રામપંચાયતો સ્થાપવાની જાહેરાત પોતે ગાદીએ બેઠા ત્યારે જ કરી હતી,જે ગ્રામપંચાયતો ને મહેસૂલી અને દીવાની અમુક સતાઓ આપવામાં આવી હતી,પછી ગ્રામપંચાયતો સ્થપાણી અને ગ્રામ્યપટેલો અને ગ્રામપંચોની ચૂંટણીઓની જાહેરાત રાજયના ગેઝેટમાં આપી કરવામાં આવી હતી, આ ચૂંટણી દર પાંચ વર્ષે કરવાની હતી. આ ગ્રામપંચાયતો જેવી જ સલાહકાર સમિતીઓ પણ જૂનાગઢ રાજયએ ઈ.સ.૧૯૪૩માં નીમવાનું શરૂ કર્યુ હતું જેમાં રાજયના પ્રબુદ્ધ અને અગ્રગણ્ય નાગરિકોને પસંદ કરવામાં આવતા હતા.

**(૨) શહેર સુધરાઈ**

કાઠિયાવાડમાં ધીરેધીરે રાજાઓ પ્રજાને પોતાના હાથમાં સતા આપતા બનતા ગયા હતા તેમાં ભાવનગર રાજયનું નામ મોખરે રહયું હતું જૂનાગઢના નવાબે પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ આપી હતી,તેથી જનાગઢ અને વેરાવળમાં મ્યુનિસિપાલીટી સ્થપાઈ હતી.જૂનાગઢમાં સીટી મ્યુનિસિપાલીટી અને શહેર સુધરાઈ મ્યુનિસિપલ બોર્ડ હત જેના પ્રમુખ ટી.ડી. રાણા હતા.

જૂનાગઢ અને વેરાવળ સિવાય ૧૮ ગામોમાં મ્યુનિસિપાલીટીઓ હતી.(૧)ઉના (૨)સુત્રાપાડા (૩)પાટણ (૪)દેલવાડા (૫)માળિયા (૬)કેશોદ (૭)બાલાગામ (૮)શીલ (૯) બામણાશા (૧૦) કુતિયાણા (૧૧) વડાલ (૧૨)વિસાવદર(૧૩)બગડુ (૧૪) વંથલી (૧૫)ભેંસાણ (૧૬)શાપુર (૧૭)અજાબ (૧૮)ચોરવાડ

**(૩) ચરિયાણ**

નવાબ મહાબતખાનજી ત્રીજાને પશુપક્ષી પાળવાનો અનેરો શોખ હતો,સરદારબાગમાં ફેન્સીબાગ નામે એક બાગ બનાવ્યો હતો તેમાં દરેક તૃણાહારી પ્રાણીઓ રાખવામાં આવ્યા હતા અને ગાયો પાળવાના અને પૂજવામાં તો તેઓ આખા કાઠિયાવાડમાં શિરમોર ગૌ પ્રેમી તરીકે બહાર આવ્યા હતા, તેવા આ ગૌ પ્રેમી શાસકે ગાદીએ બેસતાની સાથે જ કેટલાક ફેરફારો રાજતંત્રમાં કરાવ્યા અને પશુઓ માટે ચરિયાણ ખુલ્લા કર્યા કે જયાં અગાઉ મસવાડી નામનો ઢોર ચરિયાણનો વેરો લેવાતો હતો,જો કે જયારે આ મસવાડી વેરો લેવાતો હતો ત્યારે ધાર્મિક તિર્થસ્થળો અને જગ્યાઓના ઢોરનો મસવાડી વેરો લેતા ન હતા,દા.ત.સતાધારની જગ્યાના ઢોર,ગિરનાર ઉપરના જગ્યાઓના ઢોર.

નવાબ મહાબતખાનજી ત્રીજાએ ગ્રામ પંચાયતો સ્થાપવાની જાહેરાત પોતે ગાદીએ બેઠા ત્યારે કરી હત

**(૧) ગ્રામ પંચાયત**

નવાબ મહાબતખાનજી ત્રીજાએ ગ્રામપંચાયતો સ્થાપવાની જાહેરાત પોતે ગાદીએ બેઠા ત્યારે જ કરી હતી,જે ગ્રામપંચાયતો ને મહેસૂલી અને દીવાની અમુક સતાઓ આપવામાં આવી હતી,પછી ગ્રામપંચાયતો સ્થપાણી અને ગ્રામ્યપટેલો અને ગ્રામપંચોની ચૂંટણીઓની જાહેરાત રાજયના ગેઝેટમાં આપી કરવામાં આવી હતી, આ ચૂંટણી દર પાંચ વર્ષે કરવાની હતી. આ ગ્રામપંચાયતો જેવી જ સલાહકાર સમિતીઓ પણ જૂનાગઢ રાજયએ ઈ.સ.૧૯૪૩માં નીમવાનું શરૂ કર્યુ હતું જેમાં રાજયના પ્રબુદ્ધ અને અગ્રગણ્ય નાગરિકોને પસંદ કરવામાં આવતા હતા.

**(૨) શહેર સુધરાઈ**

કાઠિયાવાડમાં ધીરેધીરે રાજાઓ પ્રજાને પોતાના હાથમાં સતા આપતા બનતા ગયા હતા તેમાં ભાવનગર રાજયનું નામ મોખરે રહયું હતું જૂનાગઢના નવાબે પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ આપી હતી,તેથી જૂનાગઢ અને વેરાવળમાં મ્યુનિસિ

પાલીટી સ્થપાઈ હતી.જૂનાગઢમાં સીટી મ્યુનિસિપાલીટી અને શહેર સુધરાઈ મ્યુનિસિપલ બોર્ડ હતુ જેના પ્રમુખ ટી.ડી. રાણા હતા.

જૂનાગઢ અને વેરાવળ સિવાય ૧૮ ગામોમાં મ્યુનિસિપાલીટીઓ હતી.(૧)ઉના (૨)સુત્રાપાડા (૩)પાટણ (૪)દેલવાડા (૫)માળિયા (૬)કેશોદ (૭)બાલાગામ (૮)શીલ (૯) બામણાશા (૧૦) કુતિયાણા (૧૧) વડાલ (૧૨)વિસાવદર(૧૩)બગડુ (૧૪) વંથલી (૧૫)ભેંસાણ (૧૬)શાપુર (૧૭)અજાબ (૧૮)ચોરવાડ

**(૩) ચરિયાણ**

નવાબ મહાબતખાનજી ત્રીજાને પશુપક્ષી પાળવાનો અનેરો શોખ હતો,સરદારબાગમાં ફેન્સીબાગ નામે એક બાગ બનાવ્યો હતો તેમાં દરેક તૃણાહારી પ્રાણીઓ રાખવામાં આવ્યા હતા અને ગાયો પાળવાના અને પૂજવામાં તો તેઓ આખા કાઠિયાવાડમાં શિરમોર ગૌ પ્રેમી તરીકે બહાર આવ્યા હતા, તેવા આ ગૌ પ્રેમી શાસકે ગાદીએ બેસતાની સાથે જ કેટલાક ફેરફારો રાજતંત્રમાં કરાવ્યા અને પશુઓ માટે ચરિયાણ ખુલ્લા કર્યા કે જયાં અગાઉ મસવાડી નામનો ઢોર ચરિયાણનો વેરો લેવાતો હતો,જો કે જયારે આ મસવાડી વેરો લેવાતો હતો ત્યારે ધાર્મિક તિર્થસ્થળો અને જગ્યાઓના ઢોરનો મસવાડી વેરો લેતા ન હતા,દા.ત.સતાધારની જગ્યાના ઢોર,ગિરનાર ઉપરના જગ્યાઓના ઢોર.

## (૨૮) મીર ઉંમર–ભાડલા

વિદાકર સાગર ભૂપ જૂનાણા કે ગઢે વંદા,
નરીહયો છત્ર મહામેરૂતા ગણાય ગજે,
છત્ર નદીયુનું જેમ ગંગાજી સરસ,
બડી શકલ મુરા ભેદતા જાગો છો,
કિતાબો ઉર્દુ જાણો અરબી કુરાન,
ફારસી બંગાળી સંસ્કત ગુજરાતી ફાવે,
પ્રજાનાથ સમજો છો અઢારે પુરાણ,
દાનધાન સન્માન હવા કુ આપો છો દેતા,
કીર્તિ સુધા જયુ સુણી ત્રપત થિયા કાન,
આપને જોવા સઘળી વસતિ,
આંખે નીરખી નિહાલ થઈ મહાબતખાને.

## (૨૯) ગીગા મીર–આણંદપુર તા.ચોટીલા

મુલકો મે મહાબતખાન તુમને નામ કર દીયા,
કલામ કર દીયા જારી હરેક યે હી કલામ કર દીયા,
તારીફી ચલી રે કુલ અકલીમે હિંદ મે,
રૈયત તેરી કો ખૂબસા આરામ કર દીયા,
ઈન્સાફ કી દરમિયાન મે હૈ તુમ આહટ લાઆ,
દિલ ઈજહાર એ ખુદાને કાજે હી કામ કર દીયા,
ઈન્તઝાર આસ આપકી લીયો કવિતા બના દીયા,
રાજ કરવે આપને સુબહાન શાદી કિયા.

## (૩૦) સાકરબાઈ લાધાભાઈ– કન્યાશાળા વથંલી

આજે આનંદ અતિ ઉદય થયો આ,
વેલીવેલી ચાલો સહેલી,
આનંદ સહુના ઉર ભરેલી,
જીર્ણદુર્ગ પૂણ્યધામમાં રાજ મહાબતખાન,
શાદી નવાબસાહેબની સૌને મોટું માન,
લગ્ન મંડપની શોભા ઘણેરી,
જોવા સમાજ મળ્યો મેદની,
સન ઓગણીસ એકવીસની એપ્રિલ તારીખ ત્રણ,
રવિવારનો દિવસ આ સુવર્ણઘડી પળ ધન્ય,
મંગલકારી વાજાઓ વાજે સુખદ મુબારક દિવસ રાજે,

ઉતમ સદગુણ મેળવી કરો પ્રજાપ્રિય કામ,
અદભૂત ચાતુરી વાપરી લાભ આપો આ રામ,
બાળપણમાં વસી વિલાયત લાખેણી વધારી છે લાજ,
બાબી રાજય તપજો બહુ વધતા રહેજો પરિવાર,
ઘણું ઘણું જીવો રાજવી સોરઠના સરકાર,
સદા સુખી રાજ રહો આપ દંપતિ આશિષ માનને આજે.

## (૩૧) પુરોહિત ગંગારામ ભાણજીભાઈ– જૂનાગઢ

શ્રી ગણપતિને ચરણે લાગુ શારદાજી થાશો સહાય,
સોરઠ સરકારના ગુણ ગાઉ જે નો ચૂકે નિર્મળ ન્યાય,
બાબી મહાબતખાનજી કહીએ જૂનાગઢના રે ભૂપ,
શોભા જાહો સૂર્ય પ્રગટયો દીસે અપરંમ રૂપ,
આભમાં ઈન્દુ શોભે જેમ તમ સભા મધ્ય નવાબ,
શશી માંહે શિતળ તાજે કી વાણીમાં તેવી જવાબ,
શોભા જોવા શહેર તણી નીકળ્યા મહાબતખાન,
લાન્સર સવાર સાથે શોભે મહમદભાઈ ગુણવાન,
આસોપાલવને આનંદ વધ્યો આજ લઈશું લ્હાવો,
દરવાજા સુંદર કમાનવાળા ઉપર આને ચડાવો,
કિટસન લાઈટનું કામ કીધું નિશ દીન મણી જેવી,
કિંગ્જ રોડ્ની સડક શોભે મહેન્દ્રનગરી જેવી,
વિપ્ર ભાણજી સુત કહીયે ગંગારામ છે નામ,

## (૩૨)ધનેશ્વરભાઈ દેવકૃષ્ણભાઈ પંડયા– જૂનાગઢ

અતિ ભવ્ય દિવ્ય મહાન મંડપ ભૂમિ પર શોભી રહયો,
શૂરને શશીની રશ્મિ સમદશ દિશાને અજવાળતો,
નથ્ય સમ ઝુમખા ઝુમરના તોરણ પતાકા હેમના,
વિધવિધ રૂડા દર્પણ ખરચયા સ્વર્ગીય હોયના,
કળ કળાધરની કળાઓ મૂર્તિમતિ ખીલી રહી,
સંગીત ગાયક ગાયિકા કંઈ નર્તકી નાચી રહી,
ઉભરાય સૂરના ગાન શું આહવાન જન સૌ કરે,
વિતાનમાં સન્માન સ્થાને યુકત પદ આવી વરે,
કંઈ નાટય ચેટય વિચિત્ર કૌતુક ગુણીજનો ભજવી રહયા,
એ અલભ્ય ઘટના સભ્ય સૌને આપતી અનહદ મજા,
કવિઓ કરી કૃતિ ત્યાં ઉચ્ચારતા ચિતને આહલાદતા,
અવનવ કવિતે કાવ્ય રસથી રંગ સ્થળી ગર્જાવતા,
સાહિત્ય સંગીત નૃત્યને કંઈકંઈ અહીં નૂતન કળાથી,
સુરી હૃદય નાગરિક ચિતરંજવા નથી અવકળા,
પીણા વિવિધ ફૂલ હારતોરા અતરો ખર્ચાય છે,
બહુ દાન માનથી મંડપે શું પ્રજા પારિતોષાય છે,
બાબી બહાદૂર રાજ મહાબતખાનની શાદી સદા,
ચિર સ્મરણિયએ દિલ હરણીએ શું પ્રજા તણી સુખસંપદા,
આબાલ વૃધ્ધ પુરના નિવાસીને નિમ્યા પ્યારથી,
ભોજન અને સન્માન દાનથી પૂજયા અતિ વહાલથી,
મહાશય મહાબતખાનનો આશય પ્રજાનો પ્યાર છે,
અધિકાર પ્રેમે યુકતજનને શોધીને અપાય છે,
ઉદય અમ સૌનો થશે એ મહોદયના રાજયમાં,

એ ભાવ અમ સૌના હૃદય રે રંગતો બહુવાર હા,
કંઈ સમયની તૃષ્ણા હમારી પ્રભુએ પુરી કરી,
આ રાજવીની આણમાં અમ વિઘ્ન શું? પડીમાં સરી,
ટૂંક સમયની આ કારર્કિદી પ્રજાપ્રિય અવલોકતા,
એમ પ્રજા કેરુ હૃદય આજે રાચતું સુખ ચેનમાં,
શાદી મુબારકની નવાજેશો અમર રહેજો સદા,
પરિણીત દંપતિ માતુ પિતુ સમ અળવરે રહેજો સદા,
નવરાજ દંપતિના હુલાસો ફલિત કરજો શ્રી પ્રભો,
રાજા પ્રજા હિતમાં પરસ્પર સંપદા અર્પો વિભો.

## ૪–શાહજાદી લાલબખ્તેના અવસાન સમયે રચાયેલ વિરહગીત ઈ.સ.૧૯૨૪.

### (૩૩) વૈધ છોટાલાલ દુર્ગાદાસ–જૂનાગઢ.

અરર ઓ ખુદા શું ગજબ કરી બીમાસાહેબા લઈ ગયો હરી,
રવિઉલ તેરમી તેંતાલી હોજરી ગમી ફીલા ગઈ શહેરમાં ખરી,
સંવત એંસીનો જવાબ બળબળે મુસ્લિમ હિંદુઓના દિલ કળકળે,
શોક સાગર ડુબી હડતાલ પાડીને ઉદાસી થઈ ઘણી આંસુ લાવીને,
મહાબતખાનજી નિસાસા નાંખતા રડી પડયા સૌ જનાજો દેખતાં,
અમીરને દીવાન મહેતા મુત્સદીઓ ચોધાર આંસુએ રોવે સીબંદીઓ,
જનાજો ઉપડયો પાયદસ્ત શોકથી આસમાને છુપીઓ સૂર્ય ત્રાસથી,
અંધકાર આદરી રડી છે વાદળી ગમી દેખાવમાં થયેલી આંધળી,
જનાનખાનામાં હાય હાય થાય રે શોક સાગરે આસુંડા ઝરે,
માજી પીટતા માથુ પછાડતા બેહોશ થઈ ગયા વાળો પિંખતા,
ખયગાન થઈ ખોળતા લાલબખ્તેને રાડ પાડતા નિશાસો નાંખતા,
હકીમો દિલ્હીના બોલાવ્યા હોંશમાં ઉપાયો આદર્યા અકસીર મહેલમાં,
આખરી થઈ બીમા લાલબખ્તેને [1] ખુદાનો હુકમ છે એમ ધારીને,
દિલાસો આપવા બજાવી ચાકરી પરવર દિગારની કરીમી આકરી,
બીમાસાહેબા ચાલતા થયા કકળતા કરી દુનિયા તજી ગયા,
બેહસ્તમાં જજો રસુલ પાસ બેસજો સુખ શાંતિમાં રહી આરોગ્ય પામજો.

**(૧)લાલબખ્તે**

લાલબખ્તે એ નવાબ મહાબતખાનજી ત્રીજાના બહેન હતા અને તેમનું તા.૧૩–૧૦–૧૯૨૪ના રોજ ૨૧ વર્ષની વયે અવસાન થતા તેમની યાદગીરીને ચિરંજીવ રાખવા આજના નરસિંહ વિદ્યામંદિર પાસે તેમના નામે લાલબખ્તે મસ્જિદ બાંધવામાં આવી છે અને તેમના નામે સૈયદવાડામાં લાલબખ્તે સ્કૂલ તા.૧–૧૧–૧૯૨૬ના રોજ ખોલવામાં આવી હતી.લાલબખ્તે મસ્જિદના ફળિયામાં નવાબ મહાબતખાનજી ત્રીજાના બેગમ મોતીબીબી આઝાદી પછી છેક ઈ.સ.૧૯૯૦ આસપાસ મૃત્યુ પામેલા તેની કબર આવેલી છે,જે જાણે કે તે તેમની નણંદબા ના સથવારે જ સુતા છે.

## ૫– શાહજાદી તાજબખ્તેની શાદી વખતના કવિતો ઈ.સ.૧૯૪૧

### (૩૪) ફૈઝમહમદ ફતેહમહમદ – રાજકોટ.

આજ શા ભાગ્ય આ સોરઠ દેશના,
શાહજાદીની શાદી દેશમાં ઉજવાય છે,
તે થકી સૌરાષ્ટ્ર શિર ઉચ્ચ આલમ મહી,
શાદી દિનથી વડા ઉત્સવ શો,
ગરીબો તણા સંકટ હર વર્ષ શત જીવ ઓ,
દીન સોરઠ તણાં ભવ્ય સરકાર,
આવો ઓ કવિવરો દિવ્ય ગાયક ગણો,

સૌ કલાના કલાકાર આવો,
કૈક સૈકા લગી તમ કલા કાજ કો,
ઈશ વીણ નહીં મળે વિષય આવો,
જે હ જીવનકલા સૌ કલા પ્રેરતી,
તે કલા હીન અમ જીવનો શા,
જીવન અમ પ્રેરવા વર્ષ શત જીવઓ,
સત્ય સૌંદર્યના ભકત બાબી,
મેડી કર દુવા માંગીએ એય દુવા,
મુબારકબાદના આવા પ્રસંગો એક આપો.

## (૩૫) બાલુ આરબ – રાજકોટ.

આજ હું ખુશ છું ખુશી મુજ દીલ મહી ઉભરાય છે,
આજ શેહજાદીની શાદી દેશમાં ઉજવાય છે,
જયાં જૂઓ ત્યાં આજ જૂનાગઢ મહી રંગરાગ છે,
આજ સોરઠ દેશનું શું રળિયામણું દેખાય છે,
તમ  ઘણું જીવો ઘણું જીવો મહોબતખાનજી,
આપની શેહજાદીની શાદી મુબારક થાય છે,
હો મુબારકબાદ આ  ભોપાળ બેગમ સાબને,
આપની પુત્રી તણા શુભ લગ્નમંડપ થાય છે,
છે દુવા બાલુ તણી સુખ વિશ્વમાં પામો સદા,
છો વસુ પરદેશમાં દીલ આપના ગુણ ગાય છે.

## (૩૬) હાજી ફજુભાઈ ફતેહદીન સીદીકી– ઉના.

તખ્ત શહેર મુસ્તફાબાદ નિગાહ રખ્ખે જમિયલશાહ દાતાર,
અમર અને અવિચળ રહે ત્રીજા મહમદ મહાબતખાન સરકાર,
સોરઠતણા શિરોમણી રહે સુખી અને શાંતિ માંહે,
જગમાં અમર કીર્તિ આપની વ્યાપી રહી સખાવત માંહે,
દિલના દાતાર મહમદ દિલાવરખાન સોરઠના સાચા શણગાર,
હમદર્દીને હિમાયતીબંધુ હિંમતખાન સાચા છે મદદગાર,
રૈયતરાજી રહે સદા આશિષ દઈએ છે સર્વદા,
સોરઠ તણાં રાજયનો ઝંડો જમાવી દે પ્રભુદા,
આશિષ અર્પે દીલથી સદા ફૈજદીન ખાસ તારી પાસ,
સખાવતી નવાબી રાખ કાયમ સદાઈશ તું ખાસ.

## (૩૭) નાનજી શામજી– બાલાગામ.

મુબારક હો યે શાદી શેહજાદી સાહેબા તાજબખ્તેમા,
બાગે આલમ મેં રહો ચેયનસે પુરી હો દીલીઅરમાં
આજ હમારે દીલમેં હૈ બાગે તમન્નાએ બહાર,
આજ જૂનાગઢ કાં જંગલ ભી બના હૈ ગુલઝાર,
હર શજરકે પતોપે હરી રોશની દીખાતી હૈ,
આજ રિયાસત મે ભી ખુશી ખુશી મનાઈ જાતી હૈ,
મુબારક હો મુબારક હો તુમ્હે ઐશો આરામ ઔર સુખ સાજ,
તુમ પે હો નાજ કો ભીનાજ રહો ઉમ્ર દરાજ,
જૂનાગઢ દાતાર કી છાવ હૈ અજબ શહેર શોભે સુનેહરા,
લીલી નાઘેર સાગર કા સાહીલ ઔર ગિરકા જંગલ ઘેરા,
બાજે ડંકા નિશાન બિરાજે કેમ્પ કા તંબુ ડેરા,
રાજ કરત હૈ બાબી બહાદૂર ખુદાવિંદ અમુલખ ચહેરા,

અલ્લાહ આબાદ રખ્ખે હમારે શાહ મહાબતખાન પિયારે,
ગરીબ પરવર દીલે સમંદર સોરઠકે સુલતાન હમારે,
જયુંહી તારોમેં ચમકતા હે ચાંદ આસમાં પે,
યુંહી આલમમેં ચમકતા રહે સિતારા,
કાયમ હૈ રોશની જો કુદરતને બનાઈ હૈ,
કાયમ હમારે સરપે રહો શાહ હમારા,
અલ્લાહ આબાદ રખ્ખે હમારે શાહ મહાબતખાન પિયારે,
સારી જહાંમેં જીસકા રોશન હૈ પિયારા નામ,
યે પ્રિન્સ બહાદૂર દીલ કે દાતા દુલા દિલાવરખાન,
ક્રિકેટ[૧]મેં કી કામયાબી હિંમતે બહાદૂર હિંમતખાન,
સખાવતખાન,યુસુફખાન ઔર ગુલામ મહમદખાન,
યે હૈ બાબી વંશ ઉજીયારે રૈયતકી આંખો કે તારે,
અલ્લાહ આબાદ રખ્ખે હમારે શાહ મહાબતખાન પિયારે,
અમીર ઉમરાવ અફસરો ઔર શાહી ખાનદાન,
દરબારે આમ શોભતા હૈ સોરઠ કે સુલતાન,
નાચીજ નાનુ કી યે હૈ દુવા દીલ કી હૈ સુબહાન,
સલામત તાજ રહો ઉમ્રદરાજ હો શાહ મહાબતખાન,
લાખો કે પાલનહાર હમારે મહાબતખાનજી પ્રાણ પ્યારે,
ગરીબ પરવર દીલે સમંદર સોરઠ કે સુલતાન હમારે,
અલ્લાહ આબાદ રખ્ખે હમારે શાહ મહાબતખાન પિયારે.

**(૧)ક્રિકેટ**

જૂનાગઢમાં ક્રિકેટની રમત ખૂબ જ લોકપ્રિય બની હતી અને રાજય ઘરાનામાં પણ લોકપ્રિય હતી.નવાબ મહાબત ખાનજી ત્રીજાના બે શાહજાદા યુવરાજ દિલાવરખાનજી અને હિંમતખાનજી બન્નેને ક્રિકેટનો જબરો શોખ હતો અને બન્ને ભાઈઓ અલગ અલગ ટીમ બનાવી સામસામે મેચ ખેલતા હતા.દિલાવરખાનજીના ક્રિકેટરોમાં મૂળજી અદા (વિકેટકિપર)હાજી મહમદ,હનીફ મહમદ,હૈદરઅલી (હૈદુ)અબા મુસા,સર્વરખાન,ડિકોસ્ટા મિસ્ત્રી વગેરે હતા ,જેમાં હાજી મહમદ તો એવા જબરા ખેલાડી હતા કે ગર્લ્સ હાઈસ્કૂલને દડો ઠેકાડી દેતા હતા અને લોકો હાજીડા મારમારના પોકારો કરે ત્યાં તો દડો આકાશમાં ઉડયો જ હોય,આ માણસના હાથ હેઠળ જ આજના પાકિસ્તાનના ૮ યારના પ્રખ્યાત ક્રિકેટર હનીફ મહમદ તૈયાર થયા હતા.નવાબના બે શાહજાદા ક્રિકેટના શોખીન હોવાથી પ્રજાજનોમાં પણ ક્રિકેટનો શોખ વધુ પ્રચલિત બન્યો હતો.

## ૬–શાહજાદાઓની સુન્નતશાદીના સમયે રચાયેલા ગીતો ઈ.સ.૧૯૪૨

### (૩૮)કવિ અમરાભાઈ ભૂરાભાઈ–ગોરવીયાળી

સોરઠ ભોમને શોભાવવા બુધ્ધિવંત ગાદીએ બિરાજયા બાબી,
રીતવંત ઓચ્છવ આદર્યા રાજ મા સખાવતાખાનજી[૧]ની કરી સુન્નત શાદી,
સેંકડો સદાવ્રત[૨] કર્યા ચાલતા,દુબળને ધન આપવા દોઢે,
કરોડો કવિઓ કરે છે કિલ્લોલ, માંગણ ભૂલે માંગતા મોઢે,
દિલ દરિયા તણીવાલે કેમ દાખવી લોઢ જેમ મોજના હિલોળા લાગે,
નિશાન તોપ ફરુકા જૂઓ આ નવખંડે વિજેતા જીતની નોબતુ વાગે,
મેઘબળ મહિપતિ કાયમી માનવો, દતતણી વૃષ્ટિ તેમ દેખો,
વછુટો મેઘ જેમ ઉનાળો વાટવા, કાટવા શત્રુ પર જાણે કોપા,
અર ઉનાળાના મૂળિયા ઉપડયા,સતાવત છોડવી એમ સોપો,
ગઢ જૂના તણી જૂઓ આ ગાદી એ બુધ્ધિવંત બાબીઓ થાય બકા,
તેગ ને દેગ બેઉ ટકાવ્યા,શત્રુની છાતીઓ માની આશંકા,

સોરઠ સરકારની સાંભળો આ સાહેબી, મહાબતખાન મહીપતિ તણી એમ મતિ,
વાર્ષિક રોકડા કઈંક ભઈ વાપર્યા ગામના ગામ દઈ સ્થાપિયા ગઢપતિ,
ગઢ જૂના તણી થાય નહી ગણતરી, અવર રાજ ગણત્રી એઠમા,
માગસરે માવઠું કર્યુ હશે, મોરથી જબર ઓબાળ તણાણા જેઠમા,
સોરઠ ભોમમાં આપ સૌ છત્રપતિ, દયાળુ રહેમની નજર દાખો,
કવિ અમરેશના દાળદર કાઢવા,નરપતિ મૂછ પર હાથ નાંખો.

**(૧) સખાવતખાનજી**

સખાવતખાનજીએ નવાબ મહાબતખાનજી ત્રીજાના તા.૧૮–૧૧–૧૯૩૧ના રોજ જન્મેલા શાહજાદા હતા તેમની સુન્નત શાદી તા.૨૪–૧૨–૧૯૪૨ના રોજ કરવામાં આવી હતી,તેની જ સાથે શાહજાદા યુસુફખાનની પણ સુન્નત શાદી હતી ત્યારે કવિઓએ આ ગીતો રચ્યા હતા.આ સુન્નતશાદી પાછળ રૂા.૩૫૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો હતો ત્યારે રાજયના રિવાજ મુજબ ગરીબ અને જરૂરિયાતવાળા મુસ્લિમ બાળકોની પણ તેઓની અરજ આવવાથી સાથેસાથે સુન્નતશાદી કરી આપવામાં આવી હતી,આ પ્રસંગે જૂનાગઢની શાળા કોલેજોમાં રજા રાખવામાં આવી હતી અને બીજે દિવસે સ્કૂલોમાં આ ખુશાલીમાં સાકર વહેંચવામાં આવી હતી.

**(૨) સદાવ્રત**

જૂનાગઢ રાજય આખા કાઠિયાવાડમાં શિરમોર હતુ,જૂનાગઢ રાજયના સહિષ્ણુ નવાબો અન્નદાનનો મહિમા પૂર્ણ રીતે સમજયા હતા,જેમાં ખાસ કરીને નવાબ મહાબતખાનજી ત્રીજાના કાળમાં લાખોના દાન દેવાયા અને ઠેકઠેકાણે સદાવ્રતો ચાલતા થયા હતા તેથી કવિએ અહીં આ ઘટનાને સાચી રીતે બિરદાવી છે.ઈ.સ.૧૯૨૯–૩૦માં આખા જૂનાગઢ રાજયમાં કુલ ૧૮ અન્નક્ષેત્રો ચાલતા હતા જેમાંથી ૮ ખાનગી અન્નક્ષેત્રો હતા અને ૯ રાજયના સહયોગથી ચાલતા હતા જેમાં જૂનાગઢમાં ૪, વડાલમાં ૧,વધાવીમાં ૧,પલાસવામાં ૧,દ્રોણમાં ૧,ઉનામાં ૩ ગુપ્તપ્રયાગમાં ૨,સામતેરમાં ૧,દેલવાડામાં ૧, તુલશીશ્યામમાં ૧,કેશોદમા ૧,સતાધારમાં ૧ હતું.

એક કાયમી લંગરખાનુ જૂનાગઢમાં ચાલતું હતું.જે મકાનને આજે પણ લોકો લંગરના ડેલા તરીકે ઓળખે છે,જે જગ્યાએ દરરોજ ૪૦૦ થી ૫૦૦ માણસોને અનાજ અને ભોજન રાજય તરફથી મફત આપવામાં આવતુ હતુ,હિંદુઓને દરરોજ મફત અનાજ લોટ,ચોખા મીઠું વગેરે મળતા જયારે મુસ્લિમોને ભાત અને મટન એટલે કે બિરીયાની અને રોટલો દાળ મળતા હતા. અરે શિવરાત્રીના મેળા વખતે અને પરિક્રમા વખતે પણ રાજય તરફથીહજારો સાધુઓ અને યાત્રિકો જમાડવામાં આવતા હતા.આ ભોજનમાં કોઈ પણ પ્રકારના ભેદ નહોતો રાખવામાં આવતો. નવાબના આ લંગરખાનાનો અને મફત ભોજનનો અહેવાલ મુબઈથી "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"એ ચાર પેઈઝ ભરી ફોટાઓ સહિત છાપ્યો ત્યારે આખા ભારતના લોકો અને જગ્યાધારીઓ પણ નવાબની દાન વૃતિ તરફ વિચારતા થઈ ગયા હતા.આવી કાયમી ઉદારતા ધરાવનાર કદાચ આખા કાઠિયાવાડમાં માત્ર નવાબ એક જ હતા,એ વાતની આજના પ્રજાજનોને કયાં ખબર છે જેને તો માત્ર વિજેતાએ લખેલા ઈતિહાસમાં નવાબ મહાબતખાનજી ત્રીજાના ખોટા અવગુણ અને ખોટી વાહિયાત આધાર પુરાવા હતા વિનાની વાતોની જ ખબર છે ત્યારે આવી બાબતો નવાબની સાચી હકીકત સમજાવશે.

**(૩)ગામના ગામ**

જૂનાગઢ રાજયમાં કુલ ૮૬૧ ગામો આવેલા હતા જેમાંના ઘણા ગામો બારખલીદારોના, ખેરાતી,ઈનામી અને ધર્માદાના અને જે પ્રસંગોપાત મૂળ ગરાસિયાઓ, જગ્યાધારીઓ, નોકરિયાતો, ચારણો વગેરેને આપેલા હતા. આથી કવિ આ બધા જ ગામોના નવાબના દાનને યાદ કરી અહીં ઉલ્લેખ કરે છે.

## ( ૩૯)ભકત કવિ વીરાભાઈ હાજાભાઈ– ઉંચડી

મરદ મહોબતખાન તું સોરઠ રો શણગાર,
પણ દિલ દરિયો દાતાર, જોયો જૂનાગઢ ધણી,
તું દાતા હું દીન છું પણ પુરવ જનમની પ્રિત,
પણ ચોકયુ મારું ચિત ચરણે સોરઠના ધણી,
મહોબતખાન મહાપુરુષ,તું તો ગેબી ગરીબ નિવાજ,
માંગણ ચારણ સામુ આજ ,જોજે જૂનાગઢ ધણી,
સોરઠ ભોમ સોહામણી,ત્યાં તો મહોબતખાન શૂરવીર,
ઘણાં સુખિયા સંત ફકીર એને સે જે વસ્તુ સૌ મળે,
મહોબતખાન સત્યવાદી સરકાર, જૂનાગઢ પત જાણીયો.

## (૪૦) રાજ મીર ઈસ્માઈલ આલમ –જૂનાગઢ

યે ખત્ના શાદી કા સર પર હય ખુશનુમા સેહરા,
મુબારક રાજકુમાર કો, હો સદા સેહરા,
સખાવતખાન,યુસુફખાન[૧] કો મુબારક હો,
યે જલસા ખત્ના કા ઓર બે બહા સેહરા,
અજબ હય કયા જો હમારી નિસાર હય નજરે,
ફીદા હય દેખ કે તારે પે પુર ઝિયા સેહરા,
કિયા જો જે બે સરે પાક શાહજાદોને,
કદમ પે ફરતે અદબસે ,વહી ઝુકા સેહરા,
મુબારક ઓર હુમાયુ મુદામ શહે સોરઠકા,
હય શાહજાદો કે સર પર જો પુરજિયા સેહરા,
અગર યે જો જોશે મોહબ્બ્ત નહિ તો ફીર કયા હય,
લીપટ કે સરસે હય શેહજાદો પર ફીદા સેહરા,
દો આહય અબ યે ખુદા સે સદા મુબારક હો,
ખુશી કી બઝમમે મંગલને જો પડદા સેહરા

**(૧)યુસુફખાન**

યુસુફખાનએ નવાબ મહાબતખાનજી ત્રીજાના તા.૧૮–૭–૧૯૩૪ના રોજ જન્મેલા શાહજાદા હતા.તે અને તેમના ભાઈ સખાવતખાનજી એમ બન્ને ભાઈઓની સાથે જ સુન્નતશાદી કરવામાં આવી હતી.

## (૪૧) રાજમીર ઈસ્માઈલ આલમ –જૂનાગઢ

ખુદાવંદ મહાબતખા સોરઠ કે પ્રતિપાલ શુભઘડી,
માલિકને આપકો દીખાઈ હુય,
સખાવતખા,યુસુફખા દોનો શેહજાદો કી માલિક કીમ યાસો,
સુન્નત શાદી મનાઈ હુય,
અમીર ઉમરાવ સબ ઓફિસર સોરઠ કે હિન્દુ મુસલમાને,
ઘુમ યે મચાઈ હય,
મુબારક સલામત સલામત મુબારક યુહ દેતે હય દિલસે,
શાહ કો બધાઈ હય,
રહે રાજ કાયમ યા ખુદાવંદે આલમ મેરે શાહ કી ચડતી હો,
ચડતી સવાય હય,
કવિ મંગલ દસોંદી આપકા દુવા ગોયે કહેતા,
હય દિસે શાહ કો બધાઈ હય.

## (૪૨) ભકત કવિ મનુભા જેમાભાઈ રાઠોડ– ઉંચડી

દ મોહ મનમાં ના જરી ,ધન્ય ધન્ય મહોબતખાનજી,
પીર તુમ મુસ્લિમકા ,હિન્દુ તણા હો કાનજી,[૧]
હું પ્રાણથી[૨] પ્યારી પ્રજા, સરખી નજરે સૌ પર સદા,
ન મન ધનથી ધ્યાન દઈ,હુરતા પ્રજાની આપદા,
યા નહી સોરઠપતિ કભી માંસ તે ગૌ[૩] માત કા,
રપાલ હિન્દુ કા હરિ નહી ભેદ હે કોઈ જાતકા,
વો અવિચળ ભૂપતિ, સરકાર શિર કા હો ઘણી,
હઠપતિ ચરણે નમુ તું મહેર કર મહોબત મણી,
ખતા હમેશા રક પર તુમ રહેમ સચ્ચા દિલ તણી,
ગ.નાર પર ના પ્રેમ કરીયો બેન માતા ગણી,[૪]
બ.સ્થાન રા રહેમાન કા કરડી નજર તેના કરી,
જ.ભાર મિલ્કત ધર્મની ભંડારમા[૫] ન ભરી,

યા તણુ કલ્યાણ કરવા ,સુન્નત શાદી આદરી,
હે માન જેસા પુત્ર છે છોટા સખાવતખાનજી,
ને ગરવો વળી ગુરુદત આનંદ આપશે,
માન જ પુરુષાર્થ કરતા ભાગ્ય સૂતા જાગશે,

દુહા

સત્યવાદી સરકાર તું મહોબત મન મજબૂત,
જેને જીતે નહી અવધૂત ,તેને જીત્યુ જૂનાગઢ ધણી,
નિરખી નહી પરનાર તે હીણી નજરે હજૂર,
તારુ બંદગીમાં બહાદૂર મનડું મહોબ્બતખાનજી.

**(૧)હિંદુતણા કાનજી**

નવાબ મહાબતખાનજી ત્રીજા અતિ ભોળા અને સહિષ્ણુ શાસક હતા.હિંદુ મુસ્લિમ ધર્મને સમાન ભાવે જોનારા સમદષ્ટિ વાળા શાસક હતા તેમના રાજયમાં શ્રાવણ માસની પૂનમે સમુદ્રપૂજન, રક્ષાબંધન, દશેરા, દિવાળી જેવા પ્રસંગો ઉજવાતા હતા.દશેરા નિમિતે જૂનાગઢમાં દૂધની ધારાવાડી દેવાતી અને તેનો ખર્ચ રાજય ભોગવતુ હતુ,આ સિવાય તેમણે અનેક હિંદુ તીર્થસ્થળોને દાન આપ્યા હતા અને પેટિયા અને દીવેલ બાંધી આપ્યા હતા.પોતાના દરેક શાહજાદા અને શાહજાદીના લગ્નપ્રસંગે રાજ જયોતિષી શંભુપ્રસાદ જોશી પાસે જન્માક્ષર કરાવતા અને તે પ્રસંગે શાહજાદાના જન્માક્ષરના રૂા.૧૦૦ અને શાહજાદીના  જન્માક્ષરના રૂા.૫૦ આપતા હતા.
આ બાબી મુસ્લિમ રાજયએ પોતાના હિંદુ કર્મચારીઓને શ્રાવણ માસના સોમવારે અડધા દિવસની રજા આપી હતી.તેથી કવિએ અહીં તેમને હિંદુતણા કાનજી કહયા છે.

**(૨)પ્યારી પ્રજા**

નવાબ મહાબતખાનજી ત્રીજાને પોતાના પ્રજાજનો કેવા વહાલા હતા તેના બે ત્રણ દાખલાઓ જોતા જ આપણને સમજાય છે કે ખરેખર તેમને પોતાની પ્રજા પ્યારી હતી.સરદારબાગ પેલેસ સામેના તળાવના કાંઠા ઉપર ઘાંચીઓની વાડી હતી અને તે વિસ્તાર ઘાંચી પટ તરીકે ઓળખાતો હતો ત્યાં એક દિવસ નવાબ મહાબતખાનજી ત્રીજા મોટરમાં બહાર નીકળ્યા અને તેમણે ખેડૂતને બળદને માર મારતા જોઈ ગયા ત્યારે મોટર ઉભી રખાવીને પૂછયુ કે કેમ બળદને મારે છે,ખેડૂત કહે સોરઠ સરકાર શું કરુ? ખેતી કરવી છે પણ બળદ દૂબળો છે ઉભો થતો નથી,ત્યારે આ બળદ અને ખેડૂત ઉપર દયા કરી તરત જ નવાબસાહેબે નવા બળદો લઈ આપ્યા હતા.
તેઓને પોતાના પ્રજાજનો એવા વહાલા હતા કે જે નવાબીની વિરૂઘ્ધ પ્રજામંડળની પ્રવૃતિ કરનારા વાજસુરભાઈ બોરીચા (આકોલવાડી)એ લોકોની જમીન જાગીર રાજયએ ખાલસા કરતા પ્રતિજ્ઞા કરી હતી કે  પોતાને જયાં સુધી નવાબસાહેબ પાઘડી ન બંધાવે અને લોકોની જાગીર પાછી ન આપે ત્યાં સુધી ખુલ્લા માથે રહેવુ,આ બાબતની નવાબને ખબર પડતા પોતાના પ્રજાજનને પ્રાણ જેવા વહાલા ગણી પ્રજાકિય ચળવળ ચલાવનાર અને પોતાની સામે લડેલાને પણ તા.૩૦–૬–૧૯૪૧ના રોજ સરદારબાગ પેલેસમાં બોલાવી દબદબાભર્યા પ્રસંગમાં પાઘડી બંધાવી હતી એ રીતે તેમણે પોતાના પ્રજાજનની ટેક સાચવી લાગણીભરી ઉદારતા દર્શાવી હતી તેને પછી કવિ કેમ બિરદાવતા ભૂલે.
જૂનાગઢ રાજયના દરેક કર્મચારીને પેન્શન અને નિરાધારોને પરવશી અપાતી હતી.અરે જે દીવાન મહમદભાઈ શેખને જૂનાગઢ રાજયમાંથી ભૂંડે હાલ કાઢી મૂકયા હતા તેમના પત્ની અને બાળકોને પણ પેન્શન આપ્યુ હતું,અરે બહાઉદીન કોલેજના પ્રિન્સિપાલ જેમ્સ સ્કોટના પત્નીને પરદેશ પેન્શન મોકલાતુ હતું.જે કોઈ ગરીબ ગુરબા સાધુ સંત ફકીર નવાબ પાસે કાંઈ માંગણી મૂકે તો તેને સાવ નિરાશ કરાતા નહી.

**(૩)ગૌમાતા**

નવાબ મહાબતખાનજી ત્રીજા મહાન ગૌ ભકત હતા અને તેમણે સરદારબાગ પેલેસમાં અનેક ગાયો પાળી હતી અને તે ગાયોના કપિલા,જાનકી,ગોદાવરી વગેરે નામો પાડયા હતા અને પોતે જયાં જાય ત્યાં તેમની માનીતી ગાયોને ભેગી લઈ જતા હોવાના આધારભૂત દસ્તાવેજો મળ્યા છે.જયારે જયારે તે જૂનાગઢના બંગલેથી કેશોદ,વેરાવળ,ચોકી,શાપુર, દેવડા હવાફેર માટે  જતા ત્યારે ગાયોને ભેગી લઈ જવામાં આવતી હતી.તેમની અનેક ગાયો અને ખૂંટે પશુ હરિફાઈમાં રાષ્ટ્રીય સ્તરે  ઈનામો મેળવ્યા હતા.નવાબ મહાબતખાનજી ત્રીજાએ પ્રભાસપાટણમાં ગૌવધ ઉપર પ્રતિબંધ મૂકયો હતો.જૂનાગઢમાં ડબે પુરાયેલી ગાયોની હરરાજી કરવામાં આવતી હતી પણ ખાટકી ગમે તેટલી ઉંચી બોલે તો પણ તેમને આપવાની મનાઈ ફરમાવી હતી.

**(૪)બેન માતા**

નવાબ મહાબતખાનજી ત્રીજાના કે તેમના પિતાશ્રી નવાબ રસુલખાનજીના ઇતિહાસમાં કયાઈ રંગરાગ કે બેન દીકરીઉપર કુદષ્ટિ કર્યાના દાખલાઓ જોવા મળતા નથી પોતે પોતાની પ્રજાની સુખ સલામતી જ ચાહી હતી અને દરેક બેન દીકરીને માતા બેનની નજરે જોતા હતા અને આખા રાજયમાં સૌની સલામતી હતી.તે બાબતને કવિએ અહીં બિરદાવી છે.

**(૫) ધર્મની મિલ્કત**

જૂનાગઢ રાજયની સહિષ્ણુતા તો સમગ્ર હિંદુસ્તાનના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાય તેવી છે,જૂનાગઢ રાજયમાં જૂનાગઢ,પ્રાચી,સોમનાથ,સુત્રાપાડા, સતાધાર,કોયલી,ગોરખમઢી વગેરે અનેક પ્રસિધ્ધ હિંદુતીર્થસ્થળો આવેલા હતાં,આમાના અમુકને ગામ ગરાસ અને દીવેલ અને પેટીયા બાંધી આપ્યા હતા.જૂનાગઢના દરેક મંદિરોને દરરોજ શહેર ચબુત્રેથી રૂા.૫ આપવાના મુધલકાળના ફારસી પરવાનાઓ પ્રાપ્ત થયા છે.

ગિરનાર ઉપર પણ તીર્થસ્થળોની ખૂબ જ સરસ જતનપૂર્વક જાળવણી કરી હતી અને ધાર્મિક વિવાદો વખતે તટસ્થતા વાપરીને નવાબીતંત્રએ નિર્ણયો કર્યા હતા,જે કોઈ તીર્થસ્થળના ગાદીપતિ કે મહંતો જયારે શિષ્ય નીમ્યા વિના અવસાન પામે ત્યારે તેમની જાગીર ખાલસા કરી લઈ લેતા નહીં તેને બદલે યોગ્ય મહંત નીમવા રાજયના ગેઝેટ ‘દસ્તુરલ અમલ સરકાર,માં મહંત નીમવાની જાહેરાત અપાતી અને નવા મહંત નીમતા,જો કોઈ ખોટી રીતે મહંત નીમાયાનું માલુમ પડે તો તેમને તરત કાઢી મૂકવામાં આવતા,ગિરનાર ઉપર ગૌમુખોની જગ્યાએ એક સાધુ પોતે બ્રહ્મચારી હોવાનું કહી રહી ગયા હતા તે પાછળથી સંસારી હોવાનું માલુમ પડતા તેમને તરત કાઢી મૂકવામાં આવ્યા હતા.

## (૪૩) મણિરાય માધવરાય ઘોડા –જૂનાગઢ

આ હા આ ખુશાલીનો દીન આજ પ્રભુએ આપ્યો મુજને,
શુભપ્રસંગ સુન્ન્તનો,મહમદ સખાવત અને યુસુફખાનને,
કુશળ રહે કુંવરો શ્રી તે માટે કરુ છું અર્જ ઈશ્વર પાસ,
અવિચળ રહે રાજ સદાકાળ,કરુ એ વિનંતી પ્રભુ પાસ,
થજો હુશિયારી મેળવી કેળવણી તે ,થજો કુશળ બાજ વીરરાજ,
કરજો દેનગી શુભકાર્ય,કરજો દાન ગરીબો કાજ,
નભાવજો ગરીબ ગુરબાઓ, મેળવજો જીગર ગરીબની દુવા,
પ્રકાશો સૂર્યચંદ્ર જેમ જોત , વધે સુખ સંપતિ તમને,
કરે માંગણી હરિ પાસ, બક્ષે બક્ષીસો તમને.

## (૪૪) નયનસુખરાય માધવરાય ઘોડા– જૂનાગઢ

રાજ રત્નો કુંવરો બાળ, બન્ને સુન્ન્ત શાદીનો
ધન્ય દિવસ આજનો,
મહંમદ સખાવતખાન  અને મહંમદ યુસુફખાન સુન્નત શાદીનો,
ધન્ય દિવસ આજનો,
શ્રી મહાબતખાન સરકાર ગૃહે, માંગલિક શુભદીન આજ,
ધન્ય દિવસ આજનો,
હર્ષ અતિ રહયે જાય,ઉર ઉમંગથી ઉભરાય,
આનંદ માટે ઉર ન જાય,સુણી રાજવીર બન્ને બાળનો,
ધન્ય દિવસ આજનો,
સુકીર્તિ પ્રસરો જગમાંય,દેદીપ્યમાન રહો ઉજાસે,
સૂર્યચંદ્રની જેમ પ્રકાશ, એ જે જીગરથી ચાહુ છું,
ધન્ય દિવસ આજનો,
નેકનીતિથી થાઓ કદરદાન , બનો રૈયતના નિવાજ,
લઈ કેળવણી થાઓ હોંશિયાર, એ જ શુભ વાંચ્છુ છું,
ધન્ય દિવસ આજનો,
રૈયતનું આજ આપ મેળવો માન,પ્રસરાવો યશ સોરઠ માંય,
બન્ને બનો કીર્તિવાન, માંગે પ્રભુ પાસ નયનસુખરાય,
ધન્ય દિવસ આજનો.

## (૪૫) એમ.બી. વૈષ્ણવ– જૂનાગઢ

સુહાગી દીન સુન્નતનો, મુબારક હો મુબારક હો,
સકળ સૌરાષ્ટ્ર આલમમાં, અજબ આનંદ આનંદ હો,
અમારા રાજવી પિતા,
દયાને દાનના દાતા,
શ્રી મહાબતખાનજી પ્યારા,

ઘણુંજીવો ઘણું જીવો,
સુહાગી દીન સુન્નતનો, મુબારક હો મુબારક હો,
દીલાવરખાન ,હિમંતખાન,
સખાવતખાન,યુસુફખાન,
બહાદૂર બાબી વંશ જાયા,
ઘણુજીવો ઘણુ જીવો,
સુહાગી દીન સુન્નતનો, મુબારક હો મુબારક હો,
કૃપા ગિરનારની હોજો,
કૃપા દાતારની હો જો,
અમારી એ જ આશિષ હો,
સુહાગી દીન સુન્નતનો, મુબારક હો મુબારક હો.

## ૬–શાહજાદા દિલાવરખાનજીની શાદી વખતના કવિતો ઈ.સ.૧૯૪૫

### (૪૬) આદમભાઈ લલ્લુભાઈ મુનશી– તાલુકા સ્કુલ માસ્તર, જૂનાગઢ.

બાપુ દિલાવરખાનજીની શાદી શુભ ઉજવાય છે,
બિરદ દેવા લ્હાવ લેવા રસિકજન ઉભરાય છે,
તારીખ ત્રીસ અગિયાર પિસ્તાલીસ શુક્રવાર છે,
જણાયો સુંદર સમય દીન આ થયો નિરધાર છે,
નાગરિક સોરઠ તણા ઈદ આજ દીવાળી ગણે,
વધુ મહાબતખાન બાપુને શુભાષિસ મળે,
લીધો લ્હાવો બાપુ હિંમતખાનજી હરખાય છે,
અહો પ્રિન્સો સર્વના ઉર પ્રેમથી છલકાય છે,
હજુરે આવ્યા અમીરો શેઠિયાઓ આજ છે,
દરબારી પ્રેમે પધાર્યા નાના મોટા રાજ્ય છે,
દીવાનો સોગાત લઈ અન્ય દેશના શોભાય છે,
લાગે અનુપમ આ સભા સંગીત સૂર સંભળાય છે,
વધાઈ દે બંડવાળા ગાય ગુણ સરકારના,
રહયા છે બંધાઈના સેહરા પુષ્પ ખુશ્બોદારના,
ખાસ લઈ ભેટો દીસે મોસાળિયા ભોપાળના,
નજર નઝરાણા ધરે કર કમળમાં હેતાળના,
જીવનની છે આ ઘડી અમૃતસમી લેખાય છે,
શાદી મુબારક તાર આવ્યા સેંકડો સન્માન છે,
દીધો આર્શીવાદ તારે શાહ ઈગ્લીસસ્તાન છે,
મુખ્ય અબ્દુલ કાદીરે લીધુ કામ શાદી હાથમાં,
બની છે શાદી કમિટી અબ્રેહાની સાથમાં,
રહયા વર્કર કમર બાંધી આજ્ઞા પાલન થવા,
કર્યુ ખચ શહેરનું દે પ્રજાજન પ્રિતે દુઆ,
હજો યુગલ સુખીયુ અચુબાપુનું ફાલો ફળો,
જોઈ લે રબ સાત પેઢી અરજ આદમ ઉર ધરો

### (૪૭) સરફુદીન મહમુદભાઈ સીદીકી– ઉના.

સોરઠ દેશ સોહામણો બાબી કૂળ બળવાન,
અચળ અમર અમ પર રહો પ્યારા મહાબતખાન,
હમારી હૈયે દુઆ સુબહાન,
સુભાગી દુલા દિલાવરખાન,

બહુ જસવંતા જુગ જુગ જીવો,
પામો સુજસ સન્માન
પુત્ર પરિવાર અમર સમ વધજો,
વળી વધજો ધનધાન,
શાહીકુટુંબ નિશદીન રહે સુખમાં,
હરદમ અમનો અમાન,
દીનદીન ચડતી કળાણે જગમાં,
રહેમ કરે રહેમાન
હોજો મુબારક શાદી સુભાગી,
સોરઠના સુલતાન,
દિલથી દુઆ છે સરફુદીનની,
પૂર્ણ થજો અરમાન.

## (૪૮) ભગવાનજીભાઈ ડાહયાભાઈ પરમાર– જૂનાગઢ.

તમોને આશિષ દિલથી અપાર,
નવ દંપતિ તમ બાપુ પ્યારા આયુષ્ય જીવો અપાર,
સુખશાંતિથી જીવન સારુ સદા વિતાવો આપ,
માતાપિતા રૂપ ગુણિયલબાપુ આપ દિલાવરખાન,
પાળી પ્રજાને આપ દયાળુ આશિષ લેજો અપાર,
દિલના દિલાવર બાપુ પ્યારા પ્રિન્સ દિલાવરખાન,
તમ દરશનથો પાવન થતા સોરઠના સંતાન,
દાના દયાળુ રાજવી રૂડા રહેમતણા ભંડાર,
જેને થાતી દુનિયાભરમાં રૂડા દિલાવરખાન,
બાપુ દિલાવરખાન દયાળુ સંભાળો સંતાન,
પુરણ કૃપાળુ રાજવી રૂડા સોરઠના સરદાર,
સદભાગ્યે અમ અવસર બાપુ હોશે જે ઉજવાય,
રાજય જૂનાણે નિશદીન વહાલા ગુણ તમારા ગવાય,
તમ દરશનથી ધન્ય અમારો સફળ બને અવતાર,
તમ ચરણે પ્રજાસેવક રાખો સોરઠના સરકાર,
આજ અમારો સાથ બધો આ હર્ષ મણ ઉભરાય,
રમતગમતના ખેલખેલાડી રમાડી, શુભ અવસર ઉજવાય,
સ્પોર્ટસ તણા કે ખેલ રમાડી મનરજંન ને કાજ,
સ્વાગત બીજુ શું કરીએ અમ સોરઠ સરદાર,
નવદંપતિ તમ અમર રહેજો પ્રજા પુકારે આજ,
દીલથી ભગવત આશિષ દેતો અમર રહોય સદાય.
બે સ્કૂલોની ટીમો વચ્ચે યોજાતી હતી.

**(૧)રમતગમત**

રાજા રજવાડાઓમાં મોટેભાગે રમતગમત અને શિકાર અને જાતજાતની હરિફાઈઓ વગેરેનો શોખ હોય જ છે,એમાંય વળી ઈ.સ.૧૮૭૦માં રાજકોટમાં રાજકુમાર કોલેજની (જૂનું નામ કિંગ્જ કોલેજ)સ્થાપના થતાં ત્યાં દરક રજવાડાના રાજકુમારોએ અભ્યાસ કરતા તેમનામાં આવી ઘણી બધી રમતો બેવડા બળથી શોખમાં આવી હતી.નવાબ મહાબતખાનજી ત્રીજાને બોય સ્કાઉટની પ્રવૃતિનો અનહદ શોખ હતો અને તેમણે જૂનાગઢમાં ઈ.સ.૧૯૨૮માં બોય સ્કાઉટની પ્રવૃતિ શરૂ કરાવી હતી અને ખુદ નવાબ મહાબતખાનજી ત્રીજા ચીફ સ્કાઉટ હતા.
જૂનાગઢમાં ક્રિકેટ,વોલીબોલ,ટેબલટેનીસ,ફૂટબોલ વગેરે રમતો રમાતી હતી,શ્રી હરપ્રસાદ દેશાઈ સિનીયર ક્રિકેટ ટુનામેન્ટ ,મનસુખરાય નાણાવટી જૂનિયર ક્રિકેટ ટુનામેન્ટ,યુવરાજ દિલાવરખાનજી વોલીબોલ ટ્રોફી ટુનામેન્ટ નામે ટુનામેન્ટ નામે બે સ્કૂલોની ટીમ વચ્ચે યોજાતી હતી.

## (૪૯) રાજ મીર જમુભાઈ નથુભાઈ– જૂનાગઢ.

છેલ છલમાં છબીલ દિલાવરખાન છે,
શિરે શોભે સોનેરી સાફો,
શીશ પે ચંદે જડાવ જગી રોશની રે,
છેલ છલમાં છબીલ દિલાવરખાન છે,
કોન મુરબ્બી છે કંઠમાં હીરાનો હારજી,
માણેક મોતી નીલમ જગા જાત અપાર છે,
શેરવાની ભરગચી ઝાડ બુંટીયુ છે રે જી,
બાજુ બને કડાને વીટીયુ રે હો જી,
છેલ છલમાં છબીલ દિલાવરખાન છે,
તમારી માતા સિનિયર[૧] બેગમસાહેબા રે જી,
તમારા પિતા નવાબ મહાબતખાન છે રે જી,
છેલ છલમાં છબીલ દિલાવરખાન છે,
તમને મોટર ટ્રોલી [૨] ઘણી શોભતી રે જી,
તમારે માથે જમિયલશાનો હાથ છે રે જી,
છેલ છલમાં છબીલ દિલાવરખાન છે,
તમારો રાસડો જમુ મીર ગાય છે રે જી,
તમને પંજેતન પાકના ઈમાન છે રે જી.

**(૧)સિનિયર બેગમ**

જૂનાગઢના નવાબ મહાબતખાનજીએ એક પછી એક નવ લગ્નો કર્યા હતા તેમાં એક સાથે તો ત્રણ ચાર બેગમો જ હતા.તેમાં ભોપાલવાળા બેગમ મુન્નવરજહાંને સિનિયર બેગમ તરીકે ઓળખવામાં આવતા હતા અને બાકીના બેગમો માં જૂનાગઢવાળા બેગમ,કુતિયાણાબેગમ અને મહાબતપરાવાળા બેગમ તરીકે ઓળખવામાં આવતા હતા,તેમાં ભોપાલીબેગમને નવાબ સૌથી પ્રથમ પરણ્યા હોવાથી તે સિનિયર બેગમ કહેવાયા,આ બેગમે કરાંચીમાં પોતાની એક નોકરડીને માર મારતા તેનું અવસાન થતા પાકિસ્તાન સરકારે તેના ઉપર ખૂનનો ગુનો નોંધી પગલા લીધા હતા.

**(૨)મોટર ટ્રોલી**

શાહજાદા અને યુવરાજ એવા દિલાવરખાનજીને રમતગમત અને ક્રિકેટનો જેટલો શોખ હતો એટલો જ શોખ તેમને ટ્રેન ચલાવવાનો હતો, તેમણે આ બાબતે ટ્રેનીંગ પણ લીધી હતી અને તેમને લાયસન્સ પણ મળ્યું હતું.આજના સરદારબાગમાં તાજમંઝિલ વાળા પાછળના ભાગમાં જયાં આજે પાણીના બે ટાંકા બનેલ છે ત્યાં દરવાજા અંદર સુધી ગાડીના પાટા હતા અને દિલાવરખાનજી અહીંથી ટ્રેન નહીં પણ ટ્રોલી કે માલગાડી ચલાવીને વેરાવળ અવારનવાર જતા હતા.જયારે નવાબ કે તેમના રાજકુટુંબને જૂનાગઢ બહાર જવાનું થાય ત્યારે પણ અહીં રાજમહેલમાંથી જ પાછળના ભાગેથી સલુનમાં બેસી બહાર જતા હતા.

## (૫૦) ચારણ કાળુભાઈ માત્રાભાઈ– ગોરવીયાળી.

બળવંત જૂનાગઢ બેસણું તખ્ત અવિચળ તાજ,
પેઢી દર પેઢી રહેશે બાબી અવિચળ રાજ,
ધન અવિચળ ધરા અવિચળ પુત્ર અવિચળ,
સૂર અવિચળ તેજ ધરો મહોબતખાન દેહ,
રંગફૂલથી વિવા રચાવ્યા હેમથી ઘોડા હજારા,
બાલીયા નાથધરે ગડેડે રૂડા મહિપતિ મેમાન આપ,
રાજશ કીર્તિ અવિચળ નામો જૂનાણા તખ્તપર,
વરરાજા અવિચળ જામો.

## (૫૧) કવિ મીર દાદુભાઈ જમાલભાઈ– ચોરવાડ.

દિલ્હી હય ઈન્દોર શહેર જયપુર ઉદેપુર દેખો,
જોધપુર બુંદી કોટા ઔરંગાબાદ જાનો હય,
જબલપુર હૈદ્રાબાદ પુના હી સતારા દેખા,
મહમદ દિલાવરખાન નામ તેરો એ તે પેમાનો હય ,
લંડન હી વિલાત વધુ થયો તેરો જર કો સુનાયો હય,

ગુનજાન મહમદ દિલાવરખાન કો દાદુ જસ ગાયો હૈ.

## (૫૨) રણછોડભાઈ ધનજીભાઈ વાઢિયા– જૂનાગઢ.

ભલે ગરજે નોબત નગારા,ભલે પડઘમ અપારા,
પણ સોરઠના સિંહ સદા પ્રકાશી રહો,
છે દયાળુ દિલાવરખાન ,મહેર કરો મહાબતખાન,
આ તેજસ્વી દીપો તેજથી દીર્ઘાયુષ્ય રહો,
આ ઉત્સવનો આનંદ ઉભરાયે તમ કીર્તિ પ્રસરાયે,
આપ તણું સત્વ સદાએ વૃધ્ધિ રહો,
છે દિલાવર સ્વભાવ આપનો તમ કીર્તિ ગાશે જનો,
આ વિદ્યાર્થી તણી બુદ્ધિ અનુસાર વિનંતી ગ્રહો,
શાહજાદા સખાવતખાન તમભ્રાત હિંમતખાન,
એ બળવાન સદાએ તેજસ્વી રહો,
છે આપને બેઉ કોમ સમાન હિંદુ યા મુસલમાન,
ભૂપ બનો ત્યારે રણછોડને મત ભૂલી રહો.

## (૫૩) કવિ નાગ લાખણશીભાઈ–મઘરવાડા.

હાંક નકીબા હુકબે સુબા ભરે સલામ,
પ્રજામત બિરાજ તખ્તપે ખંડપત મહાબતખાન,
રહો અવિચલ આબાદી જૂનાની ગાદી પર મહાબતખાન,
તખ્ત જૂનાણું અવિચલ તપજો નીતિવંત નરપાલ,
વંશવૃધ્ધિ કાયમ વધજો કડવી વેલ પ્રજાન ,
શાદી મુબારક દિલાવરખાનબાપુની જેમાં આવે છે મોજ અપાર,
વેંઢ વીટીને કડાં વધતા આયા દાને અપાર,
હેમર આવ્યા છે ક્રોડના હેતે સોનેરી સિરપાવ,
તખ્ત બાબીનું કાયમ તપજો દાને નવડ દાતાર,
આર્શીવાદ એમ કવિ આપે રહો કોડા જુગરાજ,
ચાંદો સૂરજ તપે આ અવની પર તાં લગી તપજો,
નાગ કવિ કે કાયમ નિભાવો મહાબતખાન સરકાર,
કાયમ અમોને કવિ પદ આપો અમારા અન્ન દાતાર,
રહો અવિચલ આબાદી જૂનાની ગાદી પર મહાબતખાન.

## (૫૪) કવિરાજ બારોટ ભનુ કાનજી–દિલાવરગઢ.[૧]

બાબીઓ કુલ બંકા દિલાવરખાન વંકા,
સનમી ભૂપ અટંકા સોરઠ તો સોહાયો રે,
પ્રજા કા પ્રતિપાલ કરતા હો ખરા ખ્યાલ,
નર ભેટે હોવે ન્યાલ પુરણ સુખ પાયો હે,
રૂડું હે નવાબી રાજ ધરમના કરો કાજ,
અમર રહો કીર્તિ આજ સુજતો સવાયો હે,
બાબી કા કરૂ બખાન સુન હો ચતુર સુજાન,
દુહો
સુમન ઉતમ સુગંધથી દિલાવર નામદાર,
આપ દરશન આનંદ થિયો કવિ ભનુ કાન કહંત.

**(૧)દિલાવરગઢ**
યુવરાજ દિલાવરખાનજીએ નવાબ મહાબતખાનજી ત્રીજા અને મુન્નવરજહાંના પુત્ર હતા અને તેઓ તા.૨૩–૬–૧૯૨૨ ના રોજ જન્મ્યા હતા,જેમનો લગ્ન મહોત્સવ પણ નવાબ મહાબતખાનજી ત્રીજાના લગ્ન મહોત્સવ જેવો જ ઈ.સ.૧૯૪૫ માં ઉજવાયો હતો,તેમના નામની યાદગીરી ચિરંજીવ રાખવા નવાગઢનું નામ તા.૩૧–૭–૧૯૪૨થી દિલાવરખાનજી ૩૫

રથી દિલાવરગઢ રાખવાનું ફરમાન જાહેર કરવામાં આવ્યુ હતું અને તે છેક આઝાદી સુધી નવાગઢ દિલાવરગઢના નામે ઓળખાયુ અને પછી આઝાદી બાદ લોકશાહી સરકારે ફરી પાછુ તેનુ નામ નવાગઢ કરી દીધુ.નવાબ મહાબતખાનજી ત્રીજાએ ઈ.સ.૧૯૪૨માં રોયલ એરફ્રોસને ત્રણ વિમાન આપ્યા હતા તે પ્લેનના નામ (૧) દિલાવર (૨)જૂનાગઢ (૩) લડી લિનલીથગો આપ્યા હતા તેમાં દિલાવર નામ યુવરાજ દિલાવરખાનજી ઉપરથી રખાયું હતું. જે દિલાવરખાનજીને પાકિસ્તાનમાં સિંધના ગવર્નર બનાવ્યા હતા,આજે તેમનાં ત્રણ પુત્રો અને એકપુત્રી(જહાંગીરખાન, આલમગીરખાન,ઝહીરખાન,અને પુત્રી આલિયા)કરાંચીમાં જૂનાગઢ હાઉસ નામના બંગલામાં શાહી ઠાઠમાઠથી વસે છે.

## (૫૫) કવિ નાગ કાન–માણેકવાડા.

દીલજાન દિલાવરખાન નીરખીને નેણા ૧ઠરે,
મહાબત કે દુલા રે નવ સામત વારે,
બલંવત બુદ્ધિ નિધાન નીરખીને નેણા ઠરે,
આદ અનાદી અવિચળ ગાદી બાબી બુદ્ધિ નિધાન,
દુલહ દુલારી મે બલિહારી મુખ મે ચતુર સુજાન,
નિરખ્યા નેણા ઠરે દિલાવરખાન નીરખીને,
શૂરવીર સધીર અમીર અલબેલા,
પિતા છે મહાબતખાન નીરખીને નેણા ઠરે,
સોરઠપતિ ચતુર સર્વદા,
કહે કવિ નાગર દાન નીરખીને નેણા ઠરે,
દીલાવર બુદ્ધિ નિધાન,
જાન ખૂબ અમર રેવે,
કહે કવિ નાગર દાન,
મહાન કવિ પન કો દેવે,
સોરઠ દિલાવર કવિ નાગ કાન.

**(૧)નેણા ઠરે**

યુવરાજ દિલાવરખાનજી તેમની માતા મુન્નવરજહાં જેવા જ રૂપાળા હતા અને આજે પણ તેમની તસ્વીર જોઈને પણ તેમના રૂપ ઉપર આફરીન થયા વિના રહેવાતુ નથી, તેપછી જીવતા જાગતા અને ભલા ભોળા દયાળુ અને પહાડી કાયા ધરાવતા દિલાવરખાનજીને (ઉર્ફે અચુબાપુ) જોઈને કવિ એમ જ કહેને કે તેમને જોઈ ને નેણા ઠરે છે એ સવાશે સત્ય છે.

## (૫૬) હિંમતલાલ દેવશંકર વોરા–જૂનાગઢ.

ઘણું જીવો ઘણું જીવો ઘણું દિલાવરખાન,
જૂનાગઢ રાજયના વીરા ઘણું જીવો દિલાવરખાન,
ખુદાની રહેમ તમ હોજો સદા આનંદમાં રહેજો,
રહમ હરદમ હૃદય વસજો ઘણું જીવો દિલાવરખાન,
વધો ભંડારમાં રિદ્ધિ સુયશની પામજો સિદ્ધિ,
થજો સંતાનની વૃદ્ધિ ઘણું જીવો દિલાવરખાન,
અહાહા દંપતિ વચ્ચે જીગરનો પ્રેમ બસ જામો,
કરો પરમાર્થના કામો ઘણું જીવો દિલાવરખાન,
તમારા કષ્ટ સૌ જાઓ,કુટુંબમાતાનું સુખ પામો,
સગા સ્નેહી લ્યો લહાવો ઘણું જીવો દિલાવરખાન,
સદા સુખ સંપતિ યશમાન પિતા છે પ્રિય મહાબતખાન,
રહો રસ પ્રેમમાં ગુલતાન ઘણું જીવો દિલાવરખાન,
મુબારક શાદી હો અપની ખુદા આશા પુરે મનની,
ફળો આશિષ હિંમતની ઘણું જીવો દિલાવરખાન,

## (૫૭) ચારણ નવલદાન રાજદેભાઈ––?.

શાદી કો આરંભ કીનો મંગળ પ્રસંગ હુમે,
બાબી બિલંદ કો હે સુજસ હિંદવાન મેં
આઈ મેં મિજબાન તાકુ દીનો સનમાન અતિ,

ગઢ જૂના કી ગાદીપે મહાબતખાન તપો,
દાન કા બજાયા ડંકા સારી જહાન મેં,
કહે નવલદાન એ નવસા નવરંગ હું મેં,
દીલ કી હૈ દીલાવરી દિલાવરખાન મેં,
સોરઠ કે સુબા તેરી સદા બલિહારી રહે,
રહે સદા કાયમ તુમ જૂના કી ગાદી પે,
કઠિન કલિકાલ મેં દેતે ખૂબ અન્નદાન,
ભૂમિદાન નવાબ દેવે જીંદગી કી યાદી મેં,
રૂપૈયા ઉડાવે સૌ દાતાર કા કામ રોજ,
કવિ કરે કીર્તિ મર્દકી અનાદી પે,
નવલદાન સત્ય કહે દીલાવર બંદા કી,
સબને બહાર દેખી યે દુલ્હા કી શાદી મેં.

## (૫૮) દાઈયુલ ખયર ઉર્ફે હામિદ–ભોપાલ.

આકે શેહજાદેએ ઝીજાહ કે રૂખ પર સેહરા, બનગયા અપને નસીબે કા સિંકદર,
આપકી જાતે તમન્ના હય તો માં કી ઉમ્મીદ, અલ્લાહ અલ્લાહ યેપુરનુરો મુનવ્વર સેહરા,
એહલે દિલ લાએ હંય તેરે રૂખે ઝેબા કે લીયે,કુલહુવલ્લાહ કી ખુશ્બુ મેં બસા કર સેહરા,
બારકલ્લાહ યેહ ખુશબખ્તીયે શાહે સોરઠ,કેહ વલીએહદ હકુમતે કે હય સરપર સેહરા,
મોતીયુંહી કો નથા હક કેહ સરફરાઝ બને,ફૂલ ભી બન ગએ રૂખ પર તેરે આકર સેહરા,
કાહકુશાં અબ્રકે પરદોંમે છુપી જાતી હય,દેખકર રૂએ પુર અનવાર કે સરપર સેહરા,
અલ્લાહ અલ્લાહ તેરા મરતબએ ઈઝઝો વિકાર,કે કદમ ચૂમ રહા હય તેરે ઝૂકકર સેહરા,
તેરે માબાપ જો ચાહે તો સિતારે લાએ,ચાંદ કી કશ્તીએ પુરનૂર મેં રખકર સેહરા,
તુજે નવશાહે જવાં બખ્ત કે બનતા હય અગર,તુ બદલ દેતા હય લોગો કે મુકદર,
હર લડી હય શહે સોરઠ કી નજર કા મસ્કન, આજ દુનિયા મેં નહિં ઈસકે બરાબર સેહરા,
હો ગયા ઓર ભી સોરંગ સે માશાઅલ્લાહ, જલ્વે મેહરે મુન્વ્વર સેહરા,
પરમે પુરશવક સે બેહનોં કેજો નિકલે અન્વાર,બન ગયા ઓર ભી એક સેહરે કે ઉપર સેહરા,
ઝમાને મેં ખુદા તુઝકો હયાતે અબદી,ઈતના મસઉદો મુબારક હો યેહ તુઝપર સેહરા,
કેઅશઆર મેં હામિદ પે જો ઈલહામ હુવા,ઉસી ઈલ્હામ કા લાયા હે બનાકર સેહરા.

## (૫૯) ભીલ લક્ષ્મણભાઈ નાનજીભાઈ કડવાતર–જૂનાગઢ.

નામદાર પ્રિન્સકા રોશન નામ હુઈ શાદીમેં ધુમધામ,
પ્રિન્સ દિલાવરખાનજી દીલ કે દુલે દાતાર,
શાનો શોકત નિરાલી બાદશાહી લીબાશ કી બહાર,
તારીફ કીયા કરુ જયાદે દમામ હુઈ શાદીમે ધુમધામ,
શાદી કા સરઘસ મનરજંન તેજ સિતારા પેશાનિકા,
કમરમેં તલવાર રતન જડીત ગલેમે હાર શાદ માનીકા,
ખુશાલીમેં રાજકુટુંબ આઠો જામ હુઈ શાદીમેં બહોત ધુમધામ,
પ્રિન્સ દુલ્હા હજારો વર્ષ જીવો સરપે લગાકે સહેરા,
સુક હએ ખુદાકા સુબ હો શામ હુઈ શાદીમે બહોત ધુમધામ,
ઢોલ નગારે બેંડ શરણાઈ નોબત ડંકા બાજે,
હાથી પે અંબાડી સુનેકી દિલાવર દુલ્હા બિરાજે,
ઝુકઝુક કે રૈયત કરે સલામ હુઈ બહોત ધુમધામ,
સારે શહેરમેં હરેક જગા પે રોશની ગલી બજાર,
દરવાજા તોરણ વાવટે ન્યારે આતશબાજી ગુલઝાર,
દેખને લાયક જૂનાગઢ ગામ હુઈ બહોત ધુમધામ,
દો શાહજાદી કી શાદી હુઈ ઔર પ્રિન્સકી શાદી,

નામદાર દિલાવર કી જોડી સલામત રહો તંદુરસ્તી,
મુબારિક દેવે બસર તમામ હુઈ શાદીમેં બહોત ધુમધામ,
રાજમહેલ દીલ દીલપસંદ મંડપ ખુશનુમા નકશીદાર,
જીલહજ તારીખ ૨૪ જુમે કો નીકાખાની રોનકદાર,
કિયા ખેરાત દીયા ઈનામ હુઈ બહોત ધુમધામ,
રાજા ભાયાત ગોરે હાકેમ કો જૂનાગઢમેં મીલા માન,
ગાર્ડન પાર્ટી સફર સે ખુશી હુવે સબ મહેમાન,
ફૂલહાર તોરે સરબતી જામ હુઈ બહોત ધુમધામ,
સિતારોમેં જયસે ચાંદ વયસે હએ પ્રિન્સ નામદાર,
બોલબાલા દુલ્હન દુલ્હેકા સોરઠકે અંદર,
સારે અમલદારો કા નેક કામ હુઈ શાદીમેં બહોત ધુમધામ,
નામદાર સોરઠ સરકાર કી સદા રહો ગાદી,
જાહોજલાલી સુખશાંતિ ચો તરફ વાહવાઈ મુબારક બાદી
શાયર લક્ષ્મણ કે શીરી કલામ હુઈ શાદીમેં બહોત ધુમધામ.

## ૭–સિલ્વર જયુબીલીના કવિતો ઈ.સ.૧૯૪૫

### (૬૦) ગામેતી મહમદ –નવલખી

સુખી રહો એ બાબી,
ગાદી રહે આબાદી,
જુબેલી કી શોભા બનાઈ,
રૈયત કો યે આબાદી,
નવાબ હૈ શા મહાબતખાનજી,
હિન્દુ મુસ્લિમ પ્રજા આપકી,
દોનો હી સુનતે ફરિયાદી,
તુ દત અપના હૈ નિરાલા,
રાજ મે આપ કે હે ઉજાલા,
રહે સદા તખત આબાદી,
મમદ મિસ્કીન યુ કે બોલા,
દુવાએ મેરી સુન લે મોલા,
હમ હે ઈનકે દુવાગીર.

### (૬૧) કૃષ્ણપ્રસાદ જયાપ્રસાદ જોશીપુરા– જૂનાગઢ

મુબારકબાદી સ્વીકારો શ્રી સોરઠ સરકાર,
બાબી કૂળદિપક શિરોમણી સકળ ગુણભંડાર,
રજત મહોત્સવ ભવ્ય મનોહર, કરિયે જયજયકાર,
ધન્ય દીન આજે સોરઠમાં ગણું અતિ શ્રી કાર,
ખુદાવિંદ બાબી બહાદૂરનો, ધન્ય પ્રસંગ આવાર,
પ્રજા વત્સલ ન્યાયી વિભૂષણ શોભ્યો અપરંપાર,
શાહજાદા દિલાવર જેના ઘરે ઉચ્ચ સંસ્કાર,
સોરઠના પવિત્ર ક્ષેત્રે, પ્રજા અને સન્નાર,
મંગળ ગાએ એક જ સૂરે, જય સોરઠ સરકાર,
દીવાન સાહેબ અતિશે શાણા,રાજય તણા સરદાર,
ગિરિનગરના પરમ શોભાગ્યે, પ્રજા સુખ દાતાર,
સોરઠના સમ્રાટ બહાદૂર, પ્રજા તણા આધાર,
જય જય તારક દુખવિદારક જય જય પાલનહાર,

ઉજવળ કીર્તિ જગમાં પ્રસરી,ઉરના પરમ ઉદાર,
જુગ જુગ જીવો આપ દયાળુ,કૃષ્ણ તણા ઉદગાર.

## (૬૨) નયનસુખરાય માધવરાય ઘોડા –જૂનાગઢ

અમ આજ ઉરમાં આનંદ વ્યાપો ,સોરઠના શિરતાજ,
વધાવો રાજ અમ ઉર આનંદ આજ,
બાબીવંશના નરેહ ભૂપતિના પુત્ર પૌત્ર પરિવાર,
રાજ હજૂરશ્રી જયુબીલી સિલ્વર મહોત્સવનો અતિ હર્ષ પ્રસરો,
અમ આજ ઉરમાં આનંદ વ્યાપો ,સોરઠના શિરતાજ,
સૂર્યચંદ્ર  સમ તપો અવિચળ જગમાં આપની ખ્યાત,
અન્નદાતા આપને જુગજુગ કીર્તિ પ્રસરાવો મહારાજ,
અમ આજ ઉરમાં આનંદ વ્યાપો ,સોરઠના શિરતાજ,
અમ રૈયતના દાતા આપ છો ધર્મ ધુરંધરનાથ,
નેક નીતિના દાતા આપ છો કરૂણા[1]ના કિરતાર,
અમ આજ ઉરમાં આનંદ વ્યાપો ,સોરઠના શિરતાજ,
ધર્માદા હોસ્પિટલો[2]બનાવી,આપ્યુ ગરીબોને જીવનદાન,
વળી બનાવી નિશાળ કોલેજ, દીધુ કેળવણીને માન,[3]
અમ આજ ઉરમાં આનંદ વ્યાપો ,સોરઠના શિરતાજ,
મેળવી માનચાંદ સરકારથી થયા છો કીર્તિવાન મહારાજ,
થાય ઓર બઢતી એમ માંગે પ્રભુ પાસ નેનસુખરાય.

**(૧) કરૂણાના કિરતાર**

નવાબ મહાબતખાનજી ત્રીજા ખરેખર કરૂણાના કિરતાર અને દયાળુ અને ભોળા શાસક હતા,જયારે કોઈ બહારવટિયા કે કોઈ ગુનેગારને ફાંસીની કે આજીવન કેદની સજા થઈ હોય અને જયારે તેની પત્ની કે દીકરી નવાબને સજા ઘટાડવા મળે ત ો તરત જ સજા ઓછી કરતા હતા,પોલિયા બહારવટિયાની વહુ નવાબનો મોટર આડી સુઈ ગઈ હતી અને તેની સજા ઓછ ી કરવા વિનંતી કરી હતી.જન્મટીપના કેદીઓને જેલમાં અમુક એલાઉન્સ જીવે ત્યાં સુધી તેના કુટુંબીજનને અપાતુ હતું.કેદી ઓને જવલ્લે જ ફાંસીની સજા કરવામાં આવતી હતી.

નવાબની દયાળુતા એવી હતી કે ગિરનારના જંગલમાંથી પરવાના લઈ વનસ્પતિ જણસો લઈ આવીને બજારમાં વેચતા કબ ાડીઓ અને મજૂરો હતા, તે એ રીતે પોતાનું ગુજરાન ચલાવતા હતા પણ તેઓ ચોમાસામાં જંગલમાં ખૂબ વરસાદ હોય ત્યા રે કેમ જઈ શકે ત્યારે તેમને બેકાર બેસી રહેવુ પડે તેથી તેમના ઉપર દયા ખાઈને તેને ચોમાસા પેટિયા બાંધી દીધા હતા.

**(૨) ધર્માદા હોસ્પિટલો**

જૂનાગઢ રાજયમાં દવાખાનાઓની સારી સગવડતાઓ હતી.ઈ.સ.૧૮૭૦માં યુવરાજ બહાદૂરખાનજીને હસ્તે એક દવાખ ાનનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ,જેના ડોકટર અમીદાસ મનજી ગોરડિયા હતા અને તેમાં થતા ઓપરેશનો અને સારવા રની વિગતો આંકડાઓ 'દસ્તુરલ અમલ સરકાર,માં પ્રજાજનોનીજાણકારી માટે'દસ્તુરલઅમલસરકાર,માંપ્રસિધ્ધ કરાતા હતા.ઈ.સ.૧૯૨૦–૨૧માં રાજયમાં ૨૫ દવાખાના હતા તે ઈ.સ.૧૯૩૯માં વધીને ૪૧ થઈ ગયા હતા.જૂનાગઢમાં સર ર સુલખાનજી હોસ્પિટલ,કોરોનેશન મેમોરિયલ ઝનાના હોસ્પિટલ,પ્રિન્સ આલ્બર્ટ વિકટર એસાયલમ વગેરે હોસ્પિટલો હતી .હોસ્પિટલમાં જ્ઞાતિ મુજબના વોર્ડ ઉભા કરવામાં આવ્યા હતા જેમકે લોહાણા વોર્ડ,નાગર વોર્ડ,વાણિયાવોર્ડ,વહોરા વોર્ડ, મુસ્લિમ વોર્ડ બંધાયા હતા જે જ્ઞાતિ આવો વોર્ડ બંધાવી આપે તેને વોર્ડ બાંધવા દેવામાં આવતો હતો.

પહેલા હોસ્પિટલમાં ટોકન ચાર્જ લેવામાં આવતો હતો તે પણ નવાબ મહાબતખાનજીએ બંધ કરાવીને મફત આરોગ્યની સુ વિધા પુરી પાડી હતી.

**(૩) કેળવણીને માન**

જૂનાગઢ રાજયમાં કેળવણીનો સારો એવો વિકાસ થયો હતો.રાજયએ બહાદૂરખાનજી હાઈસ્કૂલ,લાડલી બુ કન્યાશાળા ,લા લબખ્તે કન્યાશાળા,બહાઉદીન કોલેજ સ્થાપી હતી. અરે રાજકોટમાં આલફ્રેડ હાઈસ્કૂલ (આજની મહાત્મા ગાંધી હાઈસ્કૂલ ) નવાબ મહાબતખાનજી બીજાએ બાંધી આપી હતી.આવા શિક્ષણપ્રેમી નવાબના વંશજ નવાબ મહાબતખાનજી ત્રીજા પો તે ગાદીએ બેઠાએ ખુશાલીમાં તા.૧–૯–૧૯૨૦થી આખા રાજયમાં પ્રાથમિક કેળવણી મફત કરી દીધી હતી.રાજયએ ટેક નીકલ હુન્નરશાળાની પણ શરૂઆત કરી હતી અને તેમાં ચિત્રકામ,મૂર્તિકામ,સુથારીકામ,પથ્થરકામ વિદ્યાર્થીઓને શીખવા ડાતુ.મહાબત મદ્રેસો અને મહાબત મદ્રસા તુલ મૌલા નામની સંસ્થા હતી ત્યાં મુસ્લિમ વિદ્યાર્થીઓ મફત અભ્યાસ કરી શક તા હતા.મુસ્લિમ રાજય એવા જૂનાગઢમાં રાજય તરફથી સંસ્કૃત પાઠશાળા પણ ચાલતી હતી,નવાબમહાબતખાનજી ત્રીજા

ગાદીએ બેઠા ત્યારે ૩૯ વિદ્યાર્થીઓ તેમાં સંસ્કૃતનો અભ્યાસ કરી રહયા હતા.રાજયમાં ઈ.સ.૧૯૦૧મા બહાદૂરખાનજી પુસ્તકાલય સ્થાપ્યું હતુ.નવાબ મહાબતખાનજી ત્રીજાએ અખિલ હરિજન સેવક સંઘની વિનંતીને સ્વીકારી તા.૧–૧–૧૯૪૩થી હરિજન બાળકોને શાળાઓમાં દાખલ કરવાનું શરૂ કર્યુ હતું.

## (૬૩) મણિરાય માધવરાય ઘોડા – જૂનાગઢ

આ હા આ ખુશાલીનો દીન આ જ પ્રભુએ આપ્યો છે મુજને,
શુભપ્રસંગ જુબીલી સિલ્વરનો, મહાન કાજ સુખને,
કુશળ રહે હજુરશ્રી માટે કરું છઉ અર્જ ઈશ્વર પાસ,
અવિચળ રહે રાજ સદા કામ કરુંએ વિનંતી પ્રભુ પાસ,
રહો સર મહાબતખાન શિરતાજ,અવિચળ રાજકર્તા કાજ,
કરો છો દેનગી શુભકાર્ય, કરો છો દાન ગરીબો કાજ,
થયા છો માનવંત મેળવી ચાંદ, થયા છો કુશળબાજ વીરરાજ,
દીપાવયુ વડીલોનું રાજય, થયા છો કીર્તિવાન મહારાજ,
નભે છે ગરીબ ગુરબાઓ, આપે છે જીગરની દુવા,
માંગે છે અંતરથી કૃપા,કરે પ્રભુ તમ ઉપર સદા,
પ્રકાશે સૂર્યચંદ્ર જેમ જોત , વધે સુખ સંતતિ તમને,
કરે મણિ માંગણી હરિ પાસ, બક્ષે બક્ષીસો સૌ તમને,

માઢ

કવિ નથી નથી શકિત કવિત્વની સ્પષ્ટ કબૂલત લઈએ,
શશી ગડમથલ આતિથ્ય અમારું,કરછત જોડીને કરીએ,
અમે તો બાળ તમારા,ભૂલ હોય તો માફી ચાહીએ.

## (૬૪) રાજકવિ લક્ષ્મણ નાનજી –જૂનાગઢ

રૂપેરી જયુબીલી આવી, સોરઠના વાલી ઘણું જીવો,
રૂપેરી જયુબીલી દીપાવી, ઘણું જીવો ઘણું જીવો,
ઘણો થયો જે ફાળો, ૧ લોકો ઉપયોગી આલો,
સરકારી ઓર્ડર વાલો, મહાબતખાન ઘણું જીવો,
જે રકમ ભેગી થાએ,સાર્વજનિકમાં વપરાઓ, ૨
એવી સંસ્થા સ્થાપાએ, સરકાર ઘણું જીવો,
નવાબસાહેબના વિચારો, નકામો ખર્ચ નઠારો,
આ પસાર કર્યો ધારો, બુધ્ધિશાળી ઘણું જીવો,
પ્રજાને કાયમી લાભ મળે,મોંઘવારીનું મોઢું બળે,
સંકટ ગરીબોના ટળે,પાલનહાર ઘણું જીવો,
જુવાર બાજરી સસ્તી, ૩ બહુ સુખી છે વસ્તી,
સૌની સારી તંદુરસ્તી,દુલા દાતાર ઘણું જીવો,
કેટલાક ગામમાં મોંઘુ,જૂનાગઢમાં અનાજ સોંઘુ, ૪
ઈન્સાફી રાજય ચોખ્ખુ,પરાક્રમી ઘણું જીવો,
ભલા આનંદી હાકેમ,પોતાની પ્રજા ઉપર પ્રેમ,
દરેક લોકો ઉપર રહેમ,કૃપા સાગર ઘણું જીવો,
બહુ ભારે ભાગ્યવાન,રાજ વહીવટમાં છે ધ્યાન,
કરે પ્રજાનું કલ્યાણ,ઉદાર નવાબ ઘણું જીવો,
રાજકુટુંબ પરિવારો,લાંબુ આયુષ્ય ગુજારો,
નામદાર બેગમસાહેબા,શાહજાદી શાહજાદા જીવો,
નામદાર પ્રિન્સ કાબેલ, ઉંચી કેળવણી લીધેલ,
રાજ કાજમાં સામેલ,દિલાવરખાન ઘણું જીવો,
નામદાર દીવાન લાયક,રાજની વધારી આવક,

અતિશે ચતુર બેસક, ઘણું જીવો, ઘણું જીવો,
સાંભળે અરજ ફરિયાદ,યહાં નથી કોમવાદ,
અપાવ્યો ઘીવાલાનેચાંદ,કદરદાન ઘણું જીવો,
રાજયના અમલદારો, છે ચંચલ હુશિયારો,
ભાયાતો કુશળ સરદારો,ગુણના ભંડાર ઘણું જીવો,
રાજયમાં સુધારો વધારો,સરકારનો તેજ સિતારો,
તંદુરસ્ત વર્ષ હજારો, મહાપ્રતાપી ઘણું જીવો,
રૈયત પ્રાણથી પ્યારી ગુણ ગાએ નરનારી,
સરકારની બલિહારી, પ્રજાપ્રેમી ઘણું જીવો,
પધાર્યા રાજા મહારાજા, વાગે નોબત બેંડવાજા
શરણાળ તોપોના અવાજો,સરકાર ઘણું જીવો.

**(૧) લોકોપયોગી ફાળો**

નવાબ મહાબતખાનજી ત્રીજાના શાસનને જયારે ૨૫ વર્ષ પૂર્ણ થયા ત્યારે તેની ખુશાલીમાં રાજયનો રજત જયંતિ મહોત્સવ (સિલ્વર જયુબીલી) બ્રિટીશરોની જેમ ઉજવવાનું નકકી કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે લોકોમાંથી રૂા.૧૦ લાખનો ફાળો એકઠો કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ ત્યારે રાજશાહીની કડક આલોચના કરનારા જન્મભૂમિ (તા.૯–૧૨–૧૯૪૪) જેવા અખબારોએ લખ્યુ કે પ્રજાજનોના ખિસ્સામાંથી આ નિમિતે રૂા.૧૦ લાખ ખંખેરી લેવામાં આવશે પણ તેને ત્યારે ખબર નહોતી કે આ નવાબે પછી આ ફાળામાં એટલી જ રકમ રાજય ઉમેરશે અને તેમાંથી લોકોપયોગી કાર્યો કરવાની જાહેરાત કરવાના હતા,આથી કયારેક આ સમયના અખબારો એવા લાગે કે જાણે તેઓ રાજાશાહીની અને રાજવીની અને તેમના પ્રસંગોની વગર સમજયે પણ ખોટી ટીકા જ કરતા હતા તેનો આ દાખલો છે.

**(૨) સાર્વજનિકમાં વપરાય**

નવાબ મહાબતખાનજી ત્રીજાના રાજય અમલને ૨૫ વર્ષ પૂર્ણ થતા રાજયનો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો ત્યારે તે વખતે રૂા.૧૦ લાખનો ફાળો ઉઘરાવવાનું નકકી થયુ હતું તે રૂા.૬ લાખનો ફાળો થયો હતો,આ ફંડ ઉઘરાવનાર કમિટીએ જાહેરાત કરી હતી કે જે રકમ જે મહાલમાંથી આવશે તેના જેટલી જ રકમ કોઈ સાર્વજનિક કામમાં વાપરવામાં આવશે ,મોટેભાગે આ ફંડમાંથી સાર્વજનિક દવાખાના જ બાંધવાના હતા.જો કે આ રજત જયંતિ પછી તરત બે વર્ષમાં આઝાદી આવી જતા આવા કાર્યો પૂરા પ્રમાણમાં કરી શકાયા ન હતા.

**(૩) જુવાર બાજરી સસ્તી**

જયારે બીજુ વિશ્વયુદ્ઘ ઈ.સ.૧૯૩૯થી ઈ.સ.૧૯૪૫ સુધી ચાલતુ હતું ત્યારે દેશી રજવાડાઓમાં ઘણા બધા પ્રકારની મુશ્કેલી અનાજ,ખાંડ,કેરોસીન,પેટ્રોલમાં ભોગવવી પડતી હતી એ સમયે દીવાન ટોંકના સાહેબજાદા મહમદખાન અને દીવાન ખાન બહાદૂર અબ્દુલકાદર મહમદહુસેને રાજયમાં એવી વ્યવસ્થા અનાજ માટે ગોઠવી હતી અને રાજય બહાર અનાજ લઈ જવા ઉપર કડક પ્રતિબંધ ફરમાવ્યો હતો,આથી ખાદ્યચીજવસ્તુઓની તંગી એ સમયે બીજા રજવાડાના પ્રમાણમાં ઓછી પડી હતી અને અન્ય રાજયની સરખામણીમાં જૂનાગઢમાં અનાજ સોંઘુ હતું,ઈ.સ.૧૯૩૯માં ૧ખાડી બાજરાનો ભાવ રૂા.૫૭ અને જુવારનો ભાવ રૂા.૪૭ ,ઈ.સ.૧૯૪૦માં ૧ખાંડી બાજરો રૂા.૩૭ અને ૧ખાંડી જુવાર રૂા.૨૫નો ભાવ હતો.

## (૬૫)કણબી કરસન પ્રેમજી– લીંબુડા

આજે આનંદ રહયો ઉભરાય ,ધન્ય ખુદાવિંદ મહાબતખાન હમારે હૈયે હરખ ન માંય,
સોના વરણો ઉગ્યો સૂર પ્રેમ તણા વહયા પૂર જગમાં જળકી રહયુ તમારું નૂર,
સિલ્વર જયુબેલી આજે થાય ખુદાવિંદ મહારાજા તોળાય સુખશાંતિ સર્વને થાય,
ઈ.સ.ઓગણીસો પિસ્તાલીસ માર્ચની તા.એકત્રીસ પ્રસરી કીર્તિ દિશ,
શણગાર્યુ જૂનાગઢ શહેર છે ખુદાની પૂર્ણ મહેર થઈ રહયા છે લીલાલહેર,
આજે વિધવિધ વાજા અપાર રૂડા સૂર શરણાઈ સાર ખામી રહી નથી લગાર,
દર્શને લાખો મનુષ્યોના વૃંદ તોળાય નવાબસાહેબ સુખ કર શોભે તારે પીરાણું જેમ ચંદ ,
સાથે શોભે પાટવી કુંવર રૂડું નામ દિલાવર સૌરાષ્ટ્ર તણા સુખકર ધન્ય ખુદાવિંદ મહાબતખાન
કરોડોના દીધા દાન મહેમાનોના કર્યા બહુ સન્માન ધન્ય અબ્દુલ કાદર સાહેબ દીવાન,
કેળવણીને બહુમાન લાખોના દીયો છો દાન ,ધન્ય અબ્રેહાની સાહેબના જ્ઞાન,
જૂનાગઢનો મહિમા અપાર,શોભે જયાં ગરવો ગિરનાર રક્ષા કરી રહયા દાતાર ,
લીલો દેશ સોરઠ સોહામણો,ફળદ્રુપ ઉપજમાં ઘણો,મૂલ્યવાન ભારતભૂમિ તણો,

અડસઠ તીરથ આવી રહયા,ગુરુ દતાત્રી અંબાજી,જયાં અશોકનો લેખ પણ છે ત્યાં,
તમારી તોલે ન આવે કોઈ ભલેને મહારાજા હોઈ,ખરી વાત છે સોયે સોય,
દેશકાળ અપાર સોરઠમાં નથી લગાર ,અનાજના ભર્યા છે  કોઠાર,
ધન્ય ઓલીયા બાદશાહ તમારી અપાર છે નીગાહ,ધન્ય દિલાવરખાનજી,
ખુદા સાનુકૂળ રહેજો તેના શત્રુ સંહારી દેજો, વધતા સદાય રહે તેજો,
અવિચળ રહો તમારું રાજ કરો છો પરોપકારના કાજ,ઘણું જીવો ગરીબ નિવાજ,
સુવર્ણ હીરક મહોત્સવની આશ ખુદા પુરી કરે, ખાસ કર જોડી માંગે કરશનદાસ.

**(૧) કરોડોના દાન**

જૂનાગઢના નવાબોની દાન વીરતા વખાણવા લાયક અને આખા ભારતના રજવાડાઓ સાથેનો ઘરોબો અન્નય હતા.નવાબ મહાબતખાનજી બીજાએ રાજકોટમાં આલફ્રેડ હાઈસ્કૂલ બાંધી આપી હતી.નવાબ રસુલખાનજીએ રાજકોટમાં સર રસુલ ખાનજી ઝનાના હોસ્પિટલ બાંધી આપી એ સિવાય નવાબ તેમણે અલીગઢ મુસ્લિમ કોલેજને બહુ મોટુ દાન આપ્યુ હતું.નવાબ મહાબતખાનજી ત્રીજાએ દિલ્હીમાં રૂા. દોઢલાખના ખર્ચે રેડક્રોસનું બિલ્ડીગ બાંધી આપ્યુ અને પ્રથમ અને બીજા વિશ્વ યુદ્ધ વખતે બન્ને વાર ત્રણ ત્રણ પ્લેન આપ્યા હતા,પ્રથમ વિશ્વયુદ્ધ વખતે રૂા.પાંચ લાખ ફાળો આપ્યો હતો રૂા.૨૦,૦૦૦ લેડી હાર્ડિંજ મેડીકલ કોલેજ ફોર વુમન દિલ્હીને અને રૂા.૧૦,૦૦૦ વિલીંગ્ડન સ્પોર્ટસ કલબ બોમ્બે અને રૂા.૧૦૦,૦૦૦ રાજકુમાર કોલેજ અને રૂા.૧૦,૦૦૦ ઓલ ઇન્ડિયા વિકટોરિયા મેમોરિયલ હોલ કલકતા અને રૂા.૪૧,૦૦૦નું પરચુરણ દાન પોતાના રાજયાભિષેક સમયે અને રૂા.૧૬,૦૦૦ પાસ્ટ કુમાર એસોશીએશન રાજકોટને અને રૂા.૧૨૪૯૩ રાંદરડા તળાવ રાજકોટને અને રૂા.૧૦૦૦૦ પોલો ગ્રાઉન્ડ પૂના અને રૂા.૧૦,૦૦૦ કાઠિયાવાડ સેન્ટ્રલ ઈન્સ્ટીટયુશન અને રૂા.૪૮,૦૦૦ ઈગ્લેંડ જનાર વિદ્યાર્થીને સ્કોલરશીપ અને રૂા.૫૦,૦૦૦ ઈન્ડિયન પબ્લિક સ્કૂલ સોસાયટી દહેરાદૂનને અને રૂા.૧૦,૦૦૦ વિકટરી ગીવીંગ ફંડમાં વગેરે જગ્યાએ દાન કર્યા હતા. તેમણે દર વર્ષે ૧થી ૨ લાખના દાન રમતગમત,ઘોડાની હિફાઈ અને ધાર્મિક સંસ્થાઓને આપ્યા હતા. વાઘેશ્વરી મંદિર જૂનાગઢ,વીરપુરની જલારામની જગ્યા,તુલશીશ્યામની જગ્યા,ચિદમ્બરેશ્વર મહાદેવ (જી.બેલગામ) વગેરે વગેરે હિંદુ ધર્મસ્થળોને પણ દાન આપ્યા હતા.નવાબ મહાબતખાનજી ત્રીજા એ કરેલા બધા જ દાનની રકમનો સરવાળો કરવા જઈએ તો તે ૫૦ લાખનો પણ આંક વટાવી જાય તેમ છે,એટલે જ કવિ કરોડોના દાન શબ્દ વાપરે છે તે યથાયોગ્ય છે.

સોરઠા

ખુદા તારી રહેમ સોરઠ ઉપર છે સદા,
તુજ ને ભૂલીએ કેમ વિશ્વભંર તું એક છો,
સોરઠના શણગાર જૂનાગઢના રાજવી,
અમારા તારણહાર ખુદાવિંદ મહાબતખાનજી,
રૂડા પાટવી કુંવર દિલડાના દાતાર છો,
નામ ખુદાવિંદ દિલાવર,ઘણું જીવો દિલાવરખાનજી,
ન્યાય નીતિનું રાજ રામ રાજની ઉપમા દઈએ,
ઘણું જીવો ગરીબ નિવાજ ખુદાવિંદ મહાબતખાનજી,
રૈયતને છે સુખ બીજે આવ ન મળે,
દીધા નથી દુખ ખુદાવિંદ મહાબતખાનજી,
ખેડૂત સોનાના ઝાડ શોભાવે છે રાજયને,
તેને રક્ષારૂપી તમારી વાડ ખુદાવિંદ મહાબતખાનજી,
પ્રેમ તણો પ્રવાહ મૂળ વાટે પાઈ રહયા,
લાગવા નથી દીધો દાટ ખુદાવિંદ મહાબતખાનજી,
આજનો વિષમ કાળ ,સોરઠમાં લેશ નથી,
વર્તે છે સુકાળ ,ધન્ય ખુદાવિંદ મહાબતખાનજી,
અનાજનો ભર્યો કોઠાર,સસ્તે ભાવે સર્વને મળે,
બીજે મણના રૂપિયા બાર ,ખુદાવિંદ મહાબતખાનજી,
સદાય મન પ્રસન્ન તમારો છે રાજવી,
ગુણ ગાય કરશન કૃતાર્થ આજે થયો.

## (૬૬) વૈધ અમૃતલાલ વિઠલદાસ તથા વકીલ ભવાન શિવજી –વંથલી

કૂળ કપટ મનમાં નહીં,............લક્ષણ વિશેને બાર,

દીલ વિધા વિશે અધિક,.............પર નિંદા તજનાર,
કરમ ધરમના કામમાં,............રાત દીન હરખાય,
જબર સતાનો મદ નહીં,...........માયાળુ મન દેખાય,
નહીં ક્રોધ લવલેશમાં,.............રાજી રાજી વરતાય,
જેના ગુણ ગાઉ સદા તે,...........શ્રી માન અબ્દુલ કાદીરભાઈ,
મુખ્ય દીવાન પદ શોભાવતા,.....રહેમ નીતિમાં બહુ વખણાય,
બીજા સુખ સોરઠ વિશે,.........શ્રીરામ રાજય વરતાય,
અસલ ખાનદાન ગુણવાન નર,...બહુ ભારતમાં છે વિખ્યાત,
દર્પણ દીલને ઉચ્ચભાવના ,......લઈ શ્રમ જીવનમાં દીનરાત,
કાયદા ફરી ઘડી સુધારીને,.....દીધી ધન રાજયે ભંડારે ઘણું જ,
રજત મહોત્સવની શુભવાંછના,...મહમદહુસેનના તનુજ,
હજૂર હુકમથી નિયમન કર્યા,...મહા સુખ દીધી સોરઠ માંય,
દયા ક્ષમો શાંતિથી,...........હુલ્લાસ રાખ્યો છે સોરઠમાંય,
સેવાભાવને કાર્યદક્ષતા,.......નરનારી માને તેથી ઉપકાર,
દીવાન બહાદૂર અબ્દુલ કાદીરનો બોલો જયજય કાર.

## (૬૭) જયશ્રીબહેન અંજારિયા –રાણપુર

સખી આજ આનંદ ઉર છાઈ રહયો,
છાઈ રહયો ઉર છાઈ રહયો,
વાધ મનોહર વાગી રહયા,
ગાનતાન નાટયારંભ[૧] થાય ઘણા,
એવો રજત મહોત્સવ ઉજવાય રહયો,
શોભા અનેરી શહેર તણી,
દીપી વર્ણવી ન જાય રાજય મહેત તણી,
ઈચ્છુ સોરઠ સરકારની આબાદી ઘણી,
સોરઠ સરકારશ્રી અમર તપો,
બાબી બહાદૂર મહાબતખાનજી સાહબ જુગ જીવો,
જુગ જીવો આશીષ ફળો ,
સખી આજ આનંદ ઉર છાઈ રહયો.

**(૧) નાટયારંભ**

નવાબ મહાબતખાનજી ત્રીજાને નાટકો જોવા અને ભજવવાનો અનહદ શોખ હતો,પોતે પણ કયારેક પોતાના અંગત માણસોની હાજરીમાં કોઈક પાત્ર ભજવતા હતા. આથી જૂનાગઢમાં ઈ.સ.૧૯૨૦ પછીના દરેક પ્રસંગોએ રાજમહેલમાં રાજકટુંબ અને જાહેર જનતા માટે નાટકો ગોઠવવામાં આવતા હતા,આ નાટકો જોવા સમગ્ર જૂનાગઢની જનતા વિનામૂલ્યે હોવાથી ઉમટી પડતી હતી.અરે પાલિતાણા ભકિત પ્રદર્શક નાટક મંડળીને ઉપલેટામાં ઈ.સ.૧૯૩૭ થિયેટરમાં આગ લાગ્યાનો અકસ્માત થતા તે ભવિષ્યમાં ફરીવાર બેઠી ન થઈ શકે તેમ હોવાથી તેના માલિક મણિભાઈ ભટને તેમણે જૂનાગઢ બોલાવી લીધા અને કાયમી આશરો આપ્યો હતો.આ નવાબે સરદારબાગ પેલેસમાં પોતાની અંગત નાટયશાળા બેનમૂન બનાવી હતી જે જૂનાગઢ છોડીને પાકિસ્તાન ગયા ત્યારે આ નાટયશાળામાં ઈન્દ્રસભાનો સેટ ગોઠવાયેલો પડયો હતો.આ નાટયશાળાને આપણી સરકારે ઈ.સ.૨૦૦૬–૦૭મા રીપેરીગ કરી જાળવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો છે.

## (૬૮) પ્રેમસુખ સી.વૈધ –રાણપુર

જય શ્રી સોરઠના શિરતાજ, અમારા મહાબતખાન,
રૌપ્યોત્સવ સમ શુભદીને જયાં આનંદ મંગલ થાય,
શોભા અતિ અપાર છે,મંડયો શો  સોહાય,
ધન્ય સોરઠભૂમિ અમારી ધન્ય અમારો દેશ,
દેવકૃપાથી શુભદીન આજે શોભે છે ચોમેર,
નમને ઉદર વળી છે શાણાને ગુણવાદી,
સર્વકોમ જયાં ઐકય ગણીને પામે છે સન્માન,

ગરીબ જનને સેવાધર્મે,અન્નવસ્ત્રના દાન,
સમદષ્ટિને સેવાભાવિ,એ છે મહાબતખાન,
નામ અનુપમ ગુણ દીશે છે એવા દિલાવરખાન,
ઉજજવલ કીર્તિ રહો તમારી, માંગુ એ વરદાન,
યાચુ છું એ પ્રભુપ્રતિ આજે, કરજો સદા સહાય,
રાજકુટુંબ સૌ સુખી બનીને, પામો વૃધ્ધિ સદાય,
જય શ્રી સોરઠના શિરતાજ, અમારા મહાબતખાન.

## (૬૯) માર્કંડરાય બી.વૈષ્ણવ –જૂનાગઢ

સોરઠના શિરતાજ અમારા,બાબી મહાબતખાન,
હિંદુ મુસ્લિમ ઐકય[1] થઈને, ગાયે તવ ગુણગાન,
સરવો સોરઠ દેશ અમારો,જયાં લીલી નાઘેર,
સરર સરિતા સાગર ગંભીર,કુદરતની જયાં મહેર,
જમિયલશા દાતાર બિરાજે,ગિરનારી ગિરનાર,
અમર નરસિં નર જયાં નિપજયા,ધન્યધન્ય સોરઠ ભોમ,
રૌપ્ય મહોત્સવ રાજવી કેરો,રૈયત ઉજવે આજ,
ઘરઘર આનંદ છાઈ રહયો છે, ગરીબને ધનવાન,
આનંદ મંગલ થાય અનેરા,જીર્ણદુર્ગ ઓઝાર,
ઘર આંગણિયે સાથ પુરીને, નરનારી હરખાય,
સોરઠના સરકાર દયાળુ જુગજુગ જીવો આપ,
બાલવીરો સૌ આશીષ દીએ, અમર તપોતવ રાજ,
સોરઠના શિરતાજ અમારા,બાબી મહાબતખાન.

**(૧) હિંદુ મુસ્લિમ ઐકય**

જૂનાગઢ રાજયમાં ગુપ્તપ્રયાગ,પ્રભાસપાટણ,વેરાવળ,વંથલી અને વિસાવદરમાં એકાદવાર કોમી ઝઘડાઓ અપવાદરૂપે દે ખાયા હતા ત્યારે રાજયએ તેને કડક હાથે દાબી દેવાનો પ્રયત્ન કર્યો હતો અને હિંદુ મુસ્લિમ એકતાને જાળવી રાખવાનું વલ ણજ મોટે ભાગે રાખ્યુ હતુ.જયારે ઈ.સ.૧૯૩૫માં અમુક મુસ્લિમોએ ગિરનાર ઉપર મસ્જિદ હોવાનો વિવાદ સર્જયો અને દીન નામના સાપ્તાહિકે (તા.૧૬–૧૨–૧૯૩૫)જબરો ઉહાપોહ મચાવ્યો અને લખ્યુ કે જૂનાગઢનું રાજય હિંદુ રાજય બન ા ગયુ છે મુસ્લિમોનું કશુ ઉપજતુ નથી ત્યારે પણ નવાબ મહાબતખાનજી ત્રીજાએ આ વિવાદ ટાળ્યો અને જમિયત ઉલ સંસ્ થાને વિખેરી નાંખવાનો હૂકમ કરી હિંદુ મુસ્લિમ એકતા કાયમ ટકાવી રાખી હતી અને ગિરનારમાં વિવાદ થવા દીધો ન હત ો.

જયારે વેરાવળના ખૂન કેસમાં નવાબ મહાબતખાનજીના બાળ સખા અને સહઅભ્યાસો એવા દીવાન મહમદભાઈ શેખના હાથ કોમી રંગે રંગાતા અને અન્ય કારણોસર દીવાન પદેથી તેમને રાતોરાત રૂખસદ આપી દીધી હતી,અરે જયારે મહમદ ભાઈએ મુંબઈમાં જયારે અફીણ ખાઈ આપઘાત કર્યો અને તેનો મૃતદેહને જૂનાગઢમાં દફનાવવા લાવતા હતા ત્યારે તેને જૂ નાગઢમાં દફનાવવા પણ ન દીધા અને પછી તેમને તેમના ગામ અગતરાયના કબ્રસ્તાનમાં દફનાવ્યા,આનથી તો હિંદુ મુસ્ લમ એકતા માટેનો ભોગ કયો હોય શકે તેને કવિએ આ ગીતમાં યાદ કરીને નવાબને બિરદાવ્યા છે.

## (૭૦) શાંતિલાલ ભૂરાભાઈ દવે –ભેરાઈ

સોરઠપતિ રૌપ્યમહોત્સવ અમ આંગણિયે છે,
રચીને આનંદ ઉત્સવ, અમ આંગણિયે છે,
ઠઠ જામી છે ત્યાં બહુ સારી
પક્ષાપક્ષીને નહીં બારી,
તીમીરને નાંખે ઓવારી,
મનહર મહોત્સવ છે બહુ ભારી,
હોવે જય જય આનંદકારી,
બહુત જન બોલે ઉચ્ચારી,
તનમનથી સહુ આશીષ આપે,
ખાવિંદ તમારા કષ્ટો કાપે,

નમીને વંદન વારંવાર,
જીણી જીણી નોબત વાગે,
ઝાલરના ઝણકારા ગાજે,
જૂઓને પુષ્પની વૃષ્ટિ થાય,
જીવનભર અમ રંક તમારા,
વેડો છો તમ દુ:ખ અમારા,
શાંતિ આશિષ અર્પે આજ,
સોરઠપતિ રૌપ્યમહોત્સવ અમ આંગણિયે છે.

### (૭૧) શાંતિલાલ ભૂરાભાઈ દવે –ભેરાઈ.

ધન્ય ભૂમિ સોરઠ તણી,જયાં અચળ છે ગિરિરાય,
મહાબતખાન સરકાર,મોજુ માણે છાંયડે,
ધન્ય તુને જૂનાણું શહેર,જયાં ધજા ફરકે મહાબતખાનની,
વસ્તીને લીલા લહેર,મોજુ ઉડાવે ખાનપાનની,
ધન્ય દિવસ છે આજનો,ધન્ય ઘડીને ધન્યવાર,
રૌપ્યમહોત્સવ ઉજવવામાં,અમને હૈયે આનંદ અપાર,
ધન્ય ધન્ય ઘોરી સાહેબને,આજે સુવર્ણ દીન દેખાય,
શાંતિ તો સાચુ કહે છે,કે એને બમણો આનંદ થાય,
નવાબ મહાબતખાનની ગાદી અમર રહો,
જય હો જય હો તમ રાજયની યાવદ ચંદ્ર દિવાકરો.

### (૭૨)કવિ દૌલતદાન અલરાજજી –વરાણા,રાધનપુર રાજય.

સિલ્વર જયુબીલી કો મહોત્સવ સુરેશ્વર સો,
ઉપમા લગાઉ ફૈર કૌન ભૂપ આન કી,
દૌલત ભનંત કે ઉ, દેખ રે હમારી દષ્ટિ,
ખનંક ન હોવતી મહાબતેશખાન કી,
છત્રવંશ બાબીવંશ કે સુરેશ છત્ર સોરઠ કે,
દુસરા નરેશ કયા નવાબ આન દાનકી,
જૂનાગઢ ધીશ મેં નિગાહ દાતા દત જુકી,
જીંદગી  બડી હો,દુવા શાયર જુબાન કી,
પ્રજાપાલ સોરઠપતિ કે સુમતિ કે પુણ્ય,
ભવ્ય એ કચેરી કૃતિદ્યુતિ ભિસ્ત બાન કી,
દૌલત ભનંત કયા મેં ઉપમા લગાઉ દુજી,
ખુશી કો બઢાતી હૈ,મહાબતેશખાન કી,
સને ઉન્નીસે  તારીખ એકત્રીસ પેતાલીસ,
સ્થાવર બરીસ બાબી સુજસ જહાન કી,
સોના ઔર હીરક જયુબીલી કે મહોત્સવ લૌ,
જીંદગી બડી હૈ દુવા શાયર જુબાન કી,
દોહો
અબ્દ શતાયુ અંકટ કે ખુશી મહાબતખાન,
દુવા દુવાગીર દૈત હૈ દીન દીન દૌલતખાન.

### (૭૩)વ્રજલાલ કાનજી આચાર્ય –જેતપુર.

શુભ રૌપ્ય મહોત્સવ ઉજવે,આજે પ્રજા અતિહર્ષથી,
પરદુ:ખભંજન[1] બાબીકૂળના ભાણને અભિવદંતી,
પાળે પ્રજાને પુત્રસમ[2],દિલ જેનું દરિયાવ છે,
એ શાહ અમ શિરતાજ છે,ઉચ્ચરે પ્રજામાં આનંદ છે,

શુભહસ્તથી[૩] તેણે કર્યા કાર્યો પ્રજા કલ્યાણના,
મ્હારી પ્રજા કહી જનહૃદય જેણે સદા જેણે જીતી લીધા,
નિજ રાજયમાં ખેતી અને વેપાર[૪] હુન્નરને કલા ઉતેજના,
સુખ શાંતિને  સગવડ તણા દીધા બીજા સાધન ઘણા,
સુસંસ્કૃતિ સંસ્કારથી આજે જૂનાગઢ શોભતુ,
એ યશ બધો છે આપનો, છે ધન્ય માનસ આપનું,
જયાં ત્યાં નિશાળો[૫] સ્થાપીને નેત્રો દીધા સુજ્ઞાનના,
વળી શિષ્યવૃતિ[૬] યોગ્ય અને ઉદાર હસ્તે આપતા,
અક્ષત કુમકુમો વળી મધુર પુષ્પના હાર,
વધાવતા પ્રેમથી સોરઠના સરકાર,
રાજા મહારાજા અને બીજા વળી સરદાર,
મંડપની શોભા વધી સોરઠના સરકાર,
પડઘમ વાજા બેંડના,મીઠા સૂર રસાળ,
આનંદ ઉર ઉભરાય છે,સોરઠના સરકાર,
વિધવિધ રંગેરોશની,દીપે ઝાકમઝમાળ,
કવિજન ગુણગાતા વળી,સોરઠના સરકાર,
વેલી વધજો વંશની,વર્તો જય જયકાર,
તપો અવિચળ રાજય આ,ધન્ય સોરઠ સરકાર.[૭]

**(૧) પરદુ:ખભંજન**

નવાબ મહાબતખાનજી ત્રીજા એ અતિ ભોળા અને રાજકીય આંટીઘુંટી ન જાણનારા હતા અને જયારે જયારે તેમની પાસે તેમની પાસે દીનઃ દુખિયુ પોતાનું દુઃખ રોવે ત્યારે અવશ્ય તેના દુઃખ દૂર કરનારા હતા.જૂનાગઢમાં આવા અનેક માંગણીદારોને તેમણે ૪૦ જેટલા મકાનો બક્ષીસ આપ્યા હતા અને આખી નાટકમંડળીને આશ્રય આપી મણિભાઈને જૂનાગઢમાં વસાવેલા અને તેમને તળાવ દરવાજા પાસે મકાન આપ્યુ હતું અને નાટકિયાઓને પોતાના પેલેસ વિસ્તાર એવા સરદારબાગમાં જ સાદા મકાનોમાં વસાવ્યા જેને નાટકિયા લેન કહેતા  હતા.આવા તો અનેક ખેડૂતો ,કારીગરો,ગરીબોના દુઃખ પોતાની નજરે આવે તો નવાબે તેમના દાળદર કાઢી ફરીવાર બેઠા કરવાનું અને અમુક બાબતોમાં સંસ્કૃતિ રક્ષવાનું કામ કર્યુ હતુ તેથી કવિએ એ બધુ યાદ રાખીને તેમને પરદુ:ખભંજન કહયા છે.

**(૨) પુત્રસમ**

નવાબ મહાબતખાનજી ત્રીજા જયારે પોતે કયાંઈ ભાષણ કરતા તેમા તેમણે પ્રજાજનોને પુત્રસમ વહાલા અને પ્રાણ પ્યારા એવા શબ્દો રાજયાભિષેક,રજતજયંતિ વખતે વાપર્યા હતા અને નવાબ કહેતા કે"પ્રજાના સુખમાં મારું પોતાનુ સુખહમેંશા સમાયેલુ છે આ મારા જીવનનું મંતવ્ય છે અને તે હમેંશા ચાલુ રહેશે મારી પ્રજા તથા મારા રાજકુટુંબ પ્રત્યેની વફાદારીમા અડગ રહી છે અને તેણે કાયમ શાંતિ અને ઐકયથી સાથે રહેવાની તિવ્ર ઇચ્છા અને શુભભાવના દર્શાવી છે અને મને ખાત્રી છે કે તે કાયમ એજ પ્રમાણે વર્તશે."

એક વખત નવાબ મહાબતખાનજી ત્રીજા તા.૨૯–૧૦–૧૯૩૫ના રોજ મોટરમાં  ચોરવાડ જતાં હતા એ સમયે માણાવદરથી વિસાવદર બળદને પાંજરાપોળમાં મૂકવા એક કણબી (પટેલ) દેવશીભાઈ જતા હતા ત્યાં તેને કોઈ વાહને હડફેટે લીધાને તેઓ ઘવાયા ત્યારે પેલો ભટકાનાર મોટરવાળો તો ભાગી ગયો હતો ત્યારે જ નવાબની મોટર ત્યાંથી પસાર થતાં તેમણે આ અકસ્માત જોઈ નીચે ઉતરીને કણબીને બહાર કાઢયો અને સેવા કરી પણ તેની આયુષ્ય ખુટી ગઈ હોવાથી તેણે નવાબની નજર સામે જ જીવ છોડી દીધો ત્યારે નવાબે તરત જ બીજી ગાડી જૂનાગઢના પોલીસ સુપ્રિન્ટેડેન્ટને ખબર આપવા મોકલી અને તરત જ બાંટવાથી અકસ્માત કરનાર મોટરવાળાને પકડી લીધો,આવા તેને પોતાના પ્રજાજનો વ્હાલા હતા આ કિસ્સો બીજે દિવસે અખબારમાં નવાબને ધન્યવાદ આપતો પ્રગટ થયો હતો.

પોતે જયારે પાકિસ્તાન તા.૨૪–૧૦–૧૯૪૭ના રોજ ચાલ્યા ગયા અને જયારે તેમને ત્યાં ખબર મળ્યા કે જૂનાગઢમાં અંધાધૂધી ફેલાણી છે અને પ્રજાજનો સાથે બેઅદબીના પ્રસંગો બની રહયા છે,ત્યારે તેમણે પાકિસ્તાનથી દીવાન ભુટો ઉપર તાર કરી પોતાની વહાલી પ્રજાની ખૂનમરકી અટકાવવા જણાવ્યુ હતું.જે તારના શબ્દો હતા.

Unless your wire

**(૩) શુભહસ્ત**

નવાબસાહેબે પોતાના શુદ્ધ હૃદય અને હસ્તથી પ્રજા કલ્યાણના કાર્યો કર્યા હતા તેમ કહેવાનો કવિનો ભાવ જણાય છે.

**(૪) ખેતી અને વેપાર**

જૂનાગઢ રાજયે ખેતી અને વેપારના વિકાસ માટે સારા એવા પ્રયત્નો કર્યા હતા તેને ગીતકાર અહી યાદ કરી બિરદાવે છે.જૂનાગઢ રાજયે ઈગ્લેંડની મહારાણીના શાસનના પચાસ વર્ષની ઈ.સ.૧૮૮૭માં સંવત ૧૯૩૪ના દુષ્કાળની ખેડૂતોની તગાવી માફ કરી હતી.નવાબ મહાબતખાનજી ત્રીજાએ દૂધેશ્વર પ્લાનટેશનની સ્થાપના કરી હતી અને તેની સ્થાપના બાદ તેના નવાબે મુલાકાત લેતા પોતે ખુશ થઈ પોતાના નામથી ૧૦૦૦ ઝાડ અને ત્રણ બેગમોના નામથી ૧૫૦૦ ઝાડ વાવવાનો હુકમ કર્યો હતો.ઈ.સ.૧૯૦૮–૯માં માળિયામાં રાજયએ ૩૦ એકર જમીન ખેતીવાડીના સંશોધન માટે અલગ ફાળવી હતી.

રાજયને ખેતી ઉદ્યોગ અને વેપાર ધંધાના વિકાસ માટે સારો એવો રસ હતો,આથી તેણે ઉદ્યોગો વિકસે તે માટે બંદરો સુધાર્યા અને ગાંસડી બાંધવાના પ્રેસો,સુતરાવ કાપડના કારખાના અને જીનીંગો સ્થાપનારને રાજય મદદ કરતુ હતું,વેરાવળમાં સર રસુલખાન સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલનું ઉદઘાટન ખુદ નવાબ રસુલખાનજીના હસ્તે તા.૧૧–૩–૧૯૦૮ના રોજ થયું હતું રાજયમાં કુતિયાણા આસપાસ પથ્થરની ખાણો અને બીજે ચુનો પાડવાનો ધંધો ચાલતો હતો,બુમલા માછલી પણ રાજયને સારી એવી આવક કરાવતી હતી.

**(૫) નિશાળો**

જૂનાગઢ રાજયએ પ્રજાની સુખાકારી લાવવા સતત પ્રયત્નો કર્યા હતા,તેમાં તેમણે શિક્ષણનો વ્યાપ ફેલાય તે માટે ગામેગામ શાળાઓ સ્થાપી હતી અને રાજયના દરેક પ્રસંગોએ શાળાઓ વધારવાની જાહેરાત કરાતી કે ખાનગી શાળાઓને રાજય સંચાલિત બનાવાતી હતી. ઈ.સ.૧૮૮૭માં ઘણા ગામોમાં રાત્રીશાળાઓ શરૂ કરવામાં આવી હતી.

**(૬) શિષ્યવૃતિ**

જૂનાગઢના નવાબોએ શિક્ષણ પ્રત્યે સારું એવુ ધ્યાન આપ્યુ હતુ અને ગરીબ વિદ્યાર્થીએ નાણાના અભાવે શિક્ષણ અધુરુ ન મૂકે તે માટે કેટલીક સ્કોલરશિપો જાહેર કરી હતી.(૧) જે કોઈ વિદ્યાર્થી જૂનાગઢની બહાદૂરખાનજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરી મુંબઈની યુનિવર્સિટીની મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કરી મુંબઈ, પૂના મદ્રાસ કે વડોદરા ભણવા જવા ઈચ્છતા હોય તેવા દશ વિદ્યાર્થીઓને રૂા.૧૦ અને ૧૫ની સ્કોલરશિપ દેવામાં આવતી હતી.(૨) જે કોઈ નાગર વિદ્યાર્થી વિદેશમાં કેળવણી લેવા જવા માંગે તો તેવા ત્રણને રૂા.૧૭૫ અને ૧૫૦ સ્કોલરશિપ આપવાનું નકકી કરાયું હતું.(૩) નવાબ બહાદૂરખાનજી ત્રીજાએ તેમના પિતાશ્રીના નામે અમદાવાદની કોલેજમાં રૂા.૩૦૦૦૦ની રકમ અનામત મૂકી હતી તેમાંથી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અપાતી હતી.(૪) બે સ્કોલરશિપો બ્રિટીશરોની યાદમાં જૂનાગઢ રાજયએ શરૂ કરી હતી.૧ એડવર્ડ સ્મારક સ્કોલરશીપ ફંડમાં રૂા.૧૫૦૦૦ ભર્યા હતા તેમાંથી સ્કોલરશિપ અપાતી હતી.૨ માછરડાની ટેકરી ઉપર શહીદ થનાર કેપ્ટન હેબર્ટ અને લાટુચની યાદગીરીમાં હેબર્ટ અને લાટુચ સ્કોલરશિપ આપવાનું શરૂ કર્યુ હતુ.મહાબત મદ્રેસા અને બહાઉદીન કોલેજના વિદ્યાર્થીઓને અનેક પ્રકારની સ્કોલરશિપ મળતી હતી. બહાઉદીન કોલેજના વિદ્યાથીઓને અપાતી સ્કોલરશિપ હિંદુ મુસ્લિમ વિદ્યાર્થીના ધોરણે અપાતી હતી જેમાં મુસ્લિમ વિદ્યાથીઓને વધુ સગવડતાઓ અને સ્કોલરશિપ મળતી હતી.આ સિવાય પણ અન્ય નાની નાની સ્કોલરશિપો અપાતી હતી.

**(૭) ધન્ય સોરઠ સરકાર**

જૂનાગઢ રાજયની નવાબીને આખા કાઠિયાવાડમાં અને ખાસ કરીને સોરઠની જનતા સોરઠ સરકાર અને માબાપના અને છોટી મુગલાઈ નામથી ઓળખતી હતી અને લગભગ ગીતોમાં નવાબના રાજયને સોરઠ સરકાર તરીકે જ નવાજવામાં આવ્યુ છે.

## (૭૪)લાલજી ડાયાલાલ પરમાર, હેડમાસ્તર સ્કૂલ –બગસરા ઘેડ.

સૌરાષ્ટ્રના રાજવીઓ પ્રજા પધારો પધારો,
અમારા રાજર્ષિની આજે રજત જયંતિ છે,
જૂનાગઢના ઓલિયા બાદશાહનો,આજે પરમ પુનિત મહોત્સવ છે,
સૌરાષ્ટ્રના સમુધ્ધારનો,આજે સુવર્ણ દીન છે,
આનંદો સારાય સૌરાષ્ટ્રની સત્પ્રજાઓ, હમારા દેવ સરીખા રાજનની,
આજે રજતજયંતિ છે,પશ્ચિમ હિંદના રાજ રજવાડામાં,
અગ્રસ્થાન છે સોરઠ સરકારનું,સારીએ આલમમાં સુવિખ્યાત છે,
સખાવત માટે નામ સોરઠ સરકારનું,પ્રાચીન મહર્ષિઓ લખી ગયા છે કે,
રાજાએ છે દેવ,રાજા ઈશ્વરી પયગંબર છે,
આર્યોનું છે સોનેરી સુવાકય,અને એ છે અક્ષરસ સત્ય,
અનેકાનેક રાજાઓએ એને સત્ય કરી બતાવ્યુ છે,
અનેક માંના એક છે,અલ્લાહના રસૂલ શા રસૂલખાન,
એ હતા અમારા રાજર્ષિના પ્રતાપી પિતા,જેના દર્શન માત્રથી ભવોભવના પાપ ટળે,

જેની અમી દષ્ટિથી દીનના દાળદર ટળે, એવા સર રસૂલખાન,
સાચે જ અલ્લાહના રસૂલ હતા,એવા સુપાત્ર પિતાના સપૂત,
સર મહાબતની આજે રજત જયંતિ છે,પ્રતાપી પિતાના પ્રતાપી પુત્રનો,
આજે મહાપવિત્ર પ્રસંગ છે,અલ્લાહના રસૂલ શા રસૂલખાન,
મહોબ્બતના મહાસાગર શા મહાબતખાન,દિલાવર દરિયાવ દિલાવરખાન,
બાબી રાજમાળાના સુવર્ણ મણકા છે,અને કેવા છે પ્રજા માનીતા મહાબતખાન,
હિંદુ પ્રજા જેને દેવ માને છે,ઈસ્લામી પ્રજા જેને ઓલિયા ુગણે છે,
એ છે ગેબના પરમ શોધક,એ છે ખુદાઈના પરમ ઉપાસક,
એ છે પૃથ્વીના પરમહંસ, એ છે ખુદાઈ જમાતના નાનકડાં જોગી,
ભિન્ન ભિન્ન કોમોનો ,કળાનો,સંસ્કૃતિનો,કેળવણીનો,ધાર્મિકતાનો,
આયુષ્યભરમાં આદર્યો છે એણે, સર્વ સમન્વયનો મહા રાજસૂય યજ્ઞ,
એમણે ઠેરઠેર અમૃતના આંબા વાવ્યા છે,અમૃત ફળ માણે છે અને મણાવશે,
પરિવારને સૌરાષ્ટ્રનું આ રાજવી કૂળ, મહાબતખાનથી મહિમાવંત બન્યુ છે,
સર્વ સમન્વયને સર્વ કલ્યાણ,જે ત્રિકાળના મહાસત્યો છે,
બિન પક્ષપાત દષ્ટિથી બન્ને,મહાબત જીવનમાં ઓતપ્રોત છે,
શ્રી હરિને ખુદા નથી કોઈ જુદા,સારાય જગતનું મહા સત્ય છે,
સિદ્ધ કરી બતાવ્યું સર્વાશેં, સોરઠ નરેશ મેજર્ મહાબતખાનજીએ,
અત્યાર સુધીનો આયુષ્યનો સદ્દુપયોગ,કર્યો છે,પ્રજા કલ્યાણ અર્થે જ એણે,
રૈયતના અંતરના રજંન ખાતર,આદરી છે,ઉગ્ર તપશ્ચર્યા તેણે,
યત્કિંચિત ઋણ અદા કરશે, સારાએ સૌરાષ્ટ્રની પ્રજાઓ,
આજના શુભાગી રજત જયંતિ દિને,અંતરની મહાન આશિષો અર્પીને,
ઉજવાસે જેવો આજે રજત મહોત્સવ,ભવિષ્યે ઉજવાઓ ,
એવો સુવર્ણને હીરક મહોત્સવ,એજ છે અંતર્યામી પ્રત્યે,આ લખનારની શુભેચ્છા.

**(૧) અગ્રસ્થાન**

સમગ્ર કાઠિયાવાડમાં રરર દેશી રજવાડાઓ હતા તેમાં જૂનાગઢ સૌથી મોટુ રાજય હતું તેથી અને તેના વહીવટ અને દાતારી ,દાનને હિસાબે ગીતકારે તેને અગ્રસ્થાન કહયુ છે.

**(૨) ભવોભવના પાપ**

રાજાપદ પવિત્ર મનાય છે અને એના દર્શન માત્રથી ભવોભવના પાપ ટળે છે,નદીઓમાં પૂર આવ્યુ હોય ત્યારે રાજા ચુંદડી અને મોડિયો નદીના પૂરમાં નાખે અને વિનંતી કરે કે જળદેવતા મારી પ્રજાનું રક્ષણ કરો અને બચાવો તો પાણી ઉતરી જતુ તેવી લોક માન્યતા છે.આવા પ્રસંગો કાઠિયાવાડમાં ઘણા બન્યા છે એટલે અહીં કવિકહે છે કે તમારા દર્શનથી ભવોભવના પાપ ટળે છે.અરે લોકો જયારે તેના બાળકો માંદા પડે ત્યારે તેને સાજા કરવા માટે નવાબ મહાબતખાનજી બીજાના ખોળા માં લોટાડવાની માનતા કરતા હતા અને જયારે કોઈ પ્રજાજન કોઈ ગરીબ ગંધારા કે મેલા ઘેલા બાળકને લાવે ત્યારે નવાબ તેને પ્રેમથી પોતાના ખોળામાં સુવડાવી હસતા મુખે પાછુ તેના વાલીને આપતા હતા.

**(૩) હિંદુદેવ ઈસ્લામી ઓલિયા**

નવાબ રસુલખાનજીને તો પ્રજાજનો ઓલિયા નવાબ તરીકે ઓળખતા હતા, તેકાયમ સાધુ સંતો અને ફકીરોના સંગમાં વધુ રહેતા અને જમાલવાડીમાં જ પડયા પાર્થયા રહેતા અને તેમને દારૂ અને નાચગાન અને મુજરા તરફ સખત નફરત હતી. અરે નવાબ રસુલખાનજીએ તો પોતાનું અડધા કદનું બાવલુ ઇસ્લામ નિરાકારમાં માનતો હોવા છતાં બનાવ્યુ છે જે આજે પ ણ દરબાર હોલ મ્યુઝિયમમાં પ્રદર્શિત છે.

નવાબ રસુલખાનજી જેવા જ ગુણો તેમના પુત્ર નવાબ મહાબતખાનજીમાં આવ્યા હતા જેને હિંદુ પ્રજા દેવ જેમ ઘણા બધા િ કસ્સાઓમાં માની રહી હતી.દા.ત.કિંગ્સ રોડ (આજનો મહાત્મા ગાંધી રોડ)ઉપર એક પીપળાનું ઝાડ હતુ તાજિયા વખતે તેની ડાળીઓ ભરાતી હતી તેથી તેને કાપવાની અરજી આવી ત્યારે નવાબે હિંદુ જેને પવિત્ર માને છે તે વૃક્ષને કાપવાને બ દલે તેટલા ભાગમાં રસ્તો નીચો ઉતરાવ્યો પણ કાપવાની પરવાનગી આપી નહોતી.વિલીંગ્ડન ડેમનો પાયો નાંખતી વખતે તેમણે ગણેશની પૂજા કરી પાયો નાંખ્યો હતો અને એ પાયો નંખાવનાર પણ હિંદુ એવા રાજ જયોતિષી શંભુપ્રસાદ જોશી હ તા.

દરરોજ
સવારે ઉઠી રાજમહેલના ઝરૂખામાંથી દાતાશ્ર અને અંબાજીના દર્શન કરી આર્શીવાદ માંગતા કે હે દાતાર અને માઅંબા માર
l પ્રજાને સુખી રાખજે.

**(૪) મેજર**

બ્રિટીશરોએ ભારતીય રાજાઓને ખુશ કરવા અને તેમને પણ સૈન્ય પરંપરામાં જોડવા રાજામહારાજાઓને તેમણે કર્નલ,મે
જર,કેપ્ટન એવી માનદ પદવીઓ આપી હતી ,પછી આ રાજાઓ વટ પાડવા એવો પોશાક પણ પ્રસંગોપાત પહેરતા હતા.
નવાબ મહાબતખાનજી ત્રીજાને બ્રિટીશ સેનાના માનદ કેપ્ટન (ઈ.સ.૧૯૩૭)માનદ મેજર(ઈ.સ.૧૯૪૨)
અને માનદ કર્નલ (ઈ.સ.૧૯૪૬) ના ઈલ્કાબો મળ્યા હતા.આ સિવાય પણ અન્ય ઈલ્કાબ કે.સી.એસ.આઈ.(નાઈટ કમા
ન્ડર સ્ટાર ઓફ ઈન્ડિયા)ઈ.સ.૧૯૨૬માં અને જી.સી.આઈ.ઈ.(ગ્રાન્ડ કમાન્ડર ઓફ ઈન્ડિયન એમ્પાયર)ઈ.સ.૧૯૩૬
માં મળ્યો હતો. આવા બધા ઈલ્કાબો રાજવીઓને ખુશ કરવા અને તેઓ હોય તેના કરતા વધુ ઉતમ બનાવી નબળા બનાવ
વાની બ્રિટીશરોની મેલી મુરાદ હોય તેમ જણાય છે.

## (૭૫)રાજ બારોટ નવલદાન રાજદેભાઈ –જૂનાગઢ.

અવસર જળ આવે તબ પૂણ્ય કા પ્રકાશ હોત,
બાબી બહાદૂર કી,સખાવત બળવાન હે,
સિલ્વર જયુબીલી કી,તારીખ કહું એકત્રીસ,
ઉન્નીશો પિસ્તાલીસ માર્ચ શ્રેષ્ઠ સન્માન હે,
સોરઠ સરકાર કી અવિચળ ગાદી તપો,
રાજય કી આબાદી રહો, ગ્રાહક ગુણવાન હે,
કવિ નવલદાન કહે શરીર નિરોગી રહો,
મહાબતખાન બાબી પે ખુદા મહેરબાન હે,
કાયમ શિરતાજ રહો,નુખતે નિવાજ રહો,
સોરઠ પે તાજ રહો,સદા સુખાકારી હૈ,
દિલ કે ઉદાર રહો,અંગ મે ઉમંગ રહો,
યુવરાજ સંગ રહો,સદા હિતકારી હે,
જૂનાગઢ ગાદી રહો,અવિચળ આબાદી રહો,
મહાબતખાન કી યાદી રહો કીર્તિ વધારી હે.

## (૭૬)લક્ષ્મીપ્રસાદ કૃષ્ણપ્રસાદ વસાવડા –જૂનાગઢ.

મળી સોરઠની ગાદી ,તેદી થી આબાદી સારીય પ્રજાની,
શાણા સરદાર છો દિલના ઉદાર,રાખો નિરાધાર પ્રજા પર પ્યાર,
આનંદ મંગળ શહેરમાં જોઉ સરવે ઠામ,
ઉર અતિ હરખાય છે,આનંદે નરનાર,
વિધવિધ વાજે નોબતો જયુબીલી મંડપ માંય,
ધ્વજા પતાકા ફરફરે જીર્ણદુર્ગની માંય,
ઝળહળે જયોત પ્રકાશની શોભા બની મહાન,
શત્રુ વર્ણન તેનું કરું,ભૂલુ જોતા ભાન,
ન્યારા નૃપતિ પધારિયા રૌપ્યોત્સવ સૌ ઉજવતા આનંદથી ભરપૂર,
અમર રહો આ ગાદીએ મહાબતખાન નવાબ,
મુજ રંકની આશિષ છે, પૂર્ણ કરો જગ રાજ,
અવિચળ રહો તમ નામના અવિચળ રહો સોરઠ રાજ,
અવિચળ ગાદી ભોગવો નવાબ મહાબતખાન,
ચાહુ તવ આબાદી હું આબાદી પરિવાર,
પ્રણમું દિલાવરખાનને રાજકુટુંબ સહુ સાથે,
દુઃખ દિશે નહી દેશમાં ના દિશે કોમવાદ,
જુગ જીવો સરકારશ્રી સોરઠના શિરતાજ,
અલ્પમતિથી શું કહું ના જોડી જાણું કંઈ,

મુજ રંકથી જે બન્યુ તે સ્વીકારી કરશો સહાય.

## (૭૭)કવિ શંભુદાન અમરદાન –ધ્રોળ સ્ટેટ કવિ

પરમ પ્રતાપી રાજ પેંખ્યો એક અવની એ,
સોરઠ નૃપાલ બીલંદ ભાગ્ય ધારી હૈ,
નવખંડ મે હુઓ જાન બાબી કૂળ હૈ મહાન,
ધર્મનીતિ સદા ન્યાય સત્ય ધ્વજા ધરાયો હૈ,
આજ ઉમંગ ઉછરંગ ભયો સબે મહાબત તુહારો,
પથ પ્રકાશઝા મે છવાયો,
સોરઠ ધરા કો ધીશ કવિ શંભ આશિષ,
બાજે ડંકા નિશાન કળશ ચઢાયો હૈ,
અમર તખ્ત રહો આપકો ,મહાબતખાન નૃપાલ,
યાચક આપે આશકર,આર્શીવાદ દે અપાર,
જૂનાગઢ કે રાજવી નિરમલ મન નરેશ,
નીતિ ન્યાય કીરતી સહીત આનંદ રહો હમેંશ.

## (૭૮) અમરસંગજી રણમલજી –ધ્રોળ સ્ટેટ કવિ

અવની પર અવિચળ રહો પ્રજા પાલનહાર,
સુખી રહો સંસારમાં સોરઠના સરદાર,
મહાબતખાન મન મોટું અને દિલ સાગર દાતાર,
સત્યનીતિના રક્ષક સદા ધર્મ ધજા ધરનાર,
આનંદ તુહારે આશરે બાજે બેંડ મરદંગ,
અમર કહે ચડતી કળા શુભ રંગ ઉછરંગ,

## (૭૯) કવિ જીવણદાન બાણીદાન–પ્રભાસપાટણ

ઉની મોટરું આંગણે ને મેડીયુમાં માલે,[૧]
માંગણ મહાબતખાનના હાથી ઉપર હાલે,
માંગણને દેતો મોટરું દાન[૨] વીસે દેવાય,
માંગણ મહાબતખાનજીના ધનથી ગયા ધરાય,
વેઢ કાંડાને વીટીંયુ હેમના બનાવી હાર,
કવિયુને કાયમ દીયે શ્રી સોરઠ સરકાર,
પોશાક પહેરામણીને પાઘડી શોભીતા શણગાર,
દિયે કવિને દાનમાં શ્રી સોરઠ સરકાર,
અદલ ઈન્સાફ જયાં વસ્તીમાં વરતાય,
સુખ આપે સોરઠ ધણી રૈયત રાજી થાય,
સિલ્વર જયુબેલી સરસ વિસ્વીસે વખણાય,
માલિક મહાબતખાનજી સુખી રહો સદાય,
દાન દિયે છે દશ ગણો વગતે ધન વપરાય,
સિલ્વર જયુબેલી સરસ કોઈથી કરી ન શકાય,
જુબેલીને જોઈને રૈયત રાજી થાય,
કવિ જીવન કવિતા કરે ગુણ બાબીના ગાય,
અંતરની આશિષ છે સુખી રહો સદાય.

**(૧) મેડીયુંમાં માલે**

જૂનાગઢ રાજયનું દાન કવિઓ,ચારણો,બારોટો,મીર, લંઘાઓ માટે એટલું મોટું હતુ કે તેઓ સારી રીતે આ ધંધાની આજીવિકા હેઠળ રહી શકે,એ બાબત નવાબ મહાબતખાનજીના ઈ.સ.૧૯૨૧ના લગ્ન વખતે ચરિતાર્થ થઈ ગઈ હતી,આ લગ્નમાં રૂા.૨૫૮૦૦નું કવિઓને દાન અપાયું હતું અને ૨૦૦ નંગ સોનાના કડા અને ૨૦૦ સોનાની વીટીઓ આપવામાં આવ્યાના નકકર દસ્તાવેજી પ્રાપ્ત થાય છે, તે જોતા કવિના વર્ણનમાં આ બાબતે બહુ અતિશયોકિત જોવા મળતી નથી.

**(૨) મોટરનું દાન**

જૂનાગઢના ૮૯ જેટલા ઓરડાઓમાં ભરેલા નવાબીકાળના દફતરમાં હજુ તો નવાબે કોઈને મોટર દાનમાં દીધી હોવાના ઉલ્લેખો મળ્યા નથી પણ કદાચ અહીં કવિએ રૂપક અલંકાર વાપર્યો હશે જોકે નવાબે કોઈને મકાન,ઘોડો જરૂર દાનમાં આપ્યા હતા.મોટરની ભેટ આપનારા તો જેતપુર પીઠડિયાના દ.શ્રી મૂળુવાળા સુરગવાળા સાહેબનું નામ આખા કાઠિયાવાડમાં પંકાય છે ,જેમણે રજવાડા તસ્વીરકાર સ્વ.પી.એમ.જોશીને (જોશી સ્ટુડિયો રાજકોટ) મોટર ખુશ થઈને ભેટ આપી હતી.

## (૮૦) ધનજીભાઈ જેઠાભાઈ પુરોહિત–દેવડા

ગઢ રે જૂનાની રાજે ગાદીએ,માલિક મારા મહાબતખાન સરકાર રે,
સોરઠના સુબા જુગજુગ જીવો,જૂનાણાના ભૂપતિ,
સરોવર સમા આ સોરઠ દેશમાં,કમળ સમા બંકા બાબી બહાદૂર રે,
પ્રજા પાળે પુરા પ્યાથી, ખેતો અને ખીલવ્યા વળી વેપાર રે,
વિધારુપી ખીલવી છે વેલડી,શીખે હુન્નર હોંશેથી કોમ અઢારે રે,
ડેમ [૧]બંધાવ્યુ ડુંગર ઉપરે,પ્રજા પીએ પાણી ઘરીને પ્યારે રે,
મેજર કેપ્ટન,કે.સી.એસ.આઈ.,જી.સી.આઈ.ઈ. ઈલ્કાબ નિરધાર રે,
રાજકુટુંબ સુખીયુ,સુખી રહો સુબા દિલાવરખાન રે,
માઢ
અમ ચશ્મ સિતારા મહાબત પ્યારા,બાબી બહાદૂર રાય,
સોરઠના સરકાર સદા છે રહેમી અને ગુણવાન,
વિધા વિલાસી પૃથ્વીપતિના, શા શા કરુ વખાણ,
દીશે દિલાવર, નવાબ નરવર અનુપમ અવની માંય
યાત્રાળુનો કર [૨]કાઢીને,વિકાસી વિધાવેલ,
હજારો હુન્નર હોંશે ભણાવે, છોગાળા ભૂપત છેલ,દીધા દુખડા કાપી,
કાઉન્સિલ[૩] સ્થાપી,ન્યાય નિર્મળ થાય, કૃષિના કરો,[૪]
કમી કરીને ,ખીલવ્યો ખૂબ વ્યાપાર,
પ્રજાનું પોષણ કરવા કાજે,હુન્નર ખોલ્યા હજાર,
ગરવા ભૂપ ગિરનારી છો, અવતારી સુખી રહો સદાય રે,
મ્હેર કરીને માલિકે આપી, શાહજાદાની શુભ જોડ,
રાજકુટુંબને અવિચળ રાખી,કુદરત પુરશે કોડ,
તવ દેદાર પ્યાસી, સોરઠવાસી ગુણ સદા ધનજી ગાય રે,
બાબી બહાદૂર મહાબતખાન બિરાજે ગાદી,
બિરાજે ગાદી દેશ કર્યો આબાદી,
બહાદૂર મહાબતખાન છે નવાબ નરપતિ જાણ,
દુર્ગુણ અળગો ભૂપતિ શુભગુણની છે ખાણ,
રઢિયાળા સોરઠની માણે છે ગાદી,
માણે છે ગાદી દૂર કરી બરબાદી,
હાકેમ હરગીઝ સાંભળી દે રૈયતને દાદ,
બળવંતા બાબો થકી,કોઈ નહી નારાજ,
તક સાધી રૈયત ખાસ રાખે રાજી,
ખાસ રાખે રાજી,ગિરનારી બાબી,
નરવર નૃપતિ નવાબ છે,સોરઠના આશામ ,
અવનીપતિ અવલોકતા ભાંગે ભીડ તમામ,
વિખ્યાત જશ જેના ચહુ દિશે છે,
ચહુ દિશે છે વિશ્વ વિશે છે,
લઈ રૈયત હિતે લક્ષ ખરચીયા દામ,
રહેમી શાહજાદા સદા,સુબો દિલાવરખાન,

હે તે હિંમતખાન જોવા ચશ્મા ચહે,
જોવા ચશ્મા ચહે,જોડી સુખી રહે.

**(૧) ડેમ**

અહી વિલિંગ્ડન ડેમની વાત કરવામાં આવી છે, જે ડેમ આપણા જૂનાગઢના કોન્ટ્રાક્ટર વસ્તા લાધાએ બાંધ્યો છે, જે ડેમ બ ાંધવાનો પ્લાન ઈ.સ.૧૯૨૮–૨૯માં તૈયાર કરવામાં આવ્યો હતો જેનો પાયો નવાબ મહાબતખાનજી ત્રીજાના હસ્તે તા.૧ ૧–૫–૧૯૨૯ના રોજ નંખાયો અને તેનું ઉદઘાટન તા.૧૦–૧–૧૯૩૬ના રોજ કરવામાં આવ્યુ હતું.

**(૨) ઇલ્કાબ**

આવા ઈલ્કાબો નવાબ મહાબતખાનજી બીજાના સમયથી મળવાની શરૂઆત થઈ હતી,એ પ્રસંગ પણ ધામધૂમ અને દબદ બાપૂર્ણ ઉજવવામાં આવતો હતો,આ ઈલ્કાબ દિલ્હી કે રાજકોટમાં ગવર્નર જનરલ કે પોલીટીકલ એજન્ટના હાથે અન્ય રા જા મહારાજાઓના હાથે પહેરાવવામાં આવતો હતો.નવાબ મહાબતખાનજી બીજાને ઈલ્કાબ મળ્યો તેનો દેખાવ આ પ્રમા ણેનો હતો."આ ચાંદ કે ઈલ્કાબ સોનાનો અને લંબગોળ આકૃતિનો હતો,વચ્ચે કીરમચી રંગના અકીકના ચકતામાં રાણીસા હેબ(વિકટોરિયા)ની મનોહર તસ્વીર છે અને તન ફરતી સોનાની કિનારી છે અને તેની ફરતી પટીમાં અંગ્રેજી અક્ષર છે આ અક્ષરની નીચે બ્લુરંગનો અકીક છે,તે અક્ષરો ઝીણા હીરાની જડતરના કરવામાં આવ્યા છે તેના ઉપર સોનાની કિનારી છે અને તેની ચારેય બાજુએ સોનાના ફૂલ છે,ચાંદીની કડી ઉપર એક પંચકોણી ચાંદીનું ફૂલ છે,ચાંદીની અંદરના અંગ્રેજી અક્ષર નો અર્થ "પરમેશ્વરનો પ્રકાશ સાથેનો સાથે રાખવો "એવો છે તે સાથે બીજો એક તારો છે જેમાંના ચાંદીના ગોળ ચકતા ઉપ ર પંચકોણનું ફૂલ છે તે પછીની ફરતી પટીમાં ઝીણા હીરામાં અક્ષરો કોતર્યા છે અને તેની પછી ચાંદીની લાંબી લાંબી હારો છે જે કિરણ જેવી દેખાય છે."

**(૩)યાત્રાળુના કર**

જૂનાગઢ રાજયમાં અનેક તિર્થસ્થળો આવેલા હતા,જેમાં ગિરનાર,દામોદર કુંડ,પ્રાચી વગેરે સ્થળોએ યાત્રાળુ પાસેથી મુંડક ાવેરો લેવાતો હતો તે નવાબ મહાબતખાનજી ત્રીજાએ ગાદીએ બેસતી વખતે બીજા દિવસથી તા.૧–૯–૧૯૨૦થી યાત્રાવે રો બંધ કરવાની જાહેરાત કરી હતી અને બંધ કર્યો હતો,તેથી હજારો યાત્રાળુ વગર વેરાએ દર્શન કરવા અને સ્નાન કરવા આવવા માંડયા,જોકે આ વેરાની આવકમાંથી નવાબે ગિરનાર ઉપર સુંદર વ્યવસ્થા ગોઠવી હતી તે વેરો બંધ કરતા પણ એ વી જ સારી સગવડતાઓ રાજયના ખર્ચે ચાલુ રાખી હતી.

**(૪)કાઉન્સિલ**

રાજયએ વહીવટમાં પાદર્શિતા લાવવા અને સચોટ અને અસરકારક બનાવવા માટે રાજયએ કાઉન્સિલ નીમી હતી જેમાં બ્રિ ટીશ અધિકારી હાર્વે જોન્સ અને અન્ય અમીરો અને શાણા ડાહયા રાજપુરૂષો અને વેપારીઓ રહેતા હતા.

**(૫)કૃષિના કરો**

નવાબ મહાબતખાનજી ત્રીજા જયારે ઈ.સ.૧૯૨૦માં ગાદીએ બેઠા ત્યારે તેમણે ખેડૂતો ઉપર દયા રહેમ કરીને તેનું દેવું મા ફ કરવાની જાહેરાત કરી હતી ,તે અનુસાર તા.૩૧–૮–૧૯૧૮ સુધીનું ખેડૂતોનું લેણું માંડવાળ કરવામાં આવ્યું હતું ,જોકે આ લેણામાં તગાવી,પટેલાઈનું નજરાણુ,દંડના લેણા,ઈજારદારના લેણા માફકરવામાં આવ્યા નહોતા.

(૮૧) સુરેન્દ્રદાસ નૃ.વૈષ્ણવ–જૂનાગઢ
કોણ કરે રસથાળ,આજ કોણ ઘરે રસથાળ,
ઉત્સવ ભીના માનવ જોઈ,અલ્લાહ એજ પુરાવે,
ધન્ય દીન અવસર લેખી,મૂક પ્રાણી૧ને ઝુલાવે,
ગગનગામી ઔદાર્યમાં એ,શશીકર સુમી લાવે,
બાપુના એ પરમ ભાગ્યમાં,રજત ઓચ્છવ સુહાવે,
દિવ્યોત્સવમાં મંડપ સઘળો,પ્રજા પ્રેમે લીપાવે.

**(૧)મૂક પ્રાણી**

નવાબ મહાબતખાનજી ત્રીજાને પ્રાણીઓ પાળવાનો ગજબ શોખ હતો એટલે તો તેણે સરદારબાગમાં તૃણાહારી પશુપક્ષી ઓ વાળો ફેન્સીબાગ બનાવ્યો હતો, મૂક પ્રાણીઓને ખૂબ લાડ લડાવતા વહાલા કૂતરાઓ માંદા પડે તો રાતની રાતો જાગી બેસી રહેતા કૂતરાના તાવ મપાતા અને ઝાડો પણ ડોકટર તપાસતો અને કેનલ ડિપાર્ટમેન્ટમાં કૂતરાઓના સ્પેશ્યલ ડોકટર રહેતા અમુક કૂતરાઓ આલીશાન પલંગમાં પોઢતા અને સોનાના હાર પણ પહેરાવતા,કૂતરાના સ્પેશ્યલ પાવડર અને સા બુ મંગાવવામાં આવતા હતા.નવાબની કૂતરાઓ પ્રત્યેની આ પ્રિતીના પુરાવાઓ આપતા બધાજ આધારો આજે પ્રાપ્ત થયા છે ત્યારે આપણને આજે તેમનો મૂક પ્રાણી પ્રત્યેનો પ્રેમ સમજાય છે,તેમના રાજયમાં જૂનાગઢમાં જીવદયા મંડળ સ્થપાયું હ તુ અને ડબામાં માં પુરેલા ઢોરને પણ પાણી કે ખાવાનું બરાબર ટાઈમે મળે છે કે નહી તેની તપાસ રાખવામાં આવતી. ટૂંક માં તેમના રાજયમાં મૂક પ્રાણીઓ પ્રત્યે ખૂબ ધ્યાન અપાતું તેનો કવિએ અહી ઉલ્લેખ કર્યો છે.(આ બાબતે વધુ વિગતે જાણ વા જૂઓ મારો લેખ "નવાબનો શ્વાન પ્રેમ")

## (૮૨) જીવણલાલ–જૂનાગઢ

સરસ્વતી ગુણપતિ કયુર જાટી,ધ્યાન લગાય બાબી જસ બરન કરું,
સદા કર હું મમ સહાય,કેવા નર કરમી હુવા મહોબત કે કૂળ માંય,
વિવેકે વર્ણન કરું પુરન પ્રેમ લગાય,આંબે કેરી ઉપજે થોરે કદી ન થાય,
પરાક્રમી નર પાકિયા મહોબત કે કૂળ માંય,વળી દાની શૂરવીરના ગુણઅરની સવાય,
કજુંસની કવિતા કદી જૂઓ નથી જગમાં કદી,શ્રેષ્ઠ દેશ સૌરાષ્ટ્ર શ્રેષ્ઠ સોરઠ સરકાર,
શ્રેષ્ઠ શાહજાદો જે શ્રેષ્ઠ દિલાવર દાતાર,પ્રજા પાળે[૧] પુત્ર ધન નિપુણ ઘેર રાય,
આપે ન્યાય અદાલતે સરખો સહુને સદાય,અવળાને સવળા કરે લખેલ વિધીના લેખ,
એમા મીન ન મેખ માલિક કાં મોબતો,સોરઠના સરકાર સમવાન દાની નૃપતિ,
કોબિયો,શાપુર અને વળી શેમ રાખી દાન,મે કવિક દિયો બારોટ વીસે વરસ બારા,
જગયુ સિધર જસ કિયો સેમરાળા,[૨]ગામ સધ્ધર  બાદરખાએ [૩]બગસીયો,
પસરખણ અવિચળ જગતમાં કામાઉત,મખર કીમો વડર થે વેરા સહિત આપ્યો,
પુત્ર પુત્રાદિક કર દયો સેમરાળા ગામ,સટે થળી અવિચળ થાપોઓ એ થળી,
ની બદલી કરીને ઈશ્વરિયા આપીયું,મહોબતખાન સરખો નર બિયો,
અગણિતરે ખેરાત ઉસકે રાજ મેં, અવિચળ ઘણી મન હરણ મોહબતખા,
નરે જસધરણ જૂનાણા ઘણી,બિરદ નિભાવે બાપરો શેહજા દાસ,
ઘંદા દાની દિલાવરખાન રેવે,ખેમ કુશળ રે ખુદા ઈશ્વર કૃપા સે,
મહારાજ પર આવે નહીં કદી આપદા,દોનદીન પ્રતિ બાંટેય દોલતી,
સતંતિ બાટે સરવદા, તે ખુદા તાલા ખલક મે,
એ વંશની વરધી કરો,કર જોર કે જીવન કવિ,
ઉતમ આશિષ ઉચ્ચારે ઈ ભામણ,ચારણ, ભાટને, આપે છે સદા,
એ રોજ અવિચળ શે એનું ખલક પર રે ખુદા,મહોબતખાન કે પૂણ્ય મહા પર,
બાપ થકી બેટા સવાયા,બાપ અને વળી બેટા તણી રહો,
કરોડ જૂના લગી અમર કાયા,જીવનલાલ કહે જગમાં નર આયા,
ભલા સરા દેશ દિપાયા,સામસ સોરઠનો ઘણી માલિક છે મજબૂત,
બાબી સમવડો બીજો  નહીં કોઈ રાજ કે, આવે રોજ અદાલતે [૪]રંકની સુણે રાવ,
બાબી બહાદૂરખાન રા કૂળ કો એ હી સ્વભાવ,સોરઠ સરકારની ઝપટ કોણ ઝાલે,
મોટરમાં માલે માંગણ તારો મોબતા,આ સૈકે તું સરીખો કરમી રાજા ન હોય,
માંગણને ઘેર મોટરું જૂનાગઢમાં જોય.

**(૧)પ્રજા પાળે પુત્રતણી**

નવાબ મહાબતખાનજી ત્રીજાએ પોતાના રાજયાભિષેકના સમયથી જ પુત્રસમ પ્રજાને પાળવાનું જાણે કે મનોમન નકકી કર્યુ હતું અને ગાદી સ્વીકારતી વખતે જ ઢગલાબંધ ઉદાર નવાજેશો કરી હતી.

**(૨)સેમરાળા**

સેમરાળા ગામ જૂનાગઢ રાજયના બગડુ મહાલમાં આવેલું હતું.

**(૩)બાદરખા**

બાદરખાએ નવાબ મહાબતખાનજી ત્રીજાના સસરા હતા અને જેઓ બાદરખા દાદાના નામે ઓળખાતા હતા.

**(૪)રોજ અદાલતે**

કાઠિયાવાડમાં વોકર સેટલમેન્ટ ઈ.સ.૧૮૦૭માં થયુ ત્યારથી મધ્યકાળની અંધાધૂંધી અને યુદ્ધો બંધ થયા અન શાંતિનો કાળ શરૂ થયો હતો તેમ કહી શકાય.ઈ.સ.૧૮૬૦માં ભારતીય દંડસંહિતાનો કાયદો ઘડાયો અને ન્યાયતંત્રમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા જે મૌખિક ન્યાય આપવાની પરંપરા હતી તેની જગ્યાએ લેખિત ન્યાય અપાવા માંડયા અને રાજાઓ પણ ન્યાય તોળવા બેસવા માંડયા તેમાં કાઠિયાવાડના બહુ ઓછા રાજાઓ રાજકોટની જેમ અદાલતે દરરોજ બેસતા તેમાંના એક જૂનાગઢના નવાબ મહાબતખાનજી ત્રીજા હતાં,જેઓ અમુક કેસ જોઈને તેને એમ લાગે કે આને અન્યાય થઈ રહયો છે તો તેનો ફરીવાર વિચાર કરવાની દીવાનને સૂચના આપતા હતા.

## (૮૩) ઉર્મિલાબહેન નાગરદાસ શુકલ– બેંક ઓફ ઈન્ડિયા,વેરાવળ.

જ ખંડ ભારતમાં વિશ્વમાં રમણિયને ફળદ્રુપ જે,

ત્યાં પ્રાંત છે સોરઠ તણો ફૂલવાડી સમ તે ખંડને,
એ ગામ જૂનાગઢ વિશે સરકાર સોરઠના વસે,
પાળે પ્રજા ખૂબ પ્રેમથી પિતા ઉછેરે પુત્રને,
તેની પ્રજામાં અમ આજ આનંદી છીએ અમ ઉરમાં,
જોતા સ્થિતિ અમ રાજયની આવા લડાયક કાળમાં,
નહિં ધાન્ય પણ પુર મળે ખાવા બીજાના રાજયમાં,
આનંદ કરતા અમ બધાના સોરઠ તણા આવાસમાં,
શું છે લડાઈ ?ખબરના ?આનંદમાં સૌ રાચીએ,
છે માન દેવુ ઘટે સોરઠ તણા સરકારને,
જયાં ભેદ ના છે હિંદુ કે મુસ્લિમ પણ સૌ એક છે,
તે રાજયનો શુભદિન જે અમ ભાગ્યમાં જેવો દીશે,
આવ્યા ઉજવવા તે સહર્ષે દિન રૂપક મહોત્સવે,
તે નામ મહોબતખાન જે રાખી સદાએ અમ પરે,
ના ભૂલતા અમ એજ પ્યારુ નામ અમ દિલ વસે,
હે ઈશ માંગુ આજ હું સરકારના આ ઉત્સવે,
સુવર્ણ અને હીરક નવા ઉત્સવ મળે સરકારને,
આયુષ્ય દીર્ઘ બને સદા કુટુંબ રાજય તણું સુખી,
ઉર્મિલ ઈચ્છે એટલું સુખ શાંતિ દે સોરઠ મહિ.

## (૮૪) જોશી કાનજી કાલીદાસ દેલવાડાકર– દેલવાડા.

સૌરાષ્ટ્રમાં જયુબીલી છે,બાબી મહાબતખાનની જો,
સમાન જનપદ રાજનીતિ, છે સોરઠ સરકારની જો,
દીર્ઘાયુષ સરકારનું કર,પ્રભુ ઈચ્છે સહુ,
નિષ્પક્ષ ન્યાયી નીતિથી ,સરકારી અમલ ચલાવજો,
સમૂહતંત્ર ધારાસભાના, તહનામા સંભાળીને,
જયુબીલીની યાદમાં,યશ કીર્તિને વધારજો,
જનપદ સમાન પંચાયતો,ધર્મ અર્થની રાખીને,
સાતવાહન ગુપ્ત યુગનું, સત્યયુગ પ્રગટાવજો,
સોમનાથ પ્રભાસક્ષેત્ર, પ્રાચી તુલસીશ્યામ સહુ,
ગિરના ગોરખ મચ્છેન્દ્ર,સિધ્ધ મુનીને ઉધ્ધારજો,
ગુપ્તપ્રયાગ ગિરનારને,શ્રી કૃષ્ણની મૂળ દ્વારકા,
સુરત,ભરૂચ,ખંભાત બારુ,દીવ દેલવાડુ ગણાવજો,
હસન ગંગુવંશના જયાં,હજરત દાવલશા સ્થાન છે,
શાહ વાલાના બગીચા,લીલા નાઘેરે રખાવજો,
ધર્મ અર્થ, કામના સૌ, કલેશ કજીયા સમાનતાથી,
રાજા પ્રજા સહકારથી,સૌરાષ્ટ્ર તંત્ર ચલાવજો,
બ્રાહ્મણોને નાગરો,ધર્મગુરુ આચાર્ય ગોરો,
ગૃહસ્થને ભિક્ષુક સૌના,ધર્મને દીપાવજો,
રાવ રાણા,ચાવડા,સોંલંકી,ગોહીલ,જામ,ઝાલા,
વાળા,બાબરિયા કાઠીના,સૌરાષ્ટ્રને શોભાવજો,
દશા, વીસા, પાંચા, સોરઠિયા,મોઢ છાપરિયા, કપોળો,
દેલવાડિયા, દિવેચા, વણિકો,પટ્ટણી ,ગઢિયા ગણાવજો,
બાબી, વહાબી, સૈયદો, તઘલક, લોદીને મોગલો,
શેખો, કાજી ,મુલ્લા, ફકીરો, શિયા, સુન્ની સનમાવજો,
ગાયકવાડી ચોથને,જોરતલબી એજન્સી વરાતે,
હુન્નરકળા ઉધોગ વિશ્વ વેપારને વધારજો.

## (૮૫) આદમભાઈ લલ્લુભાઈ મુનશી– જૂનાગઢ.

સોરઠ તણા સરકારની શુભ જયુબીલી ઉજવાય છે,
રમ્ય દિન ઈદ સમ દસશે ઘરઘર દીવાળી થાય છે,
ઠંડક પ્રજાના હૃદયમાં એકત્રીસ માર્ચ વીસથી,
સરકાર તખ્તનસીન ડે પુરાં છે વર્ષ પચીસથી,
રસિકને ગુણવાન મિત્ર ઘણે વર્ષે જો મળે,
કાર્ય છોડી મળે મિત્રો હર્ષના અશ્રુ સરે,
રસિક જયુબીલીનો જન્મ વીસ સનથી થયો છે,
મેળે આવી છે તે મળવા આજ આનંદ થઈ રહયો,
જણાવું પિસ્તાલીસ એકત્રીસ માર્ચ આજે છે શનિ,
રજત ઉત્સવ ઉજવવા આવી તે મંડપમાં ગમી,
સરકારના દર્શન કર્યા સરકાર ભેટયા પ્રેમથી,
રસ લુંટે દેખીને જનતા વ્યકિતઓ જોવા મથી,
મગ્ન થઈને આપે છે ચાંદી તેની તે હકદાર છે,
હા મળીશ ઉંમર પચાસે સુવર્ણે જડનાર છે,
બતાવુ જો સાંઠ વર્ષે આવવાનું રાખશે,
તને હીરાથી મઢાવે બધાને સંભારશે,
ખાત્રી પૂર્વક પ્રજા હિતના કાર્ય બાપુએ કર્યા,
નમે છે આવી જનતા ચિતડા સૌના હર્યા,
જીવન સુધાર્યા બાળના કંઈ મફત કેળવણી વડે,
બાણો લુંટારા પકડતાના નામ સરખા નવ જડે,
પુરા પ્રેમે પાણી મળવા ખેતરે નહેરો કરી,
ને કૂવાઓ ગળાવ્યા છે યોજના બોરીંગ ફળી,
શિખવા સાયન્સ આધુનિક ભણવા મોકલે,
લક્ષો ખર્ચીને મંગાવ્યા સાધનો જોઈ મન હરે,
વસીલે દાતારને સદભાગ્યથી ફાલ્યા ફળ્યા,
રહયુ મંડળ આપ્ત નીરખી દીલ આનંદે ઠર્યા,
જયુબીલી મંડપ દીપે છે અવનવા સાધન મળ્યા,
બિરાજયા છે શાહ શાહજાદાઓથી ચિતો હર્યા,
લીધો લ્હાવો આજ દર્શન છે દિલાવરખાનના,
મુખ્ય પ્રિન્સો સાથમાં દર્શન છે હિમંતખાનના,[૧]
બાજુમાં છે દીવાન,અબ્રેહાની સૌ મેમ્બર દીસે,
રહયા મહેમાનો દીપી આવ્યા છે આ જલ્સા વિશે,
કહો બાપુને જયુબીલી મુબારક હો સૌ મુખે,
હો ખુદા મંજૂર કરે આદમ અરજ છે વીણ ચૂકે.

**(૧)હિંમતખાનજી**

હિંમતખાનજી એ નવાબ મહાબતખાનજી ત્રીજાના શાહજાદા હતા તેમનો જન્મ તા.૧૬–૨–૧૯૨૪ના રોજ એમણાબીબી ની કુખે થયો હતો, તે સારા દોડવીર અને રમતવીર હતા.જે ઘણી વાર જૂનાગઢની બજારમાં સાઈકલ ઉપર ફરવા નીકળી પડતા હતા,તો કોઈવાર મારમાર કરતા મોટર સાઈકલ ઉપર પવનવેગે જતા બજારમાં સોપો પડી જતો તેવા અલ્લડ હતા તેમ તેમને જોનારા વૃધ્ધો કહે છે.

## (૮૬) કવિ અમરાભાઈ ભૂરાભાઈ – ગોરવીયાળી.

તેગ એસી તેજ નર અવર નમાવ્યા,
તેગ દેગ તપાર એહી લીધી ગઢ જૂને,
આયા મપત કીધી ઝેર પણ કીધુ રંજાડયા તેજવંત તલવાર,

કેંકને પછાડયા સર સોરઠ થઈ સમશેર મેળવી જીત મેદાનની,
કવિ અમરેશ એસે કરે ઈતો ખડગ મહાબતખાનની,
ગઢ જૂના તણી થાય નહિં ગણતરી અવર રાજ ગણાણા એઠમાં,
માગશરે માવઠું કર્યુ હશે મોરથી જબ્બર ઓવાળ પણ તણાણા જેઠમાં
સોરઠ સરકારની  સાંભળો સાહેબા મહોબતખા બંકા તણી અશ્રિમતિ,
વાર્ષિક રોકાણ કંઈક વાપર્યા ગામના ગામ દઈ થાપીયા ગઢપતિ,
આઈ નાગબાઈ આપની ચડતી કળા કાયમ રાખે એવી આશિષ.





યુવરાજ દિલાવરખાનજી મહાબતખાનજી - જૂનાગઢ



યુવરાજ દિલાવરખાનજીના શાહબેગમ




જૂનાગઢ રાજયનો શાહીધ્વજ તથા રાજચિન્હ



જૂનાગઢ રાજયનું શંકર પાર્વતી ગણેશજી વાળું સહિષ્ણુતા સૂચક ચાંદીનું તાળું અને પેટી



ઉમરાવ મંઝીલ (સરદાર બાગ– જૂનાગઢ





નવાબે બંધાવેલી નાટયશાળા, સરદારબાગ, જૂનાગઢ



સિલ્વર જ્યુબિલી પ્રસંગે નવાબ મહાબતખાનજીની ચાંદી તુલા – જૂનાગઢ





તા. ૩૧-૦૩-૧૯૪૫ ના રોજ સિલ્વર જ્યુબીલી પ્રસંગે નવાજેશો જાહેર કરતા નવાબ મહાબતખાનજી ત્રીજા


H H THE NAWÂB OF JUNÀGADH



# પ્રાચીન ભારતના વિદેશીયાત્રી




: લેખક :


પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

# ગિરનારનો ઈતિહાસ

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર




તવારીખ
પ્રદ્યુમન ભ. ખાચર
Shukla

# કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ



ભાયાવાળા
બગસરા



આલાખાચર
જસદાણ





રાવતવાળા
બિલખા



નાજાવાળા
બિલખા

લેખક :- પ્રદ્યુમ્નકુમાર ભગુભાઈ ખાચર

# ગ્રંથો અને શિલાલેખો

✣ સંયોજક ✣
પ્રા. પ્રદ્યુમ્ન ભ. ખાચર

✣ પ્રકાશક ✣
સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ
જૂનાગઢ.

# ઇતિહાસ સુમન



: લેખક :

પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર

# કાઠીયાવાડ ના રાજવીઓ



પ્ર. ભ. ખાચર
પી. આર. મારૂ

# ઈતિહાસ એટલે ?




પ્રદ્યુમ્ન ભ. ખાચર

# સૌરાષ્ટ્ર-ગુજરાત ના શાસકોની વંશાવળીઓ

: સંયોજક :


પ્રા. પ્રદ્યુમ્ન. ભ. ખાચર

પ્રકાશક

સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદ

જૂનાગઢ.


કાઠિયાવાડ સર્વસંગ્રહ
THANA DEVLI STATE
KATHIAWAR
કર્નલ જે. ડબલ્યુ. વૉટસન


કાઠીઓ અને કાઠિયાવાડ
પ્રા. ડૉ. પ્રદ્યુમ્ન ખાચર

# ભૂચર મોરીની લડાઈ




: લેખક :
પ્રા.પ્રદ્યુમ્ન બી. ખાચર

# સોરઠની વિદ્યાપીઠ બહાઉદ્દીન કોલેજ







લેખક : પ્રા. પ્રદ્યુમ્ન ભ. ખાચર